**આજનો સુવિચાર**

સુખી જાતે જ થવું પડે, દુ:ખી તો ગમે તે કરી જાય!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૭૮ જૂનાગઢ તા.૦૭-૧૧-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 278, Junagadh : Date : 07 November, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# સુરતમાં જીમમાં આગ લાગવાથી બે સ્પા ગર્લનાં મોત ફાયર એનઓસી નહોતું : તો રાજકોટવાળી થાત

સુરત તા. ૭
સુરતમાં ગતરાત્રીનાં સમયે સીટી લાઈટ વિસ્તારમાં આવેલા ફોર્ચ્યુન મોલમાં અમૃતયા સ્પા અને જિમ-૧૧માં આગ લાગવાની ઘટના બની હતી. આગ જિમમાં લાગી હતી પણ તેનો ધુમાડો સ્પા સુધી પહોંચ્યો હતો.જેના કારણે ગૂંગળામણથી બે સ્પા ગર્લના મોત થયા હતા. ઉલ્લેખનીય છે કે જિમમાં પાર્ટિશન કરીને સ્પા ચલાવવામાં આવતું હતું. આ બાબતે NOC લીધી હતી કે કેમ તે અંગે ફાયર અધિકારીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે તેની અમને ખબર નથી.

જિમ-૧૧માં મીટર પેટીમાં આગ લાગતા તેનો ધુમાડો અમૃતયા સ્પામાં પહોંચ્યો હતો. ધુમાડો નીકળવાનું શરૂ થતા સ્પાની ૪ મહિલા કર્મચારી અને એક વોચમેન ઘટના સમયે હાજર હતા. વોચમેન અને બે યુવતી બહારની તરફ દોડી ગયા હતા અને બે યુવતીઓ સ્પાના બાથરૂમમાં જતી રહેતા ગૂંગળામણના કારણે તેમનું મોત થયું હતું.

આગ લાગી ત્યારે સ્ટાફના ૫ લોકો હાજર હતા, જેમાં ચાર મહિલા અને એક વોચમેન હતો. ધુમાડો નીકળતાંની સાથે જ બે મહિલા અને વોચમેન બહારની તરફ ભાગ્યા હતા. જ્યારે બે સ્ટાફની મહિલાઓએ અંદરની તરફ ભાગીને બાથરૂમનો દરવાજો લોક કરી દીધો હતો, જેથી ધુમાડો ન આવે. પરંતુ, વધુ પડતી હિટને કારણે સ્મોક ફેલાયો હતો. ગૂંગામણના કારણે બંને સ્પા મહિલા કર્મચારીઓનું મોત થઈ ગયું હતું. શરીર ઉપર દાઝ્યાના કોઈ નિશાન નથી માત્ર ગુંગળામળને કારણે મોત થયું છે. આખા મોલનો આગળનો ભાગ બંધ છે. મોલનું બાંધકામ જ એ પ્રકારનું છે કે, કોઈપણ પ્રકારે હવાની અવરજવર થઈ શકે તેમ નથી અને આ કારણોસર જ આગ લાગ્યા બાદ ધુમાડો અંદર જ રહ્યો હતો.

જે રીતે કોમ્પ્લેક્સ નું સ્ટ્રક્ચર છે અને જ્યાં ઘટના બની છે તે જોતા ઘણી બધી ક્ષતિઓ સામે આવી રહી છે. મહત્વની બાબત એ છે કે, જિમમાં આગ લાગ્યા બાદ સ્પા સુધી તેનો ધુમાડો ગયો હતો. જિમનાં પાર્ટીશન કરીને ઉપરના ભાગે અમૃતયા સ્પા એન્ડ સલૂન ચલાવવામાં આવી રહ્યું હતું. તેને કાયદેસરની પરવાનગી લેવામાં આવી હતી કે કેમ તે મહત્વની બાબત છે. જિમ ઓનરનું નામ શાહ નવાઝ અને સ્પા ચલાવનારનું નામ વસીમ હોવાનું સામે આવી રહ્યું છે. તેમણે સ્પા ચલાવવાની પરવાનગી લીધી હતી કે, કેમ તે તપાસનો વિષય છે. ઝોનલના અધિકારીઓ આ બાબતે હજી કોઈ સ્પષ્ટતા કરી રહ્યા નથી. મોડી રાતે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. અધિકારીઓને જિમ અને સ્પા બંને એકસાથે ચાલતું હતું તે અંગેની માહિતી છે કે કેમ અને ઓન રેકોર્ડ કેવી રીતે તેમને પરમિશન લીધી છે તે પણ એક તપાસનો વિષય છે. દરમ્યાનમાં આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ જે સ્થળે આગ લાગી તે જીમમાં એકઝીટ જ ન હતી. તેમજ આ ઘટનામાં ફાયર વિભાગની બેદરકારી બહાર આવી છે. જીમ પાસે ફાયર એનઓસી જ નહોતી જેના માટે નોટીસ પણ પાઠવવામાં આવી હતી. રાજકોટની ઘટના બાદ ચેકીંગ કરવામાં આવ્યું હતું ત્યારે ફાયર એનઓસીની તારીખ પુર્ણ થઈ ગઈ હતી ત્યારબાદ શું થયું તેની અધિકારીઓને જાણ નથી. ફાયર સેફટીનાં નિયમોનું પાલન કરીને ફાયર એનઓસી રીન્યુ છે કે કેમ તે વિષે કોઈ માહિતી નથી. છેલ્લા બે વર્ષથી જીમ ફાયર એનઓસી વગર જ ચાલતુ હોવાનું બહાર આવ્યું છે.

## ૯ રાજયમાં ભારે વરસાદનું એલર્ટ : ચક્રવાતનો ખતરો

નવી દિલ્હી તા. ૭: દિવાળી પછી દેશભરમાં વાતાવરણ બદલાયું છે. સમગ્ર ભારતમાં ઠંડીએ તેની અસર દેખાવાનું શરૂ કરી દીધું છે. દરમિયાન, હવામાન વિભાગે ફરી એકવાર ચક્રવાતી તોફાન સક્રિય થવાનું એલર્ટ આપ્યું છે. બંગાળની ખાડીમાં સાયક્લોનિક સરકયુલેશન બની રહ્યું છે. તેના કારણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે અને દરિયાકાંઠાના રાજ્યોમાં વરસાદ પડશે. વાવાઝોડાની સાથે વીજળી અને કરા પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે. આવી સ્થિતિમાં ચક્રવાતી તોફાન ફરી એકવાર તબાહી મચાવવા માટે તૈયાર છે. હવામાન વિભાગે દક્ષિણ ભારત અને ઉત્તર ભારતના રાજ્યોમાં ૧૨ નવેમ્બર સુધી વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

## જમ્મુ-કાશ્મીર વિધાનસભા ગૃહમાં કલમ ૩૭૦ મુદે ભારે ધમાસાણ : ધારાસભ્યો વચ્ચે મારામારી

શ્રીનગર તા. ૭
જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં આજે સવારે ગૃહ શરૂ થતાં જ કલમ-૩૭૦ની વાપસી મામલે શાસક અને વિપક્ષના ધારાસભ્યો વચ્ચે ભારે ધક્કામુક્કી અને ઝપાઝપી થતાં શરમજનક દ્રશ્યો જોવા મળ્યા હતા. ૩૭૦ મામલે એક બેનર બતાવવામાં આવ્યા બાદ હંગામો શરૂ કરવામાં આવ્યો હતો. ગૃહની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરમાં નવી સરકારની રચના બાદ ફરી કલમ ૩૭૦નો મુદો ચગ્યો છે અને આજે જમ્મુ-કાશ્મીર વિધાનસભા ગૃહમાં આ મુદે પીડીપીના સભ્યોએ કલમ ૩૭૦ની પુનઃ સ્થાપના મુદે પોષ્ટર દર્શાવતા અને સૂત્રોચ્ચાર કરતા ભાજપના સભ્યોએ તેનો વિરોધ કરતા વિધાનસભા શાસક- વિપક્ષના સભ્યો વચ્ચે જબરી અથડામણ અને મારામારી થઈ હતી. લગભગ ૧૦ મીનીટ સુધી ગૃહમાં ખુલ્લા હાથની મારામારી અને એકબીજા પર હુમલા થતા રહ્યા હતા. લોકસભાના સાંસદ એન્જીનીયર રશીદના ધારાસભ્ય ભાઈ ખુર્શિદ અહેમદ શેખે કલમ ૩૭૦ અંગે બેનર પોષ્ટર લગાવ્યા દેખાડતા મામલો બીચકયો હતો.

વિપક્ષના નેતા સુનિલ શર્માએ તેનો વિરોધ કરતા તેમને ઘેરી લેવાયા હતા અને જબરો હંગામો થયો હતો અને સભ્યો ગૃહની મધ્યમાં ધસી આવ્યા હતા તથા ખુલ્લા હાથની મારામારી થઈ હતી. માર્શલે મામલો શાંત પાડવા કોશિષ કરી હતી પણ ભાગ્યે જ કોઈ ફર્ક પડયો હતો. વિધાનસભા અધ્યક્ષે ૧૫ મીનીટ સુધી ગૃહ મુલત્વી રાખ્યુ હતું. પણ ત્યારબાદ આ પ્રકારના દ્રશ્યો જોવા મળ્યા હતા. બાદમાં માર્શલે તમામને બહાર કાઢયા હતા અને મામલો શાંત કરવા કોશીશ કરી હતી.

## મોંઘવારીનું તાંડવ નૃત્યઃ ડુંગળી, બટેટા, ટમેટાનાં ભાવ આસમાને પહોંચ્યા : રસોડાનાં બજેટ ખોરવાયા



મુંબઈ, તા.૭: દેશમાં ઓકટોબર માહેનામાં શાકભાજીના ભાવમાં વધારો થયો હતો. જેના કારણે શાકાહારી અને માંસાહારી બંને પ્રકારના ઘરમાં બતાવવામાં આવતું ભોજન મોંઘુ થઈ ગયું છે, તેમ એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે.

રેટિંગ એજન્સી ક્રિસિલના એક વિભાગે કહ્યું કે શાકાહારી થાળીની કિંમતો ગત વર્ષના સમાન ગાળાની તુલનામાં ૨૦ ટકાથી વધીને ૩૩.૩ ટકા પ્રતિ થાળી થઈ ગઈ છે, અને સપ્ટેમ્બરમાં ૩૧.૩ રૂપિયાથી વધુ થઈ ગઈ, જેનું મુખ્ય કારણ એ છે કે શાકભાજીના ભાવમાં ઉછાળો આવ્યો છે.

માસિક 'રોટલી ચોખા દર' રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઓક્ટોબર મહિનામાં ડુંગળીના ભાવમાં ગત વર્ષની તુલનામાં ૪૬ ટકાનો વધારો થયો છે, જ્યારે બટાકાની કિંમતોમાં ૫૧ ટકાનો વધારો થયો છે, જેનું મુખ્ય કારણ સતત વરસાદ છે, જેના કારણે આવક ઓછી થઈ અને મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ડુંગળી-બટાકાના પાકને અસર થઈ હતી.

આ રિપોર્ટમાં એમ કહેવામાં આવ્યું છે કે, ટામેટાની કિંમતો એક વર્ષ પહેલાના સમાન ગાળામાં ૨૯ રૂપિયા પ્રતિ કલોગ્રામથી બમણી થઈને રૂપિયા ૬૪ પ્રતિ કિલોગ્રામ થઈ ગઈ છે, કારણ કે વરસાદને કારણે આવક પ્રભાવિત થઈ છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશમાંથી પુરવઠાની સાથે નવેમ્બરમાં આ વસ્તુઓની કિંમતો સ્થિર રહેવાની શકયતા છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, શાકભાજીની કિંમતોનો કુલ થાળીના ખર્ચમાં ૧૦ ટકા ભાર હોય છે, અને એટલા માટે ઉતાર-ચઢાવે કુલખર્ચનો પ્રભાવિત કર્યો છે. આ સાથે, રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે કે, ઘરમાં બનતી માંસાહારી થાળીની કિંમતો ઓકટોબરમાં ૬૧.૬ રૂપિયા હતી, જ્યારે એક મહિના પહેલાના સમાનગાળામાંઆ ૫૯.૩ રૂપિયા અને એક વર્ષ પહેલાના સમાન ગાળામાં ૫૮.૬ રૂપિયા હતી. શાકભાજીની કિંમતો, જે માંસાહારી થાળીના ખર્ચનો ૨૩ ટકા હિસ્સો છે. આમ, શાકભાજીના ભાવમાં વધારો થતા શાકાહારી અને માંસાહારી ખાવાનું મોંઘુ બન્યું છે.

## મોંઘવારી હજુ ચિંતાજનક સ્તરે છે : રીઝર્વ બેંક

મુંબઈ,તા.૭ : ખાદ્યચીજોની મોંઘવારીમાં કોઈ રાહત મળતી નથી ત્યારે રીઝર્વ બેંકનાં ગવર્નર શકિતકાંત દાસે પણ ચિંતા દર્શાવી છે. જોકે મોંઘવારીને કાબુમાં લેવા મજબુત અને ઝડપી કદમ ઉઠાવવાની તૈયારી હોવાનું સ્પષ્ટ કર્યુ હતું. રિઝર્વ બેંકનાં ગવર્નરે કહ્યુ કે, બદલાતા વૈશ્વિક માહોલમાં પણ ભારતીય અર્થતંત્ર મજબુત છે. આર્થિક વિકાસને લગતા આંકડા મિશ્ર પ્રકારના છે. છતા નેગેટીવ કરતા પોઝીટીવ હેકટર વધુ છે. મોંઘવારી તથા વૈશ્વિક પડકાર વચ્ચે પણ રીઝર્વ બેંક નાણાંકીય સ્થિરતા જાળવી રાખયા માટે પ્રતિબદ્ધ છે.

## ટ્રમ્પનાં વિજયથી ભારતનાં દુશ્મન દેશોનાં પેટમાં તેલ રેડાયું



નવી દિલ્હી, તા.૭: અમેરીકાનાં પ્રમુખપદની ચૂંટણીના પરિણામો સમગ્ર વિશ્વને પ્રભાવિત કરી શકે છે, ટ્રમ્પના સંબંધો વિશ્વના નેતાઓ સાથે કેવા રહેશે તે અંગે અટકળો ચાલી રહી છે. ટ્રમ્પ યુદ્ધ અટકાવી શકશે કે નહીં, ટ્રમ્પની વિદેશ નીતિ શું હશે, ઈરાન અને ચીન સાથે અમેરિકાના સંબંધો કેવા હશે તેની ચર્ચા કલાકો સુધી થઈ શકે છે.પરંતુ ટ્રમ્પની જીતની ભારતના 'દુશ્મનો' પર શું અસર પડશે શું ટ્રમ્પ ભારતના દુશ્મનો સાથે કડક વ્યવહાર કરશે અથવા બિડેન વહીવટીતંત્રની જેમ રાજદ્વારી રમતો રમશે ? વાસ્તવમાં અત્યારે જો પાકિસ્તાનને એક બાજુ છોડી દઈએ તો ભારતના ત્રણ સૌથી મોટા દુશ્મન ચીન, બાંગ્લાદેશ અને કેનેડા છે.

આ યાદીમાં બાંગ્લાદેશનું નવું નામ ઉમેરવામાં આવ્યું છે અને તેના ભારત વિરોધી બળવા પાછળ અમેરિકાનો હાથ હોવાનું માનવામાં આવતું હતું, હવે જ્યારે થોડા મહિનામાં અમેરિકામાં સત્તા પરિવર્તન થવાનું છે ત્યારે અમેરિકા તેની સાથે કેવું વર્તન કરશે બાંગ્લાદેશ બીજી તરફ, ચીનને લઈને ટ્રમ્પની વ્યૂહરચનાનું અનુમાન લગાવવું મુશ્કેલ નથી, તેઓ તેમના પ્રથમ કાર્યકાળ કરતાં વધુ કડક વલણ અપનાવી શકે છે, જ્યારે કેનેડાનો ખાલિસ્તાની એજન્ડા આ રીતે ચાલુ રહેશે કે તેના પર અંકુશ આવશે ?

## સમાચાર રાઉન્ડ અપ

- પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને કેબીનેટની મંજુરી : વિદ્યાર્થીઓને વ્યાજબીદરે એજયુકેશન લોન મળશે
- દેશમાં ચાલુ વર્ષે ૧૬૪૭ લાખ ટન ખાદ્યાનનું ઉત્પાદન
- ભડકાઉ ભાષણ આપવાનાં મુદે અભિનેતામાંથી રાજકારણી બનેલા મિથુન ચક્રવર્તી સામે એફઆઈઆર દાખલ કરાઈ
- તા.૪ નવેમ્બરે એક જ દિવસે ૧.૨ કરોડથી વધુ લોકોએ રેલ્વેનો પ્રવાસ કર્યો : રેકોર્ડ
- વેશ્યાઓ સાથે સંબંધ બનાવનારને અમેરીકા ચલાવશે : કોંગ્રેસનાં નેતા મણિશંકર ઐય્યરની ટીપ્પણીથી વિવાદ
- ઓકટોબરમાં ગુજરાતમાં ૨.૯૪ લાખ વાહનોનું વેચાણ થયું
- બીજા લગ્ન પહેલી પત્ની માટે ક્રુરતા સમાન : વળતર આપવું પડશે : મદ્રાસ હાઈકોર્ટનો ચુકાદો
- સીબીએસઈ બોર્ડની મોટી કાર્યવાહી ૨૧ શાળાઓની માન્યતા રદ


શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
**ઓપરેશન કરાવતા પહેલા**
**આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ**
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
**(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)**
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

**નૂતન વર્ષાભિનંદન**
રાજુભાઈ
મો. ૯૮૭૯૫ ૭૪૬૬૬, ૭૪૩૯૨ ૦૨૦૨૦

**ક્રિષ્ના**

સિમેન્ટ પ્રોડકટ એન્ડ સેનેટરી વેર્સ
ધોરાજી રોડ, ઓકટ્રોઈ નાકા, જૂનાગઢ - ૩૬૨૦૩૭ (ગુજરાત)
ફોન : (૦૨૮૫) ૨૬૬૧૯૯૯

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
CARE+ LABORATORY
**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

માત્ર 749/- કિંમત 2870/-

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - શરીરમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

માત્ર 1349/- કિંમત 5060/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.


Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો





**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
**મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
**મો.૯૩૭૬૬૦ ૫૫૯૨**


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**


"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઇજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.


"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રર્વતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.


"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.


"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાના લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

**KHUSHI WELNESS** Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુ:ખાવા તથા સાંધાના દુ:ખાવા કમર, ઘુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૬૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

# જૂનાગઢમાં સમસ્ત હિન્દુ ધોબી સમાજ યુવક મંડળ દ્વારા ૨૨મો વિદ્યાર્થી સન્માન સમારોહ તથા સ્નેહમિલન સમારોહ યોજાયો






## સાયબર ક્રાઈમ વિશે માહિતી આપી : જ્ઞાતિની વાડીના રીનોવેશન માટે રૂપિયા ૬૬૦૦૦નું અનુદાન મળ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ શહેર સમસ્ત હિન્દુ ધોબી સમાજ યુવક મંડળ દ્વારા ૨૨માં સરસ્વતી સન્માન સમારોહ તારીખ ૩-૧૧-૨૦૨૪ના રોજ મયારામ દાસજી આશ્રમ ખાતે ડો. ચંદ્રિકાબેન યોગેશભાઈ ચુડાસમા, હરેશભાઈ ગોંડલીયા બાટવા, શ્રેયાંશભાઈ વાઘેલા સિવિલ એન્જિનિયર રાજકોટ, ધવલભાઈ પરમારના વરદ હસ્તે દીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલો હતો. ધોબી સમાજના ગુજરાતના ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨માં એક થી ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરેલ હતું અને જૂનાગઢના એક થી કોલેજ કક્ષામાં અભ્યાસ કરનાર સ્કૂલ ૧૬૦ વિદ્યાર્થીઓને સન્માન પત્ર તથા શિલ્ડ આપી સન્માન કરેલ તેમજ ધોબી સમાજના પોલીસ ખાતામાં નામના મેળવનાર વિજયભાઈ ડી. વાઘેલા, પી.એસ.આઇ રાણાવાવ, શીરીશભાઈ એ. ચુડાસમા, એ.એસ.આઇ રાષ્ટ્રપતિ ચંદ્રક સન્માનિત, સંજયભાઈ ડી. વાળા, એ.એસ.આઇ પોલીસ ગોંડલ, વિરલભાઈ આર. દુસારા જેલ પોલીસ સુબેદાર વડોદરા, અનિલભાઈ ગોહેલ, સી.આર.પી.ઓફ કેન્દ્ર રીઝર્વ પોલીસ રાંચી ઝારખંડને જૂનાગઢના પી.આઈ વત્સલ સાવજ તથા મનસુખભાઈ વાજાના હસ્તે સન્માનિત કરવામાં આવેલ હતા. આ ઉપરાંત જૂનાગઢ સાયબર ક્રાઈમ ગુજરાત પોલીસ દ્વારા જે સાયબર ફ્રોડ થાય છે તેનાથી બચવા શું કરવું તેમજ તેમનો ભોગ બને તો શું કરવું હાલમાં મોબાઈલ દ્વારા જે બેંકમાંથી પૈસા ઓટીપી દ્વારા ઉપડી જાય છે જે ફ્રોડ થાય છે તેનાથી બચવા માટે પી. આઈ. માવદિયા તથા શ્રી જોશી દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ પ્રસંગે જૂનાગઢ ગોમતી માંની જગ્યાના રેનોવેશન માટે સુશીલાબેન છોટાલાલ શાહ દ્વારા રૂપિયા ૫૧૦૦૦, ચુનીભાઈ પરમાર(પટેલ)(અમદાવાદ) તરફથી ૫૧૦૦, કનુભાઈ સોલંકી દ્વારા ૫૧૦૦ સ્વ. રવજીભાઈ લક્ષમણભાઈ વાળા હસ્તે, ગ.સ્વ. શાંતાબેન રવજીભાઈ વાળા જેતપુર દ્વારા ૫૧૦૦ જાહેર કરવામાં આવેલ હતા. આ પ્રસંગે મામલતદાર રાજેશભાઈ પરમાર, ધીરૂભાઈ ગોહેલ ધોરાજી, મનસુખભાઈ જેઠવા, રમેશભાઈ ગોહેલ જેતપુર, રમણીકભાઈ મોડાસિયા, મીનાબેન દૂસારા રાજકોટ, ધીરુભાઈ મારુ અમરેલી, રમેશભાઈ ચુડાસમા જાફરાબાદ, નરોતમભાઈ પરમાર, મેહુલભાઈ વાજા કેશોદ, પ્રકાશભાઈ ચાવડા બગસરા, રમણીકભાઈ વાઘેલા વડોદરા, હિતેશભાઈ રાઠોડ બાલાગામ, શાંતિભાઈ વાજા, ડો. શ્રેયસભાઈ પરમાર મેંદરડા, હિતેશભાઈ વાજા, કેવલભાઈ વાજા રાજકોટ, રસિકભાઈ ચુડાસમા બોટાદ, વિમલભાઈ ચૌહાણ દ્વારકા, ભાવેશભાઈ વાઘેલા, વિનુભાઈ ગોહિલ, કિશોરભાઈ વાજા બાટવા, જગદીશભાઈ ગોહિલ જેતપુર, મનોજભાઈ સોલંકી, વિનુભાઈ સોલંકી વગેરે ખાસ ઉપસ્થિત રહેલા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે મનસુખભાઈ વાજા, પ્રજ્ઞેશભાઈ વાજા, છોટુભાઈ વાજા, જયંતિભાઈ વાજા, લક્ષ્મણભાઈ સોલંકી, અલ્પેશભાઈ પરમાર, હિતેશભાઈ વાજા, પરશુરામભાઈ ચૌહાણ, હસમુખભાઈ મારૂ, અનિલભાઈ ગોહિલ, જાદવભાઈ વાળા, જયેશભાઈ વાજા, મધુકાંત ભાઈ વાળા, રોનકભાઈ વાજા, મનસુખભાઈ વાજા, કિરીટભાઈ વાજા, બાબુલભાઈ વાજા, સંજયભાઈ વાજા, સુરેશભાઈ વાઘેલા, નટુભાઈ વાજા, જગત ભાઈ વાજા, અનિલભાઈ સોલંકી, અશોકભાઈ વાજા વગેરેએ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# અમદાવાદ આરોગ્ય ભુવનમાં ગાયત્રી યજ્ઞ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

હરી ઓમ મેડીકેર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આરોગ્ય ભુવન અમદાવાદને આજે ૧૦ વર્ષ પૂર્ણ થઈ ૧૧માં વર્ષમાં મંગલ પ્રવેશ થતા દર વર્ષની જેમ આ વર્ષે પણ ટ્રસ્ટના ટ્રસ્ટી રમેશભાઈ રવિયા પરિવાર દ્વારા ગાયત્રી યજ્ઞ અને પુજા આરતી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે અરવિંદભાઈ રવિયા, અસ્મિતાબેન રવિયએ પણ ઉપસ્થિત રહી યજ્ઞનો લાભ લીધો હતો. રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘના પૂર્વ પ્રમુખ જેન્તીભાઈ તેરૈયા, શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડ તથા પત્રકાર જયેશભાઈ દવે સહિતની ટીમ દ્વારા આ આરોગ્ય ભુવનમાં ખુબ સહયગ આપવામાં આવી રહ્યો છે.

# ખંભાળિયામાં લાભપાંચમ નિમિત્તે મોટાણી પરિવારના કુળદેવીને અન્નકૂટ ધરાવાયો



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયાના નાગરપાડા વિસ્તારમાં આવેલા રઘુવંશી જ્ઞાતિના મોટાણી પરિવારના કુળદેવી પૂજય મોમાઈ માતાજીને અન્નકૂટના દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બુધવારે લાભ પાંચમના શુભ દિને માતાજીને અનેકવિધ ભોગ ધરાવાયા હતા. આ પ્રસંગે દર્શનનો લાભ મોટી સંખ્યામાં પરિવારજનોએ લઈ અને ધન્યતા અનુભવી હતી.

# જગન્નાથ મંદિરમાં અન્નકોટ દર્શન અને હાંડી ઉત્સવ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા છાંયા બજાર ખાતે આવેલ શ્રી જગન્નાથ મંદિરમાં દર સાલ મુજબ આ વર્ષ પણ ભગવાનનો અન્નકોટ દર્શન, પ્રસાદ અને કેલેન્ડર વિતરણ સહિતનાં કાર્યક્રમ યોજાયા હતા. આ કાર્યક્રમમાં શહેર તેમજ પરા વિસ્તારમાંથી સોરઠીયા વાણંદ જ્ઞાતિ સહપરિવાર ઉપસ્થિત રહી દર્શન, પ્રસાદનો લાભ લીધો હતો. જેમાં જ્ઞાતિ આગેવાનો બિપિનભાઈ ભટ્ટી, પ્રમુખ રાજુભાઈ ચુડાસમા, મંત્રી દિલશુખભાઈ પરમાર ટ્રસ્ટી, વિજય ચુડાસમા, ધનશુખભાઈ ચુડાસમા, દિનેશભાઈ ભટ્ટી, રમેશભાઈ વાજા, નીરૂભાઈ પરમાર સહિતનાં ઉપસ્થિત રહ્યા હતા. આ ધાર્મિક કાર્યક્રમમાં ભગવાનને ભોગ તેમજ શૃંગાર કરવામાં આવેલ હતું. જેમાં ભાવિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શ્રી જગન્નાથ મંદિર ખાતે કારતક બીજ નિમિતે ભગવાન શ્રી જગન્નાથજીનો હાંડી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ભગવાનને હાંડી પ્રસાદ તેમજ ધ્વજાજી અર્પણ કરવામાં આવેલ હતી. જેમાં રાજુભાઈ ચુડાસમા, પ્રફુલભાઈ ચુડાસમા, કિશોરભાઈ વાજા, નીરૂભાઈ પરમાર, શૈલેષભાઈ પારેખ, નવનીતભાઈ શાહ, ભુરાભાઈ માંડન સહિહના ઉપસ્થિત રહ્યા હતા.

# માઈક્રોસોફ્ટ દ્વારા ૨૦૦ વૃક્ષો માટે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

માઈક્રોસોફ્ટ કોર્પોરેશન ટેકનોલોજી જગતનું એક બહુરાષ્ટ્રીય દિગ્ગજ છે, જે યુનાઈટેડ સ્ટેટ્સના રેડમન્ડ શહેરમાં આવેલું છે. ૧૯૭૫માં સ્થપાયેલી આ કંપની સોફ્ટવેર, સર્વર, પર્સનલ કમ્પ્યુટર્સ, ગેમિંગ અને ઘણી બધી સેવાઓ પૂરી પાડે છે. માઈક્રોસોફ્ટ વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમ, ઓફિસ એપ્લિકેશન સ્યુટ અને એક્સબોક્સ ગેમિંગ કન્સોલ જેવા લોકપ્રિય પ્રોડક્ટ્સ માટે જાણીતી છે. માઈક્રોસોફ્ટ ભારતમાં પણ ખૂબ જ સક્રિય છે અને તેણે ઘણા વર્ષોથી દેશના ટેકનોલોજીકલ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. કંપની ભારતીય ભાષાઓને ટેકો આપવા માટે સતત પ્રયત્નશીલ છે અને તેના ઘણા પ્રોડક્ટ્સ હવે ગુજરાતી સહિત ૨૨ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત, માઈક્રોસોફ્ટ ભારતમાં ડિજિટલ શિક્ષણ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે પણ વિવિધ પહેલ ચાલી રહી છે. અને જુદા જુદા સામાજિક પહેલ ને સહકાર આપે છે. આજે આપણે વાત કરશું માઈક્રોસોફ્ટ કંપનીના જામનગર બ્રાન્ચ ના તેર યુવા કર્મચારીઓની નોખી-અનોખી કામગીરી વિશે. આપણે સૌ જાણીએ છીએ કે આજકાલ વાતાવરણમાં ગરમી ખૂબ જ વધી રહી છે વધુને વધુ વૃક્ષ વાવવામાં આવશે તો જ વાતાવરણમા ગરમી ઓછી થશે, વૃક્ષારોપણના આ મહત્વપૂર્ણ કાર્યને આગળ વધારવા માટે કંપનીના ૧૩ યુવા નેતાઓએ ખુબ સુંદર અને ઉપયોગી કામગીરી કરેલ છે જે પ્રેરણાદાયક છે. માઈક્રોસોફ્ટ કે જે વિશ્વભરમાં પ્રસિદ્ધ કંપની છે તેના તેર યુવા કર્મચારીઓ કે જેમના નામ આ પ્રમાણે છે ૧) પ્રફુલ, ૨) નંદકિશોર, ૩) કાર્તિક, ૪) આકાશ, ૫) નીતિન, ૬) નિર્મલ, ૭) યશવંત, ૮) હાર્દિક, ૯) દર્પણ, ૧૦) અપૂર્વ, ૧૧) પ્રશાંત, ૧૨)સુરેશ, ૧૩) પ્રશાંત સર વગેરેએ નક્કી કર્યું કે સમાજમાં એવું કંઈક કાર્ય કરીએ કે જેથી કોઈ સામાજિક નક્કર કાર્ય થઈ શકે, અને આ માટે તેમણે ગ્રીન કોમ્યુનિટી/ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટ નામની સંસ્થાની સાથે હાથ મિલાવ્યા. આ અગાઉ વિશ્વવિખ્યાત મલ્ટીનેશનલ કંપની આઈબીએમ, ચૈતન્ય ટ્રસ્ટ સાથે હાથ મિલાવીને સામાજિક સેવાકીય કાર્ય કરેલું હતું, વિશ્વની અગ્રણી આઈટી કંપનીઓ માં માઈક્રોસોફ્ટ નું નામ લેવામાં આવે છે તેમણે ગ્રીન કોમ્યુનિટી/ચૈતન્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેમની વૃક્ષારોપણની સાઈટ ઉપર ૨૦૦ જેટલા પીપળા, લીમડા, સપ્તપદી અને સવન જેવા વૃક્ષો વાવવાનું નક્કી કર્યું, આ અગાઉ ચૈતન્ય ટ્રસ્ટ દ્વારા ૧૦૦૦ વૃક્ષો વાવેલા છે ત્યાં જ આ ૨૦૦ વૃક્ષોનું વાવેતર કરવાનું નક્કી થયું. ૨૨ ઓક્ટોબરના રોજ સવારે સાત વાગ્યે માઈક્રોસોફ્ટની ટીમ તેમજ ગ્રીન કોમ્યુનિટી /ચૈતન્ય ટ્રસ્ટ પરિવારના વોલીયન્ટર વગેરે વૃક્ષારોપણની સાઈટ ઉપર પહોંચી ગયા હતા. ખાડા ખોદવાની વ્યવસ્થા અગાઉથી કરવામાં આવેલી હતી જેથી ૨૦૦ જેટલા રોપા ખાડામાં રાખીને તેમાં ખાતર તેમજ માટીથી ખાડાને ભરવામાં આવેલા હતા તેમજ ત્યાં દરેક ૨૦૦ રોપાઓને પાણી પણ પીવડાવવામાં આવ્યું હતું. બે કલાક જેટલી મહેનત કર્યા બાદ આખરે સરસ રીતે આ કાર્ય સંપન્ન થયું હતું. આ કાર્યને સફળ બનાવવા માટે માઈક્રોસોફ્ટ કંપનીના પ્રોજેક્ટ ચેરમેન યશવંતજી તેમજ પ્રશાંતજી તેમજ સતીસસર અને આર્મીના જવાનોએ ઉમદા કામગીરી બજાવી હતી. વિજ્ઞા પુરોહિત, સંજના, દીપ્તિ, નિલેશ વગેરે સ્વયંસેવકોએ વૃક્ષારોપણ કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી. હિતેશ અને કાજલ પંડ્યાએ માર્ગદર્શન પાઠવ્યું હતું.

# દીપોત્સવી પર્વમાં ખંભાળિયા પંથકના વાહનોનું ધૂમ વેચાણ



## સેકન્ડ હેન્ડ વાહનો પણ મોટી સંખ્યામાં વેચાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

તહેવારોના મહાપર્વ એવા દિવાળીમાં લોકો દ્વારા અનેકવિધ નવી ચીજ વસ્તુઓ સાથે વાહનોની પણ ખરીદી કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. ખંભાળિયા પંથકમાં આ વર્ષે ચોમાસું સારૂ રહ્યું હોવાની બાબત વચ્ચે આ વિસ્તારના લોકોએ મોટી સંખ્યામાં નવા વાહનોની ખરીદી કરી હતી. ત્યારે નવા સાથે જુના વાહનનો પણ મોટી સંખ્યામાં વેચાયા હતા. આ મુદ્દે અહીંના જાણીતા શ્રીરામ ઓટો કન્સલ્ટ વાળા ઋષિરાજ ખેતિયાએ જણાવ્યું હતું કે નવા ટુ- વ્હીલર બાઈકની વધતી કિંમત વચ્ચે લોકો પોતાની જરૂરિયાત મુજબ સારી કન્ડિશનમાં સેકન્ડ હેન્ડ વાહનો ખરીદવાનો આગ્રહ રાખે છે. અહીં બેઠક રોડ પર પ્રથમ વખત યોજાયેલા લોન કમ એક્સચેન્જ મેળામાં પણ વિવિધ મોડેલોના સ્કૂટરો ખરીદ કર્યા હતા. સાથે સાથે ગ્રાહકોને લોન, ટ્રાન્સફર વિગેરેની પણ તત્કાલ સુવિધા મળતા આ બાબત લોકો માટે વધુ સરળ બની હતી. એક અંદાજ મુજબ દિવાળીના દિવસોમાં ફકત ખંભાળિયા વિસ્તારમાં જ અંદાજે ૧૨૫ જેટલા સેકન્ડ હેન્ડ વાહનો વેચાયા છે. લોકોની વધતી જરૂરિયાત વચ્ચે વાહનોની પણ વધતી કિંમતના ફળ સ્વરૂપે ખંભાળિયામાં સેકન્ડ હેન્ડ વાહનોનું પણ માર્કેટ ઊંચકાયું છે.

# દિપાવલીના તહેવારોમાં યાત્રાધામ દ્વારકામાં ભાવિકોનો ભારે ધસારો



## જગતમંદિરમાં ૮ દિવસમાં ૬.૭૧ લાખ ભાવિકોએ દર્શન કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૭

હાલમાં ચાલી રહેલા દિવાળી વેકેશનમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ દિપાવલીના તહેવારોમાં યાત્રાધામ દ્વારકામાં ભાવિકોની વ્યાપક ભીડ જોવા મળી હતી. સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાત સહિત દેશ-વિદેશના ભાવિકોએ વિક્રમ સંવત ૨૦૮૧ સારૂ ફળઆપનારૂ બની રહે તે માટે જગતમંદિરમા કાળિયા ઠાકોરજીના દર્શન કર્યા હતા. દિપાવલીના તહેવારોમાં તા.૨૯ ઓકટોબરથી ૫ નવેમ્બર સુધીના આઠ દિવસના પ્રાપ્ત આંકડા અનુસાર આશરે ૬ લાખ ૭૧ હજાર જેટલા ભાવિકોએ જગત મંદિરની મુલાકાત લીધી

# દેશના કેદીઓને મતદાન કરવાના અધિકારો આપો ટિમ ગબ્બરના ધારાશાસ્ત્રી નયન જોશીનો વેધક સવાલ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૭



ટિમ ગબ્બર ગુજરાતના એડવોકેટ કાંતિ એચ. ગજેરા તથા વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીએ રાજયપાલ તથા વડાપ્રધાન, ચૂંટણીપંચ, કેન્દ્ર સરકાર તથા ચૂંટણી પંચ, રાજ્ય, સરકાર તથા માનવ અધિકાર પંચ, મુખ્યમંત્રી, કાયદામંત્રી, તમામ કલેક્ટરો, તમામ જેલ અધિક્ષક વિગેરેને લેખિત રજુઆત કરી બંધારણની વિવિધ જોગવાઈઓનો ઉલ્લેખ કરી જણાવેલ છે કે, ભારત દેશની અનેક અદાલતોમાં અનેક કેદીઓના કેસો પેન્ડિગ છે કોઈ એક કેદી કે ગુનેગાર આવેશમાં આવીને કોઈપણ પ્રકારનો ગુનો કરી બેસે છે ત્યારે કેસ ચાલીને પૂરો થાય ત્યાં સુધી અમુક ગુનાના કામમાં જેલમાં રહે છે અને અમુક કિસ્સામાં ૧૦ વર્ષ જેવા સમય બાદ આવા કેદી સામેની ટ્રાયલ ચાલી જતા તેઓ નિર્દોષ છૂટે છે પરંતુ આ દશ વર્ષ સુધી કે ગુનાની સજા પુરી થાય ત્યાં સુધી તેમને પોતાના મતદાન કરવાના બંધારણીય હક્કોથી છેલ્લા ઘણા વર્ષોથી વચિંત રાખવામાં આવે છે અને તે તેમના પસંદગીના મત આપવાથી જેલમાં રહે ત્યાં સુધી વંચિત રહે છે જે તેમના હક્ક અધિકાર ઉપર એક પ્રકારની તરાપ ગણી શકાય તેવું અમારૂ અંગત રીતે માનવું છે આવા લોકો માટે જેલમાં વીડિયોગ્રાફી મારફતે પણ વોટિંગ કરાવી શકાય અને કેદીઓની સુરક્ષા પણ રહી શકે ક્યાં સુધી આવા કેદીઓને મતદાનથી વંચિત રાખવાની પરંપરા દેશમાં ચાલતી રહેશે. તેથી આ સંબંધે તાત્કાલિક જરૂરી નોટિફિકેશન બહાર પાડી દરેક કેદીઓની સંખ્યાના પ્રમાણમાં જ જેતે જેલમાં મતદાનની વ્યવસ્થા કરવા વિકલ્પે વિદેશીલોકોની જેમ પ્રોક્સીવોટથી ટપાલ મારફતે વોટિંગની વ્યવસ્થા કરાવવા અમારી ટિમ ગબ્બરની રજુવાત છે.

અમારી આ રજુઆત લાગુ પડતા વિભાગોમાં પહોંચાડી કરેલ કાર્યવાહીનો લેખીત જવાબ નાગરિક અધિકારપત્ર અન્વયે અમારા ટિમ ગબ્બરના સરનામે મોકલવા અમારી માંગણી અને રજુઆત કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદર એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# માળીયાના જુથળ ગામે ઘરફોડી કરનારને ઝડપી લેતી પોલીસ

જુનાગઢ, તા. ૭,

માળીયા હાટીના તાલુકાના જુથળ ગામે ઘરફોડ ચોરીનો એક બનાવ બનવા પામેલ હતો આ ચોરીના બનાવની તત્કાલ તપાસ હાથ ધરી અને ચોરીમાં સંડોવાયેલા એક શખ્સને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જુથળ ગામે રહેતા રૂડાભાઈ હિરાભાઈ રાઠોડના મકાનમાંથી પાછળની બારીએથી પ્રવેશ કરી કબાટની તિજોરીનો લોક તોડી રકમ રૂપિયા ૧,૦૫,૦૦૦/- ની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયેલ હોય જે બાબતે માળીયા હાટીના પોલીસ સબ ઈન્સ. એસ.આઈ.સુમરા તેમજ પોલીસ સ્ટાફ દ્વારા ટેકનીકલ સોર્સ તથા હ્યુમન સોર્સ અને અંગત બાતમીદારો મારફતે હકીકત આધારે ચોરી કરનાર આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડેલ ચોરીમાં ગયેલ રોકડા રૂપિયા ૭૫,૦૦૦ તથા ચોરીના રૂપિયામાંથી ખરીદ કરેલ મો.ફોન કિ.રૂ.૩૦,૦૦૦/- કુલ મળી રૂપિયા ૧,૦૫,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરી ધવલ ગોકળભાઈ ભરડા ઉ.વ.૨૪ ધંધો-મજુરી રહે.જુથળ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ સબ ઈન્સ. એસ.આઈ. સુમરા તથા એ.એસ.આઈ. દીનેશભાઈ જીવાભાઈ ગોહેલ તથા તથા હાજી ઈસ્માઈલ સુમરા તથા પોલીસ હેડ કોન્સ. અરૂણભાઈ નાનાલાલ મહેતા તથા પો.કોન્સ. વિજયભાઈ મેઘાભાઈ બાબરીયા તથા અજયસિંહ મહીપતસિંહ ચુડાસમા તથા મિલનભાઈ હરદાસભાઈ ઝાલા તથા વિગેરે પોલીસ સ્ટાફએ સાથે રહી આ કામગીરી કરેલ છે.

# કોડીનારની મુસ્લિમ ડોક્ટર સુઝાનબાનું અચાનક જ ટુંકી માંદગીમાં અવસાન થતા સમગ્ર મુસ્લિમ સમાજમાં ઘેરા શોકની લાગણી

## કોડીનાર ડોક્ટર મેડીકલ એસોસીએશન દ્વારા ડો.સુઝાન હાલાઈને શ્રદ્ધાંજલી પાઠવી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૭

કોડીનારની નવયુવાન અને પ્રતિભાશાળી મુસ્લિમ ડોક્ટર સુઝાનબાનું આરીફભાઈ હાલાઈનું ટુંકી માંદગી બાદ અચાનક અવસાન થતાં કોડીનાર સમગ્ર મુસ્લિમ સમાજ અને ડોકટરી આલમમાં ભારે આઘાત સાથે ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

આ અંગેની વિગત મુજબ કોડીનારની નવયુવાન પ્રતિભાશાળી ડો.સુઝાન હાલાઈની થોડા સમયથી અચાનક તબિયત બગડતાં કોડીનારમાં સારવાર બાદ વધુ સારવાર અર્થે ગઈકાલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જતા ત્યાં સારવાર દરમ્યાન ૨૫ વર્ષીય ડો.સુઝાન આરીફભાઈ હાલાઈનું દુઃખદ અવસાન થયું હતું.

ડોક્ટર સુઝાન હાલાઈ એ બે વર્ષ પહેલા વડોદરા મેડિકલ કોલેજમાં BHMS માં ડોક્ટરની ડીગ્રી પ્રાપ્ત કરી ડોકટરી ક્ષેત્રે પ્રેક્ટિસ કરતા ડો.સુઝાને હંમેશા પોતાના દર્દીઓને આત્મીયતા સાથે શ્રેષ્ઠ સારવાર આપી બહુ ટૂંકા ગાળામાં મુસ્લિમ સમાજની એક નિષ્ઠાવાન અને કર્મઠ અને કાળજીયુક્ત ડોક્ટર તરીકે સમગ્ર સમાજમાં લોકચાહના સાથે અનેરૂ સ્થાન મેળવ્યું હતું. ડૉક્ટર સુઝાન હાલાઈનું બહુ ટુંકી માંદગી બાદ અચાનક અવસાન થતાં તેના પરિવારજનો સાથે કોડીનાર સમગ્ર મુસ્લિમ સમાજ અને ડોકટરી આલમમાં ભારે આઘાત સાથે શોકની લાગણી ફેલાઈ છે. મર્હુમા ડોક્ટરના જનાઝામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ તકે કોડીનાર ડોક્ટર મેડીકલ એસોસિયેશન દ્વારા ડો.સુઝાન હાલાઈને શ્રદ્ધાંજલી પાઠવી તેના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

વ્યવસાયે ઘડીયાળ રીપેરીંગ કરી પરીવારનું ગુજરાન ચલાવતા આરીફભાઈએ પોતાની



વહાલસોયી દીકરી સુઝાનને ભારે મહેનત કરી ડોક્ટર બનાવી પોતાની દીકરી થકી સમાજ સેવા કરવા દેખેલા સ્વપ્ન સુઝાનના અચાનક મૃત્યુથી ચકનાચૂર થતાં આરીફભાઈ અને તેમના સમગ્ર પરીવારમાં ભારે આઘાત સાથે માતમનો માહોલ છવાયો છે.

---

દિવાળીના તહેવારો દરમિયાન એસ.ટી વિભાગ દ્વારા

# ગુજરાતમાં કુલ ૬,૬૧૭ એક્સ્ટ્રા બસો દ્વારા એક સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટો બુક કરીને રૂા. ૧૬ કરોડથી વધુની આવક મેળવી

## તા. ૪ નવેમ્બરના રોજ મુસાફરો દ્વારા એક દિવસમાં ૧.૪૧ લાખથી વધુ સીટોના બુકિંગ થકી રૂા.૩.૧૫ કરોડની આવક સાથે એડવાન્સ બુકિંગનો રેકોર્ડ

અમદાવાદ, તા.૭

દિવાળીના તહેવારો ધ્યાને લઈને ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન વિભાગ દ્વારા તા.૨૯ ઓકટોબરથી ૪ નવેમ્બર ૨૦૨૪ સુધી ગુજરાતમાં કુલ ૬,૬૧૭ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી, જેમાં એક સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટો બુક કરીને રૂા. ૧૬ કરોડથી વધુની આવક એસ.ટી નિગમે કરી હતી આ ઉપરાંત ૪ નવેમ્બરના રોજ મુસાફરો દ્વારા એક દિવસમાં ૧.૪૧ લાખથી વધુ સીટોનું તેમજ રૂા.૩.૧૫ કરોડનું બુકિંગ કરીને અત્યાર સુધીના એડવાન્સ બુકિંગનો રેકોર્ડ સ્થાપ્યો હતો, સાથોસાથ સુરત ખાતેથી સૌથી વધુ ૧,૩૫૯ એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરી નિગમે ૮૬,૫૯૯ જેટલા મુસાફરોને સમયબદ્ધ પોતાના વતન પહોચાડી કુલ રૂા.૨.૫૭ કરોડની આવક કરી હતી, એમ માર્ગ



પરિવહન વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, દિવાળીનો તહેવાર નાગરીકો પોતાના વતનમાં જઈને જ ઉજવે છે તેવી એક પરંપરા રહી છે. આ તહેવારોને ધ્યાને લઈને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં મુસાફરોને યોગ્ય –પુરતી સુવિધા આપવા એસ.ટી નિગમ નિરંતર પ્રયાસ કરી રહ્યું છે.

ગુજરાતના નાગરીકોએ પોતાના માદરે વતન સહીત વિવિધ સ્થળોએ જવા માટે એસ.ટીની સલામત સવારી અપનાવે છે, જેના ભાગરૂપે તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ગુજરાત માર્ગ અને પરિવહન વિભાગે ૮૫,૪૩૭ ટિકિટો બુક કરીને રૂા.૨.૦૦ કરોડથી વધુની આવક મેળવી છે, તા.૩૦ ઓક્ટોબરના રોજ ૮૩,૪૨૬ સીટો દ્વારા રૂા.૧.૯૬ કરોડથી વધુ, તા.૩૧ ઓક્ટોબરના રોજ ૮૨,૧૯૦ સીટો દ્વારા ૧.૯૨ કરોડથી વધુ, તા.૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ ૯૪,૦૧૮ સીટો દ્વારા રૂા. ૨.૧૬ કરોડથી વધુની આવક, તા.૨ નવેમ્બરના રોજ ૧,૦૨,૩૧૪ સીટો દ્વારા રૂા.૨.૨૭ કરોડ, ૩ નવેમ્બરના રોજ ૧,૨૮,૮૪૧ સીટો દ્વારા રૂા.૨.૮૪ કરોડથી વધુ તેમજ સૌથી વધુ ૪ નવેમ્બરે ૧,૪૧,૪૬૮ સીટોના બુકિંગ સાથે નિગમે રૂા.૩.૧૫ કરોડથી વધુની આવક મેળવી છે, એમ ગુજરાત માર્ગ અને પરિવહન વિભાગની યાદીમાં વધુમાં જણાવાયું છે.

---

# ચુડા (સોરઠ) ખાતે મોટીપાટી લેઉવા પટેલ સમાજ ભવનનું રવિવારે લોકાર્પણ

## સંતોના સામૈયા, દાતાઓના સન્માન, ભોજન પ્રસાદ ,લોક ડાયરો સહિતના ત્રિવિધ કાર્યક્રમો યોજાશે : ગામલોકોમાં ભારે ઉત્સાહ

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ, તા.૭

ભેસાણ તાલુકાના ચુડા (સોરઠ) ગામે નવ નિર્માણ પામેલ શ્રી મોટીપાટી લેઉવા પટેલ સમાજ ભવનનું આગામી તા.૧૦ને રવિવારના રોજ લોકાર્પણ કરવામાં આવનાર છે. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે , સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ગ્રામજનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. મોટીપાટી લેઉવા પટેલ સમાજ ભવન, ચુડાના પ્રમુખ અને ભેસાણ પંથકના રાજકીય અને સામાજિક આગેવાન



જયસુખભાઈ વઘાસીયાના વડપણ હેઠળ ગામના યુવાનો સહિત વડીલોની ટીમે રાત દિવસ એક કરીને ખૂબ જ ટૂંકા સમયમાં આ ભવનનું નિર્માણ કાર્ય પૂર્ણ કરેલ છે. જેના લોકાર્પણ પ્રસંગે પરબધામના મહંત પૂજ્ય કરસનદાસબાપુ, જુનાગઢ ગુરૂકુળના જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી, મોટીપાટી રામાપીરની જગ્યાના મહંત હરિબાપુ, પોરબંદરથી હરિપ્રકાશ દાસજી સ્વામી, જૂનાગઢથી ધર્મ કિશોરદાસજી સ્વામી, નાની પાટી રામાપીરની જગ્યાના મહંત પૂજ્ય ગોવિંદબાપુ સહિતના સંતો તેમજ સરદાર ધામના ઉપપ્રમુખ પરેશભાઈ ગજેરા સહિતના વિવિધ ક્ષેત્રના આગેવાનો ખાસ ઉપસ્થિત રહેશે. રાત્રે ૯ કલાકે નામાંકિત કલાકારનો લોકડાયરો પણ યોજાશે તેમજ આ ભવન બનાવવામાં આર્થિક યોગદાન આપનાર દાતાઓનું સન્માન , ભોજન પ્રસાદ સહિતના વિવિધ પ્રસંગો ધામધૂમ પૂર્વ યોજાશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મોટીપાટી ચુડા (સોરઠ)ના નગરજનો ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે. આ નવનિર્માણ પામેલ સમાજભવનના લોકાર્પણ પ્રસંગે અમદાવાદ, સુરત, મુંબઈ સહિત બહાર વસતા સેંકડો પરિવારો આગલા દિવસે વતન ખાતે આવી પહોંચશે અને તા.૧૦ ના આ કાર્યક્રમ પ્રસંગે તન,મન અને ધનથી હાજરી આપશે.

---

# ઓખામંડળ ક્ષત્રિય વાઘેર સમાજનું ગૌરવ

(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા, તા.૭

કુ.વિધી જયદિપભા માણેક કે જે મુળ દ્વારકા અને હાલ સુરતમાં પોતાનાં માતા-પિતા સાથે રહીને અભ્યાસ કરે છે. કુ.વિધીએ "ફિન એક્સપર્ટ " નાં કોર્સ માં કુલ ૧૮૦ વિદ્યાર્થી માંથી ૨૪ વિદ્યાર્થી પાસ થયા જેમાં તેણીએ એ સારા ગુણાંક થી ઉતીર્ણ થયેલ છે. આ કોર્સ માં ફંડા મેન્ટલ ઈન્વેસ્ટિંગ, બીઝનેસ મોડલસ,ઈન્ડસ્ટ્રી લીડર સાથે મિટિંગ, કમ્પાઉન્ટિંગ અને ભારત ની ગ્રોથ સ્ટોરી માં ભાગ લેવા નો



મોકો મળે છે. તેણી ઈન્ટરસિપ માં એક કંપની માં જોડાયા છે. આ સાથે તે કોમર્સ કોલેજ માં અભ્યાસ કરે છે. કુ.વિધી દ્વારકા તાલુકા પંચાયતનાં માજી પ્રમુખ સ્વ.કરણભા માણેકનાં પૌત્રી અને પ્રો.ડી.એસ.કેરનાં દોહીત્રી થાય. કુ.વિધીમાં નાનાનાં શિક્ષણ અને દાદાનાં લિડરશીપનાં ગુણો ઉતર્યા છે. કુ.વિધીની આ સિદ્ધી બદલ સૌ કોઈ એ અભિનંદન આપ્યા છે.

---

# કોડીનાર શહેરમાં આવેલા મોટર રીવાઈડિંગની બંધ દુકાનમાંથી મહાકાય અજગર પકડાયો





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૭

કોડીનાર રોણાજ રોડ ઉપર આવેલ મોટર રીવાઈડિંગની દુકાનમાં ગત રાત્રિના મહાકાય અજગર ઘૂસી જતાં વનવિભાગે મોડી રાત્રે જ રેસક્યું કરી અજગરને પકડી પાડયો હતો.

કોડીનાર રોણાજ રોડ ઉપર આવેલ મોટર રીવાઈડિંગની દુકાનમાં ગત રાત્રિના મહાકાય અજગર ઘૂસીતા પસાર થતા રાહદારીઓને ધ્યાને આવતા દુકાન માલિકને જાણ કરતા દુકાન માલિકે વનવિભાગને જાણ કરતા જામવાળા વન વિભાગ ફોરેસ્ટર એમ.આર રાઠોડ, ટીનાભાઈ અને અલીભાઈ સહિતની રેસ્કયુ ટીમ તાત્કાલિક પહોંચી હતી અને દુકાન અંદર ઘૂસેલા અજગરનું રેસ્ક્યું હાથ ધરાયું હતું. અજગરને દુકાન અંદરથી બહાર કાઢી પાંજરે પુરાયો હતો. અજગરની જાણ થતા શહેરનાં યુવાઓ મોટી સંખ્યમાં જોવા માટે પહોચ્યા હતા. વન વિભાગ દ્વારા અજગરને જામવાળા એનિમલ કેર સેન્ટર લઈ જવાયો જયા તેને ફરી જંગલમાં મુકત કરવામાં આવશે.

---

# મગફળીના પાકમાં આફલાટોક્સીનનો ઉપદ્રવ અટકાવવા ઉતારા અને ઉતારા પછી લેવાના પગલાં

જૂનાગઢ, તા.૭

મગફળીના પાકમાં આફલાટોક્સીનનો ઉપદ્રવ અટકાવવા માટે મગફળી ઉતારા સમયે અને ઉતાર્યા બાદ લેવાના વિવિધ પગલાંઓ આ મુજબ છે.

દાતા વડે ડોડવાને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું. ડોડવા સાથેના આખા છોડને વ્યવસ્થિત તડકે સુકવવા. જ્યાં સુધી છોડ, પાંદડા, સુયા બટકણા થાય ત્યાં સુધી સુકવવા. અપૂર્ણ વિકસિત ડોડવાને તોડી અલગ રાખવા તેને સારા વિકસિત ડોડવા સાથે ન ભેળવવા. જો ઓપનેરનો ઉપયોગ કરતા હોય તો યોગ્ય કાણાવાળી જાળી રાખવી. યાંત્રિક નુકસાન વાળા અને જીવાતવાળા ડોડવા અલગ રાખવા.

૮% ભેજ રહે ત્યાં સુધી મગફળીને સુકવવી. મગફળીને સારી, ચોખ્ખી, પૂરતા હવા-ઉજાસવાળી જગ્યામાં પ્લાસ્ટિક અથવા કંતાનની બેગમાં સંગ્રહ કરવો. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/ વિસ્તરણ અધિકારી/ખેતી અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક/જિલ્લા ખેતીવાડી અધિકારી/નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરવા જૂનાગઢ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે છે.

---

ડ્રાઈવિંગ લાયસન્સ અંગે સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

# LMV લાયસન્સ ધારકો પણ લાઈટ ટ્રાન્સપોર્ટ વાહનો ચલાવી શકશે

નવી દિલ્હી, તા.૭

ડ્રાઈવિંગ લાયસન્સ મુદ્દે સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ડ્રાઈવરોના પક્ષમાં ચુકાદો આપ્યો છે. એટલે કે સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચે તેનો ૨૦૧૭નો નિર્ણય યથાવત રાખ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે લાઈટ મોટર વ્હીકલ (LMV) લાયસન્સ ધારકો પણ હળવા પરિવહન વાહનો ચલાવી શકે છે. આવા લાયસન્સ ધારકો ૭૫૦૦ કિલોથી ઓછા વજનના પરિવહન વાહનો ચલાવી શકે છે. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી પાંચ સભ્યોની બંધારણીય બેન્ચે આ નિર્ણય આપ્યો છે. આ બેંચમાં જસ્ટિસ હૃષિકેશ રોય, જસ્ટિસ પીએસ નરસિમ્હા, જસ્ટિસ પંકજ મિથલ અને જસ્ટિસ મનોજ મિશ્રા પણ સામેલ હતા. બેન્ચે ૨૧ ઓગસ્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. સર્વોચ્ચ અદાલતનો આ નિર્ણય વીમા કંપનીઓ માટે મોટો ફટકો છે કારણ કે અગાઉ વીમા કંપનીઓ એવા કેસોમાં દાવાઓને નકારી કાઢતી હતી જ્યાં અકસ્માતોમાં એવા લોકો દ્વારા ચલાવવામાં આવતા વાહનો સામેલ હતા જેમની પાસે પરિવહન વાહન માટે ડ્રાઈવિંગ લાઈસન્સ ન હતું. સર્વોચ્ચ અદાલતે તેના ૨૦૧૭ ના ચુકાદાને માન્ય રાખ્યો છે જેમાં હળવા મોટર વાહન લાયસન્સ ધારકોને ૭૫૦૦ કિગ્રા વજનના પરિવહન વાહનો ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટ એ તપાસ કરી રહી હતી કે લાઈટ મોટર વ્હીકલ (LMV) ડ્રાઈવિંગ લાઈસન્સ ધરાવનાર વ્યક્તિ તે લાઈસન્સના આધારે લાઈટ મોટર વાહન ચલાવવા માટે હકદાર બની શકે છે કે કેમ. જેને લગતા કાયદાકીય પ્રશ્નો LMV લાયસન્સ ધરાવનારાઓ દ્વારા ચલાવવામાં આવતા વાહનવ્યવહાર વાહનોને સંડોવતા અકસ્માતના કેસોમાં વીમા કંપનીઓ દ્વારા દાવાની ચૂકવણી પર અનેક વિવાદો ઉભા થયા હતા. વીમા કંપનીઓએ જણાવ્યું હતું કે મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ (MACT) અને અદાલતોએ LMV ડ્રાઈવિંગ લાયસન્સ અંગેના તેમના વાંધાઓને અવગણીને વીમા દાવા ચૂકવવાના આદેશો પસાર કર્યા છે.

---

# આજે ૭મી નવેમ્બર - શિશુ સંરક્ષણ દિવસ

દર વર્ષે ૭મી ઓક્ટોબરને શિશુ સંરક્ષણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસનો હેતુ નવજાત શિશુઓની સલામતી અંગે જાગૃતિ લાવવાનો અને શિશુઓની યોગ્ય સંભાળ પૂરી પાડીને તેમના જીવનની સુરક્ષા કરવાનો છે. તે સ્પષ્ટ કરવું જોઈએ કે પર્યાપ્ત સુરક્ષા અને સંભાળના અભાવને કારણે બાળકો અનેક પડકારોનો સામનો કરે છે.શિશુ સંરક્ષણ દિવસ મનાવવામાં આવે છે. આ બધું તેમના જીવનના સૌથી સંવેદનશીલ સમયે, એક વર્ષ સુધીના બાળકોના સંરક્ષણ અને વિકાસ વિશે છે. શિશુનો વિકાસ જન્મથી જ શરૂ થાય છે, અને મોટર કૌશલ્ય, શ્રવણશક્તિ, દ્રષ્ટિ અને સંદેશાવ્યવહારને લગતી ઘણી વસ્તુઓ પ્રથમ ત્રણ મહિનામાં થાય છે. માતા-પિતા સાથેનો સંબંધ પર્યાપ્ત વિકાસનો પાયો છે, અને યોગ્ય કાળજી જરૂરી છેઃ પકડી રાખવું, રમવું, બોલવું, શિશુના આંસુ અને જરૂરિયાતોને સીધો પ્રતિસાદ આપવો.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડેટા મુજબ, ૨.૪ મિલિયન બાળકો ૨૦૧૯ માં તેમના જન્મના પ્રથમ મહિનામાં મૃત્યુ પામ્યા હતા. દરરોજ, ૭,૦૦૦ થી વધુ બાળકો મૃત્યુ પામે છે, જે તમામ બાળ મૃત્યુદરના ૪૭ ટકા (૫ વર્ષથી ઓછી ઉંમરના) એક તૃતીયાંશ હિસ્સો ધરાવે છે. ડિલિવરીના દિવસે અને લગભગ ત્રણ ચતુર્થાંશ જીવનના પ્રથમ સપ્તાહમાં થતા મૃત્યુની સંખ્યા.આરોગ્ય સંભાળના અભાવને કારણે ભારતમાં શિશુ મૃત્યુદર અન્ય દેશો કરતા વધારે છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા બાળ મૃત્યુદર અહેવાલ મુજબ, ભારતમાં ૨૦૧૮ માં ૭૨૧,૦૦૦ શિશુ મૃત્યુ નોંધાયા હતા, જે દરરોજ સરેરાશ ૧,૯૭૫ મૃત્યુની સમાન છે.આ દિવસનો અમલ કરીને સરકારે બાળમૃત્યુ અટકાવવા માટે




અસરકારક અભિગમ જાહેર કર્યો છે. આવશ્યક આરોગ્ય સંભાળની અછત, જ્ઞાનનો અભાવ અને વધતી જતી વસ્તીના ભારણને કારણે શિશુ મૃત્યુદરમાં અંદાજ મુજબ ઘટાડો થયો નથી. શિશુઓ આવતીકાલના નાગરિકો છે, અને તેઓ વિશ્વનું ભવિષ્ય હોવાથી તેમને સુરક્ષિત રાખવા જોઈએ. ભારત સરકારે નવજાત શિશુઓને મદદ કરવા માટે ઘણી પહેલો શરૂ કરી છે.૭ નવેમ્બરના રોજ આ અનોખા દિવસની જાહેરાત કરતી વખતે, મૂળભૂત ઉદ્દેશ્ય લોકોને સલામતીની આવશ્યકતા વિશે જાગૃત કરવાનો હતો જે આપણે નવા બાળકોની સંભાળ રાખવાની જરૂર છે. જો કે, ડિલિવરી પછી કાળજી અને સલામતીના અભાવને કારણે, બાળકોને અનેક પડકારોનો સામનો કરવો પડે છે જે તેમના જીવનને જોખમમાં મૂકે છે.શાંતિપૂર્ણ આવતીકાલ સુનિશ્ચિત કરવા અને વિશ્વને વધુ સારી જગ્યા બનવામાં મદદ કરવા માટે નવજાત શિશુઓની સુરક્ષા કરવી મહત્વપૂર્ણ છે.

- ડો.જી.આર.ગોહિલ

---

# આજે નેશનલ કેન્સર અવેરનેસ ડે

ભારત વિશ્વનો પહેલો દેશ છે જેણે ૭મી નવેમ્બરે 'નેશનલ કેન્સર અવેરનેસ ડે'ની શરૂઆત કરી છે, જે રેડિયોએક્ટિવિટીની શોધ માટે નોબેલ પુરસ્કાર વિજેતા મેડમ મેરી ક્યુરીનો જન્મદિવસ છે. કેન્સર માટેના નિવારક પગલાંનો હેતુ કેન્સર થવાના જોખમને ઘટાડવાનો છે અને તે કેન્સરના પ્રકારને આધારે બદલાઈ શકે છે.

કેન્સરનું જોખમ આના દ્વારા ઘટાડી શકાય છે : કેન્સર માટે

તમાકુથી દૂર રહેવું

તંદુરસ્ત શરીરનું વજન જાળવવું

ફળ અને શાકભાજી સહિત તંદુરસ્ત આહાર લેવો

નિયમિત ધોરણે શારીરિક પ્રવૃત્તિ કરવી

આલ્કોહોલનું સેવન ટાળવું અથવા ઓછું કરવું

અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગના સંપર્કમાં આવવાનું ટાળવું

કેન્સર સ્ક્રીનીંગ પરીક્ષાઓનું સુનિશ્ચિત કરવું

રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસનું મહત્વ

કેન્સર એ શરીરના કોઈપણ ક્ષેત્રને અસર કરતી ઘણી પરિસ્થિતિઓ માટે વ્યાપક શબ્દ છે. કેન્સરનું એક વિશિષ્ટ પાસું એ એબેરન્ટ કોશિકાઓની ઝડપી રચના છે જે તેમની સામાન્ય સીમાઓથી આગળ વધે છે, શરીરની આસપાસના ભાગોને ચેપ લગાડે છે અને અન્ય અવયવોમાં સ્થળાંતર કરે છે, જે પ્રક્રિયા મેટાસ્ટેસિસ તરીકે ઓળખાય છે.

કેન્સરે વૈશ્વિક સ્તરે મૃત્યુનું પ્રાથમિક કારણ છે, જે ૨૦૨૦માં એક કરોડથી વધુ મૃત્યુ માટે જવાબદાર છે.

સ્તન કેન્સર (૨૨.૬ લાખ કેસ)

ફેફસાના કેન્સર (૨૨.૧ લાખ કેસ)

આંતરડા અને ગુદામાર્ગનું કેન્સર (૧૯.૩ લાખ કેસ)

પ્રોસ્ટેટ કેન્સર (૧૪.૧ લાખ કેસ)

ત્વચા કેન્સર (નોન-મેલાનોમા) (૧૨ લાખ કેસ)

પેટનું કેન્સર (૧૦.૯ લાખ કેસ)

લીવર કેન્સર (૮૩૦,૦૦૦ મૃત્યુ)

- ડો.જી.આર.ગોહિલ

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ભારત માટે સ્વર્ણિમ સમય

વાસ્તવિક નિયંત્રણ રેખા એટલે કે એલએસી પર ચાર વર્ષના ટકરાવ બાદ ચીન ભારત સાથે સૈન્ય તણાવ ઘટાડવા રાજી થઈ ગયું. પ્રશ્ન છે કે શું ચીન આ સૈન્ય આક્રમકતાથી પોતાનો કોઈ ઉદ્દેશ્ય હાંસલ કરી શક્યું? આ આક્રમક સૈન્ય તૈનાતી પાછળ ચીનનો પહેલો ઉદ્દેશ્ય હતો કે તે ભારતને સંદેશ આપે કે ૧૯૭૧ના યુદ્ધ બાદ નિયંત્રણ રેખા પાર કરીને પાકિસ્તાનમાં બોમ્બમારો કરવા, કલમ ૩૭૦ સમાપ્ત કરવા અને લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવા જેવા પગલાં બાદ તે હવે બસ કરે. ચીન એમ પણ ઈચ્છતું હતું કે ભારત જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના એ હિસ્સા, જે ચીન અને પાકિસ્તાનના કબ્જામાં છે, તેને લઈને કોઈ મોટી મહત્ત્વાકાંક્ષા ન રાખે. ચીન કોઈ સ્થિતિમાં એમ નહોતું ઈચ્છતું કે ભારત ગિલગિટ-બાલ્ટિસ્તાન તરફ પગલું ભરે, કારણ કે એવું થશે તો ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર તો ખતરામાં પડી જ જશે, ભારતનો પારંપરિક ભૌગોલિક સંપર્ક અફઘાનિસ્તાન, મધ્ય એશિયા, યુરોપ અને રશિયા સાથે જોડાઈ જશે. એ ભારતને બહુ આસાનીથી એશિયાની સૌથી મોટી ભૂરાજકીય અને ભૂઆર્થિક મહાશક્તિ બનાવી દેશે. ચીનનો બીજો ઉદ્દેશ્ય હતો કેટલાય સ્થાનો પર વાસ્તવિક નિયંત્રણ રેખાને ભારત તરફ ખસેડવી. ત્રીજો ઉદ્દેશ્ય હતો કે ભારતની સૌથી મોટી ચિંતા એટલે કે બે મોરચે યુદ્ધની હાલતને મૂર્ત રૂપ આપવામાં આવે. તેમાં તે સફળ ન થઈ શક્યું, કારણ કે આર્થિક સંકટ અને આંતરિક અસ્થિરતાથી ઘેરાયેલા પાકિસ્તાને સૈન્ય તણાવ વચ્ચે જ ભારત સાથે નિયંત્રણ રેખા પર સંઘર્ષ વિરામ સમજૂતી કરી લીધી.

ગલવાનની સૈન્ય અથડામણમાં પોતાના દઢ વલણ અને સૈન્ય તણાવ વચ્ચે કૈલાસ રેન્જની કેટલીક વ્યૂહાત્મક ટોચ પર કબ્જો કરવા જેવા પગલાંના માધ્યમથી ભારતે સ્પષ્ટ કરી દીધું હતું કે તે જોર-જબરદસ્તીથી વાસ્તવિક નિયંત્રણ રેખાને ખસવા નહીં દે. સૈન્ય તણાવ ખતમ કર્યા વિના સંબંધોને સામાન્ય કરવાની રટ લગાવનારા ચીનને સીમા પર તણાવ ઘટાડવા માટે રાજી થવું પડ્યું. આ મોદી સરકારની કૂટનીતિક સફળતા છે. આ ઘટનાક્રમે ભારત અને ચીન, બંનેને એકબીજાને સાપેક્ષ શક્તિ વિસ્તારની સીમાઓ દેખાડી દીધી છે. હવે જ્યાં એ સ્પષ્ટ છે કે ચીન સૈન્ય તાકાત અને કમજોર પડતા દોસ્ત પાકિસ્તાનના જોરે નવા ભારતને દબાવી નહીં શકે, ત્યાં જ ભારત માટે પણ એ સ્પષ્ટ છે કે ગિલગિટ-બાલ્ટિસ્તાન જેવા પોતાના ભૂભાગોને પાછા મેળવવાના લ-યને પ્રાપ્ત કરવા લાયક સૈન્ય અને આર્થિક શક્તિ એકઠી કરવી હજુ બાકી છે.

ચીન સાથે સૈન્ય તણાવ વચ્ચે દિલ્હીને જે રીતે કિસાન આંદોલનના નામે મહિનાઓ સુધી ઘેરવામાં આવ્યું હતું અને ગણતંત્ર દિવસ પર લાલ કિલ્લા પર હુમલો કરીને જેવો ઉત્પાત મચાવવામાં આવ્યો, તેણે એ દર્શાવ્યું કે ભારત આંતરિક મોરચે કેટલું નબળું છે. ભારત હજુ સાઈબર યુદ્ધ, ડ્રોન ટેકનિક અને એઆઇ વગેરેમાં ચીન કરતાં માઈલો પાછળ છે. મોદી સરકાર દ્વારા રક્ષા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માટે મેક ઈન ઈન્ડિયાના માધ્યમથી કેટલાંય પગલાં ભરવામાં આવ્યાં છે, પરંતુ હજુ પણ ઉચ્ચ ટેકનિકવાળા મોટાભાગના સૈન્ય સાજોસામાન માટે તે બીજા દેશો પર નિર્ભર છે, જેમાંથી કેટલાય વિશ્વસનીય નથી. આપણી પાસે આપણા કમ્પ્યૂટર ઓપરેટિંગ સિસ્ટમ અને સોશ્યલ નેટવર્ક પ્લેટફોર્મ સુદ્ધાં નથી. જ્યારે ચીન આ બધામાં સંપૂર્ણ રીતે આત્મનિર્ભર છે.

ભારત અને ચીનના સંબંધોમાં હાલની પ્રગતિને વૈશ્વિક પરિપ્રે-યમાં પણ સમજવાની જરૂર છે. સીમા પર સૈન્ય તણાવ ઘટાડવાને લઈને સમજૂતીની જાહેરાતથી એક દિવસ પહેલાં ચીની રાષ્ટ્રપતિએ પોતાની સેનાને યુદ્ધ માટે તૈયાર રહેવાનું કહ્યું હતું. સ્પષ્ટ છે કે જ્યારે ચીની રાષ્ટ્રપતિ આ નિવેદન આપી રહ્યા હતા, ત્યારે સીમા પર સમજૂતીનું માળખું રચાઈ ગયું હતું. અસલમાં આ વર્ષના પ્રારંભમાં અમેરિકા દ્વારા ભારતને પૂછવામાં આવ્યું હતું કે ચીન દ્વારા તાઈવાન પર સૈન્ય આક્રમણની સ્થિતિમાં શું તે ચીન વિરુદ્ધ એક સૈન્ય મોરચો પોતાની સીમા પર ખોલશે? સ્પષ્ટ આશ્વાસન નહિ મળતાં અમેરિકા દ્વારા ભારત પર દબાણ બનાવવા માટે કેનેડાની સહાયતાથી ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા અને ગુરપતવંત સિંહ પન્નુની હત્યાની કથિત કોશિશને લઈને આરોપ લગાવવામાં આવ્યા અને અમેરિકન મીડિયાની સહાયતાથી ભારતના શીર્ષ નેતાઓ અને સુરક્ષા અધિકારીઓ સુદ્ધાંનું નામ ઘસડવાનો પ્રયાસ કરાયો. મણિપુર અને મ્યાંમારમાં ફેલાવાઇ રહેલી અસ્થિરતામાં અમેરિકી ગુપ્તચર એજન્સીઓની ભૂમિકાને લઈને ઘણી ચર્ચા થતી રહી છે. ચર્ચા એની પણ થાય છે કે અમેરિકાએ બાંગ્લાદેશમાં શેખ હસીનાનો તખ્તાપલટ કરાવ્યો. અમેરિકા દ્વારા આ બધું ત્યારે કરવામાં આવ્યું, જ્યારે ભારત ચીની શક્તિના વધતા વિસ્તારને રોકવા માટે બનેલ ક્વોડનું સૌથી મુખ્ય સદસ્ય છે.

ચીન સાથે સંબંધ સુધાર કરીને ભારતે અમેરિકાને પણ સંદેશ આપ્યો છે કે તેના તમામ વિકલ્પ ખુલ્લા છે. ચીનને પણ સમજાઈ ગયું કે ભારત સાથે શત્રુતા વધારીને તે અમેરિકી જૂથને જ મજબૂત કરશે. પોતાની ધીમી પડતી અર્થવ્યવસ્થા માટે ભારતના ૧૪૦ કરોડ ગ્રાહકોવાળા બજારના દરવાજા બંધ કરવા ચીન માટે આત્મઘાતી બની શકે છે. ભારત આ સમયે એકલો મોટો દેશ છે, જેને દરેક જૂથ લોભાવવા માગે છે. ભારતને અમેરિકા, ફ્રાન્સ પાસેથી હથિયાર મળી રહ્યા છે તો રશિયા પાસેથી પણ. ભારત જો ક્વોડનું સદસ્ય છે તો બ્રિક્સનું પણ છે. જો ભારતે અમેરિકા સાથે સૈન્ય સમજૂતીઓ કરી છે તો અમેરિકી પ્રતિબંધો છતાં તે રશિયા સાથે તેલ ખરીદનારું અને રશિયાને પ્રતિબંધિત ટેકનિક વેચનારો બીજો મોટો દેશ પણ છે. ભારત અને ચીનના પરોક્ષ સહયોગ વિના પુતિન આટલા લાંબા સમય સુધી યુક્રેનમાં યુદ્ધ ચાલુ રાખી શકે તેમ ન હતા. અમેરિકી પ્રતિબંધોને કારણે રશિયા ચીન પર નિર્ભર છે, પરંતુ તેણે ભારત-ચીન સૈન્ય તણાવ સમયે પણ ભારતને હથિયારોનો પૂરવઠો ચાલુ રાખ્યો અને ચીની સેનાની ખતરનાક રોકેટ ફોર્સને પહોંચી વળવા માટે એસ-૪૦૦ મિસાઈલ રક્ષા પ્રણાલી ભારતને આપી. ચીન દ્વારા સંબંધ સુધારવા માટે તૈયાર થવાથી પાકિસ્તાન પર પણ પ્રભાવ પડશે. વાસ્તવમાં વૈશ્વિક સંકટોનો આ સમય ભારત માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ સ્વર્ણિમ કાળ છે. ભારતે તેનો ઉપયોગ પોતાની આંતરિક સમસ્યાઓનો દીર્ઘકાલીન હલ શોધવામાં કરવો જોઈએ. સાથે જ પોતાની અનોખી ભૂરાજકીય અને ભૂઆર્થિક સ્થિતિનો લાભ ઉઠાવતાં અમેરિકા, રશિયા અને યુરોપથી ઉચ્ચ ટેકનિક સાથે જોડાયેલા ક્ષેત્રોમાં પૂર્ણ આત્મનિર્ભરતા હાંસલ કરવી જોઈએ.

# માંગરોળ : પુરોહિત પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની પોથી યાત્રા વાજતે ગાજતે નીકળી



## કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીની અસીમ કૃપાથી તથા સર્વ પિતૃઓના શુભ આશિષથી માંગરોળ મુકામે પુરોહિત પરિવારના આંગણે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ખુબ જ સુંદર આયોજન

(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૭

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે પુરોહિત પરિવાર દ્વારા વિવેકાનંદ વિદ્યાલય ના વિશાળ પટાંગણમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ડો. આઈજી પુરોહિત સાહેબના નિવાસ્થાનેથી શરણાઈ ઓના સૂર તેમજ ડીજેના તાલ સાથે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની પોથી યાત્રા રાસ ગરબાની રમઝટ સાથે વાજતે ગાજતે નીકળી કથા સ્થળે પહોંચી હતી. ઉપસ્થિત મહેમાનોનું સબ્દોથી સ્વાગત ડો.ભાવનાબહેન પુરોહિત દ્વારા કરવામાં આવ્યું હતું. પુરોહિત પરિવાર દ્વારા ભારતીય પરંપરાઓ અનુસાર દીપ પ્રાગટ્ય કરાયું હતું. વકતા આચાર્ય પ.પુ.શાસ્ત્રીજી પંકજભાઈ જાનીએ મંગલા ચરણ કરીને કથાનો પ્રારંભ કર્યો હતો. વિવેકાનંદ વિદ્યામંદિરનાં વિશાળ પટાંગણમાં તા.૪-૧૧-૨૦૨૪નાં રોજથી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પુરોહિત પરિવાર દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં વ્યાસાસને ભાગવત વકતા શ્રી પ.પૂ.શાસ્ત્રીશ્રી પંકજભાઈ જાની (ઉમરાળા વાળા) વ્યાસપીઠ પર બિરાજી પોતાની પ્રભાવશાળી અને સંગીતમય શૈલીમાં કથામૃત રસપાન કરાવશે. કથા શ્રવણ બપોરે ૩ :૦૦ કલાકે થી ૭ વાગ્યા સુધી રહેશે. પુરોહિત પરિવાર દ્વારા યોજવામાં આવેલ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ખુબજ સુંદર આયોજન કરવામાં આવેલું છે જેનો શુભ પ્રારંભ તા.૪/૧૧/૨૦૨૪નારોજ કરવામાં આવ્યો છે તેમજ પુર્ણાહુતિ તા.૧૦/૧૧/૨૦૨૪ નાં રોજ નિર્ધારિત કરવામાં આવશે. શ્રીમદ ભાગવત સપ્તાહના પાવન પ્રસંગો આ પ્રમાણે છે જેમાં શ્રી કપિલ ભગવાન પ્રાગટ્ય મંગળવાર તા.૦૫/૧૧/૨૦૨૪, શ્રી નૃસિંહ પ્રાગટ્ય બુધવાર તા.૦૬/૧૧/૨૦૨૪, શ્રી વામન પ્રાગટ્ય, શ્રી રામચંદ્ર જન્મ, શ્રી કૃષ્ણ પ્રાગટ્ય ગુરૂવારર તા.૭/૧૧/૨૦૨૪, શ્રી ગિરિરાજ ઉત્સવ શુક્રવાર તા.૮/૧૧/૨૦૨૪, શ્રી રૂક્ષ્મણી વિવાહર શનિવાર તા.૦૯/૧૧/૨૦૨૪, શ્રી સુદામા ચરિત્ર,શ્રી પરીક્ષિત મોક્ષ,કથા વિરામ રવિવાર તા.૧૦/૧૧/૨૦૨૪, શ્રી દશાંશ હોમ સોમવાર તા.૧૧/૧૧/૨૦૨૪ જયારે સપ્તાહ દરમ્યાન રાત્રીના કાર્યક્રમમાં ભજન સંધ્યા તા.૦૫/૧૧/૨૦૨૪ મંગળવાર રાત્રે ૯/૩૦ કલાકે, જણકાર મ્યુઝિકલ ગ્રુપ માંગરોળ, કડતાલ ધુન મંડળ, તા.૦૬/૧૧/૨૦૨૪. બુધવાર રાત્રે ૯ થી ૧૨ કલાકે જય રામાપીર કડતાલ ધૂન મંડળ ટોડી (અમરેલી) શ્રી કૃષ્ણલીલા સ્ટેજ પરફોર્મન્સ તથા રાસોત્સવ, તા.૦૮/૧૧/૨૦૨૪ શુક્રવાર રાત્રે ૯/૩૦ કલાકે પોથી યાત્રામાં બી.જે.પી. માંગરોળ શહેર પ્રમુખ નિલેશભાઈ સોમૈયા, એડવોકેટ કિશનભાઈ પરમાર, હરિભાઈ ખેર, ભરતભાઈ રાજ્યગુરૂ સહિતના અગ્રણી આગેવાનો તેમજ પોથી યજમાનો ખુબજ બહોળી સંખ્યામાં પોથી યાત્રામાં હાજર રહ્યા હતા.

# યાત્રાધામ દ્વારકામા માનવ મેદનીથી છલકાયું : હૈયે હૈયુ દળાઈ એટલી ભીડ રેકોર્ડ બ્રેક સર્જાયો



(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૭

યાત્રાધામ દ્વારકામાં દિવાળીના તહેવાર દરમ્યાન દિવાળી નુતન વર્ષ ભાઈબિજના દ્વારકા -બેટ દ્વારકામાં આ વર્ષ રેકોર્ડ બ્રેક સર્જાયો ભાવિકો અને ટુરીસોથી દ્વારકા છલકાયું હતું. હોટલ ગેસ્ટહાઉસ હાઉસ ફુલ થૈઈ ગયેલ હતા. રેસ્ટોરનમાં ચિક્કાર ગિરદી દ્વારકામાં તહેવાર દરમ્યાન માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. હૈયે હૈયુ દળાય એટલી ભિડ ઉમટી હતી. દિવાળીના બીજા દિવસે દ્વારકાધીશજીને અક્રોટ મનોરથ રાખવામાં આવ્યો હતો. ભાવિકો દ્વારકાધીશના દર્શન કરી ભાવ વિભોર બન્યા હતા. દ્વારકા આસપાસ ફરવા લાયક સ્થળ શિવરાજપુર બિચ, ઓખામઠી બીચ, તેમજ દ્વારકા પંચકુઇ વિસ્તાર બિચ ખાસ બેટ દ્વારકા સુદર્શન સેતુ ઉપર ફોટો ગ્રાફી તેમજ ફરવા માટે ટુરીસો ઉમટી પડ્યા હતા. દિવાળી પર્વમાળાનાં રજાના દિવસોમાં દ્વારકાધીશ મંદિરે સ્વર્ગ દ્વારા તેમજ મોક્ષ દ્રાર સતત પાંચ દિવસથી શ્રધ્ધાળુઓથી દ્વારકામા ચિક્કાર ગીરદી જોવા મલી હતી. બન્ને મુખ્ય ગેટ પર ભાવીકોની ઠાકોરજીના દર્શન કરવા માટે લાંબી કતારો જોવા મલી હતી. મંદિર આસપાસ વિસ્તારમાં ચિકકાર ગિરદીના કારણે રસ્તાઓ સાકડા પડ્યા હતા. દ્વારકા શહેરના તમામ પાર્કિંગોમાં હાઉસફુલ થૈઈ ગયેલ હાઈવે પર ફોર વિલર્સની પાંચ કિમી સુધી લાંબી કતારો નજરે પડી હતી. દ્વારકામાં હોટલો ગેસ્ટાહાઉસ બહાર પણ ફોર વિલ્સના અડીંગા જામ્યા હતા. તહેવાર પર દ્વારકામાં જામ પેક થૈઈ ગયેલ હતું. હોટલો રેસ્ટોરન્ટો પણ હાઉસ ફુલ જોવા મળ્યા હતા. દ્વારકામાં માનવ મહેરામણ ઉમટી પડતા હોટલો, ગેસ્ટહાઉસો, રેસ્ટોરન્સો, પ્રસાદના વેપારી સહિત યાત્રીકો ઉપર નભતા વેપારી સહિતના ધંધાઓમાં નવા વર્ષની શુભ શરૂઆતમા તેજીનો કરંટ જોવા મલ્યો. જગ વિખ્યાત દ્વારકાધીશ જગતમંદિરે પણ વારદાર પુજારીએ દરરોજ શ્રીજીને તહેવારને અનુલક્ષી અલૌકીક ઝાખીના દર્શન રાખવામાં આવ્યા હતા. દ્વારકાધીશના દર્શન માટે ભાવિકોની લાંબી કતારો જોવા મળી હતી. કલાકો સુધી ભકતોએ દ્વારકાધીશજીના દર્શન કરવા લાઈનમાં વેઈટીંગમાં રાહ જોવી પડી હતી. ભાઈબીજનાં પવિત્ર દિવસે ગોમતી સ્નાનનું મહત્વ હોવાથી વહેલી સવારથી ભાવિકોનો ગોમતી ધાટ ઉપર ઘસારો જોવા મળ્યો હતો. સંખ્યાબંધ ભાવિકોએ ગોમતી સ્નાન કરી પૂણ્યનું ભાથુ બાંધ્યુ હતું. સાંજે ગોમતી માતાજીની આરતી યોજવામાં આવી હતી. અને ચુંદડી મનોરથ યોજવામાં આવ્યો હતો. તે દર્શનો હજારો ભાવિકોએ લાભ લિધો હતો. એક લોકવાયકા અનુસાર પવિત્ર ભાઈબીજના દિવસે યમુનાજી એ યમરાજાને ભોજન માટે આમંત્રિત કર્યા હતા બહેનનું આમંત્રણ સ્વીકાર કરી યમરાજા આ શુભ દિવસે સોનાની દ્વારકામાં ભોજન આરોગ્યું હતું. અને આશીર્વાદ આપ્યા હતા. કે જે કોઈ આ ભાઈબીજ નાં પાવન દિને પવિત્ર ગોમતી નદીમાં સ્નાન કરી દીપદાન કરશે તેમને યમરાજા કયારેય નડતરરૂપ થશે નહિ. ભાઈબીજ નાં પાવન દિને હજારો યાત્રાળુઓ દ્વારકાવાસીઓ એ ગોમતી ઘાટે મહાઆરતી નો લાભ લીધો હતો. અને ભાઈ બહેને સાથે ગોમતી સ્નાન કરી ગોમતી નદિમાં દિવડા પ્રગ્ટાવી દિપદાન કર્યુ હતુ. આ પાવન દિને જગત મંદિરે પૂજારી પરિવાર દ્વારા દ્વારકાધીશજી ને યમુના મહારાણીનાં દિવ્ય શૃંગાર કરી યમુના મહારાણી જેવો શ્રીજીને ભાવ અર્પણ કરવામા આવ્યો હતો. આ અલૌકિક શૃંગાર દર્શનો સંખ્યાબંધ ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત તહેવાર દરમ્યાન દ્વારકા દર્શન રૂક્ષ્મણી મંદિર નાગેશ્વર ગોપીતળાવ બેટ દ્વારકા પણ હજારો ભાવિકોએ દર્શનો લાભ લિધો હતો. દ્વારકા આસપાસ ફરવા લાયક સ્થળ દ્વારકાથી પંદર કિમી દુર શિવરાજ પુર ખાતે આવેલ બ્લું ફલેગ બિચ પર તેમજ દ્વારકા જામનગર વચ્ચે આવેલ ઓખામઠી બીચ તેમજ દ્વારકામાં ગોમતીધાટ સામે આવેલ પંચકુઇ વિસ્તાર બિચ પર હજારો લોકોએ હરી ફરી આનંદ માણ્યો હતો. તહેવારોના પાંચ દિવસ સુધી હાઈવે પર ફોરવિલ્સની બન્ને સાઈડો લાંબી કતારો લાગી હતી.

# જૂનાગઢમાં ઉપરકોટ નજીક પાર્કિંગ ન હોવા છતાં વાહન દિઠ ૧૦૦નું ઉઘરાણું કરવા સમયે એકની અટક



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૭

જૂનાગઢ ઉપરકોટ વિસ્તારમાં સરકારી જમીન ઉપર ગેરકાયદેસર પાર્કિંગ કરાવી પાર્કિંગના પૈસા ઉઘરાવતા શખ્સને એ ડીવીઝન પોલીસે ઝડપી લીધેલ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી.બી. કોળી અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ઉપરકોટ કિલ્લો જોવા આવતા પ્રવાસીઓના વાહનોને હાથ ઉંચા કરી અને વાહનોની રોડની સાઈડમાં પાર્ક કરાવતા એક શખ્સ જોવા મળેલ પરંતુ તે પલીસને જોઈ નાસવા જતા તેમને ઝડપી લઈ અને તેની પુછપરછ કરતા એવું જાણવા મળેલ કે દિવાળીના તહેવારો ઉપર ઉપરકોટ ખાતે આવતા પ્રવાસીઓના વાહનોનું સરકારી જમીન પર પાર્કિંગ કરાવે છે અને આ જમીન પોતાની છે તેમ કહી રૂા.૧૦૦નું ઉઘરાણું કરત હોવાનું બહાર આવેલ. ગેરકાયદેસર પાર્કિંગ કરવા બદલ મોહનભાઈ નેણુમલભાઈ મંગે સિંઘ(ઉ.વ.૫૧)ને ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સલાયામાં દેવમંદિરોમાં અન્નકૂટ ઉત્સવ યોજાયો



જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલા પૌરાણિક દેવ મંદિરોમાં દિવાળી નિમિતે દર વર્ષે અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવે છે. જેમાં આ વર્ષે પણ હરસિદ્ધિ મંદિર, લાલજી મંદિર, હનુમાન મંદિર, દ્વારકાધીશ હવેલી અને માધવરાય મંદિરે અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભગવાનને જુદાજુદા ભોગ ધરી, સુંદર દર્શન યોજવામાં આવ્યા હતા. આ મંદિરોમાં સલાયાના શહેર અગ્રણી લાલજીભાઈ ભૂવા તેમજ આગેવાનો, ગ્રામજનોએ દર્શનનો લાભ લીધો હતો.

# ડોળાસા નજીકના સોનપરા ગામે કોળી સમાજ નિવૃત્ત શિક્ષક અને તેજસ્વી તારલાઓનું સન્માન થયું

(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૭

ડોળાસા નજીકના સોનપરા ગામના કોળી સમાજ દ્વારા તાજેતરમાં નિવૃત્ત થયેલા પ્રાથમિક શાળાના શિક્ષક અને સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે નવા વર્ષ ના આગમન ને આવકારવા જ્ઞાતિ સમૂહ ભોજન નો વિશિષ્ઠ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગીર ગઢડા તાલુકાના સોનપરા ગામના સમસ્ત કોળીસમાજ સોનપરા દ્વારા દિપાવલી પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. સમાજમાં એકતાને સમાનતા અને કાયમી શાંતિ જળવાય રહે તે માટે સોનપરા કોળી સમાજ દ્વારા દિપાવલી પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે. જેમાં સમાજના તમામ પરિવારોનું એક જ રસોડે રસોઈ કરી અને સમુહમાં ભોજન થાય છે. અહીં દર વર્ષની જેમ દિવાળીના મહાપર્વમાં સાંજના સમયે સમુહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભોજન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ કોળીસમાજ સોનપરા દ્વારા કોળીસમાજના તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ યોજાયો હતો. ઉપરાંત કોળીસમાજમાંથી આ વર્ષ દરમ્યાન સરકારી નોકરીમાં જોડાયેલ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ કોળી સમાજના હમીરભાઈ ખસિયા આ વર્ષે શિક્ષક તરીકે નિવૃત થતાં સમસ્ત કોળી સમાજ સોનપરા દ્વારા તેમનું નિવૃતિ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગીર ગઢડા તાલુકાના બી.આર.સી. જેસીંગભાઈ ચુડાસમાએ હાજરી આપી આજના શિક્ષણના પ્રવાહો વિશે માહિતિ આપી હતી. કોળી સમાજની દિકરી જીયાબેન માનસીંગભાઈ ખસિયાએ સમાજને વ્યસન અને અધશ્રધ્ધામાંથી મુક્ત થવા અને શિક્ષણ ક્ષેત્રમાં આગળ વધવા અંગે ખૂબ ભાવવાહક શૈલીમાં વાત કરી હતી. આ તકે હમીરભાઈ ખસિયાએ સમાજના લોકોને વ્યસન મુક્ત થવા અને બાળકોને ભણાવવા અપીલ કરી સમાજ યુવાનોને વિવિધ વ્યવસાય તરફ વળવા અને સરકારી ભરતી માટે તૈયારી કરવા જણાવ્યું હતું. તેમજ સમાજના દરેક કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમનું સંચાલન વિસાભાઈ બાભણીયા વેળાકોટ વાળાએ કર્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::
અહંકારરૂપી રાક્ષસથી દૂર રહેવું.
- શ્રી રામ શર્મા આચાર્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક સુદ-૬ સૂર્ય ષષ્ઠી, છઠ્ઠ પૂજા, જૈન અઠ્ઠાઈ પ્રારંભ તા.૭ નવેમ્બર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૪, પૂર્વાષાઢા નક્ષત્ર, ધૃતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૦૦, સૂ.અ.૬:૦૯
આજનો દિવસ સવારે ૧૧:૪૬ ક.થી શુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), સાંજે ૫:૪૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.
- કનંકચંદ્ર સી. વ્યાસ

મેષ: સામાજીક માન, પ્રતિષ્ઠા મળે. કર્મચારીઓને લાભ અપાવી શકશો.
વૃષભ: હિતશત્રુઓથી સાવધ રહેવું. વડીલવર્ગ તરફથી ઠપકો મળે.
મિથુન: ભાગીદારીથી સમજીને વ્યવહાર કરવો. માન, પ્રતિષ્ઠા અને યશ મળે.
કર્ક: મન પ્રસન્ન રહે. સંતાનો માટે ખરીદી થાય.
સિંહ: મિલ્કતના પ્રશ્નો અંગે ચિંતા રહે. આકસ્મિક ચિંતા ઉદભવે.
કન્યા: સંદેશો મેળવવા-આપવામાં અનુકુળતા રહે. કાર્યસફળતા મળે.
તુલા: વડીલોનો સહકાર મળે. નાણાંકીય બોજ હળવો બને.
વૃશ્ચિક: જૂના આયોજનોને અમલમાં મૂકી શકાય.
ધન: ખર્ચનો પ્રસંગ બને. ઉતાવળ ન કરવી હિતાવહ.
મકર: મિત્રોથી આર્થિક લાભ મળે. નવા સંબંધો લાભદાયી નીવડે.
કુંભ: ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય. મિલ્કતના પ્રસંગો અંગે નિર્ણય લઈ શકાય.
મીન: અધ્યાત્મિક ક્ષેત્રે ખર્ચ થાય. વ્યર્થ દોડા-દોડી થાય.

# શિક્ષણ બોર્ડની પૂરક પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થશે

## પરિણામ સુધારવા માટે પાસ થયેલા અનેક વિદ્યાર્થીઓ ફરી પરીક્ષા આપશે

અમદાવાદ,તા.૭ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સની જેમ આગામી વર્ષથી ધોરણ-૧૨ સાયન્સ અને ધોરણ-૧૦માં પણ તમામ વિષયની બે વખત પરીક્ષા લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શિક્ષણ બોર્ડના આ નિર્ણયને પગલે પૂરક પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળશે. પૂરક પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં નોંધાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત વર્ષે ધોરણ-૧૨ સાયન્સમાં માર્ચની બોર્ડની પરીક્ષા બાદ જુન-જુલાઈમાં યોજાતી પુરક પરીક્ષામાં ફરી તમામ વિષયોની પરીક્ષા લેવાનો નિર્ણય લીધો હતો. આ સાથે ધોરણ-૧૦માં બેના બદલે ૩ વિષય અને ધોરણ૧૨ સામાન્ય પ્રવાહમાં એકના બદલે ૨ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાનું નક્કી કર્યું હતું. આ નિર્ણય બાદ જૂનમાં ધોરણ-૧૨ સાયન્સની તમામ વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ધોરણ-૧૨ સાયન્સની માર્ચની પરીક્ષામાં પાસ થયેલા ૮ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરિણામ સુધારવા માટે ફરી પરીક્ષા આપી હતી. જોકે, શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી આગામી બોર્ડની પરીક્ષામાં ધોરણ-૧૨ સાયન્સની જેમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ તમામ વિષયની બે વખત પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. બોર્ડના આ નિર્ણયને લઈ હવે બીજી વખતની પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યા અને સેન્ટરની સંખ્યામાં મોટો વધારો જોવા મળશે. પૂરક પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ તો બીજી વખતની પરીક્ષામાં પાસ થવા માટે ઉમેદવારી નોંધાવશે, પરંતુ સાથો સાથ પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ પરિણામ સુધારવા માટે ઉમેદવારી નોંધાવશે. આમ, બોર્ડની પૂરક પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળશે તે નિશ્ચિત છે.

# સરકારની તિજોરી છલકાઈ : ગુજરાતમાં GSTની આવક ૬૧૦૦ કરોડને પાર

અમદાવાદ, તા.૭ રાજ્યમાં GSTની આવકમાં વધારો થયો છે. ગુજરાતમાં GSTની આવક બમણી થઈ છે ઓક્ટોબર મહિનામાં જીએસટીની આવકમાં ૧૮ ટકાનો વધારો થયો છે. ઓક્ટોબર મહિનામાં જીએસટીની આવક ૬ હજાર ૧૪૬ કરોડ રૂપિયા થઈ હતી. જ્યારે રાષ્ટ્રીય સ્તરે ૯ ટકાની સામે ગુજરાતમાં ૧૮ ટકાનો વધારો થયો હતો. રાજ્યની વેટની આવક ૨ હજાર ૫૮૪ કરોડ થઈ છે. વ્યવસાય વેરાની આવક ૨૮ કરોડ થવા પામી છે. ઓક્ટોબર મહિનામાં રાજ્યને ૯ હજાર ૭૪૪ કરોડ રૂપિયાની આવક થવા પામી હતી. ચાલુ વર્ષમાં રાજ્યને ૬૭હજાર૯૮૧ કરોડની આવક થવા પામી છે. ઓક્ટોબર મહિનામાં નવરાત્રીથી દિવાળી સુધીની તહેવારોની સિઝનને કારણે લોકોને ભારે ખરીદીનો લાભ સરકાર દ્વારા હવે મળ્યો છે. સરકારના જીએસટી કલેક્શનમાં ઉછાળો આવ્યો છે અને તે રૂા. ૧.૮૭ લાખ કરોડને પાર કરી ગયો છે. સરકારે GSTના માસિક સંગ્રહનો ડેટા શેર કર્યો છે. આ મુજબ ઓક્ટોબર મહિનામાં GST કલેક્શન વાર્ષિક ધોરણે ૯ ટકા વધ્યું છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં સરકારનું GST કલેક્શન ૧.૭૨ લાખ કરોડ રૂપિયા હતું. દર મહિનાના પહેલા દિવસે સરકાર અગાઉના મહિનામાં જીએસટીમાંથી સરકારી તિજોરીમાં મળેલા નાણાંનો હિસાબ જાહેર કરે છે. જો કે, જ્યારે GST કલેક્શનના અંતિમ ડેટાની ગણતરી કરવામાં આવે છે, ત્યારે તેમાં રિફંડની પણ ગણતરી કરવામાં આવે છે. રિફંડ બાદ ઓક્ટોબર ૨૦૨૪માં સરકારનું GST કલેક્શન ૧.૬૮ લાખ કરોડ રૂપિયા થશે. આ ઓક્ટોબર ૨૦૨૩ના નેટ GST કલેક્શન કરતાં પણ ૮ ટકા વધુ છે. આગામી દિવસોમાં GST ટેક્સ સિસ્ટમમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે. તેનું કારણ GST કાઉન્સિલના મંત્રીઓના બે જૂથોની તાજેતરની બેઠક અને GST કાઉન્સિલને તેમનો અહેવાલ સુપરત કરવાનો છે. જેમાં હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ ઉપર જીએસટી હટાવવા સંબંધિત નિર્ણય છે.

# છેલ્લી દિવાળીથી અત્યાર સુધીમાં રોકાણકારોની સંપત્તિ ૧૨૮ લાખ કરોડથી વધુ વધી ગઈ છે



મુંબઈ, તા.૭ ભારતીય શેરબજાર ગુરૂવારે સંવત વર્ષ ૨૦૮૦ એ સમાપ્ત થયું હતું વર્ષના અંતિમ મહિનામાં વિદેશી ફંડ્સ દ્વારા વેચવાલી જોવા મળી હતી અને દરેક અગ્રણી સૂચકાંકોમાં લગભગ ૬% ઘટાડો થયો હતો. જો કે, આ શેરબજારમાં થયેલા લાભોથી વિપરીત હતું. આ વર્ષે શેરબજારમાં અભૂતપૂર્વ તેજી જોવા મળી હતી જેના લીધે લોકોએ સંપત્તિનું સર્જન કર્યું હતું. છેલ્લી દિવાળી (જે દિવસે સંવત વર્ષ શરૂ થાય છે) ૧૨ નવેમ્બરે, ભારતમાં રોકાણકારોની સંપત્તિ રૂા. ૧૨૮ લાખ કરોડ (વર્તમાન વિનિમય દરે આશરે $1.5 ટ્રિલિયન) થી વધીને રૂા.૪૫૩ લાખ કરોડ થઈ છે. આમ સંવત ૨૦૮૦ એ રેકોર્ડ સાથે સૌથી મોટું સંપત્તિ સર્જનનું વર્ષ બન્યું છે. કેન્દ્રમાં સ્થિર સરકાર, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ, મજબૂત મેક્રોઈકોનોમિક ફંડામેન્ટલ્સ અને સ્થાનિક ફંડ્સ દ્વારા રેકોર્ડ ઈન્ફલો રૂા. ૪.૭ લાખ કરોડ હોવા છતાં ફુગાવાના દશ્યને સ્માર્ટ હેન્ડલિંગના કારણે આ ફાયદો થયો છે. NSE, દેશના અગ્રણી બોર્સે જણાવ્યું હતું કે તેના રોકાણકારોનો આધાર ૨૦ કરોડને વટાવી ગયો છે. અને મ્યુચ્યુઅલ ફંડ સેક્ટરમાં ઉદ્યોગ દ્વારા સંચાલિત કુલ અસ્કયામતો લગભગ રૂા. ૬૮ લાખ કરોડની હતી, ત્યારે સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) રૂટ દ્વારા માસિક ગ્રોસ ઈનફ્લો રૂા. ૨૫,૦૦૦-કરોડ હતો. આ ત્રણેય ઉચ્ચ સ્તરે છે. આ વર્ષે પણ સોનું પણ વધ્યું હતું જે ભારતીયોમાં સૌથી વધુ પ્રિય કિંમતી ધાતુ છે જે વાર્ષિક વળતરની દૃષ્ટિએ બીજા સ્થાને છે. આ વર્ષ દરમ્યાન ચાંદીના ૩૭%ના વધારાની સરખામણીમાં, સોનાની કિંમત ૩૩% વધી હતી. લોકપ્રિય રોકાણની તકોમાં, બિટકોઈન, ૭૨%ના વળતર સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર એસેટ છે. વળતરના સ્પેક્ટ્રમ મુજબ રૂપિયો અને ક્રૂડ ઓઈલ ભાગ્યે જ કોઈ વળતર આપે છે. જો કે નિયમનકારી વડાએ આ આરોપોને નકારી કાઢયા છે અને આગામી વર્ષ, સંવત ૨૦૮૧, ભારતીય ઈક્વિટી માટે પડકારજનક વર્ષ બની શકે છે.

# દિવાળીના તહેવારોમાં ગુજરાતની હવા બની હાનિકારક



દેશભરમાં દિવાળીના પર્વ ઉપર ધામધૂમથી લોકો ફટાકડા ફોડે છે અને તેને કારણે હવા પ્રદૂષણ અને ધ્વનિ પ્રદૂષણની માત્રા ખૂબ જ વધી જતી હોય છે. ત્યારે ફટાકડા ફોડવામાં ગુજરાતીઓ પાછા પડે જ નહીં અને દિવાળીના તહેવાર દરમ્યાન ગુજરાત વાસીઓએ પણ મન મૂકીને ફટાકડા ફોડ્યા હતા. જેને કારણે ગુજરાતની હવા પ્રદૂષિત થઈ હતી. જે શ્વાસમાં લેવાથી ગંભીર બીમારી નોંતરી શકાય છે. ખાસ કરીને જે લોકોને શ્વાસ સંબંધિત બીમારી પહેલેથી જ હોય તેમના માટે તો આ વાયુ પ્રદૂષણ હાનિકારક કરતાં પણ જીવલેણ સાબિત થઈ શકે છે. છેલ્લા દસ દિવસમાં એટલે કે, ૨૪ ઓક્ટોબર, ૨૦૨૪થી ૩ નવેમ્બર ૨૦૨૪ દરમ્યાન ગુજરાત રાજ્યમાં સુરત શહેરની હવા સૌથી વધુ પ્રદૂષિત રહી છે. ત્યારબાદ અમદાવાદ શહેરમાં પણ પ્રદૂષિત હોવાનું પ્રમાણ ખૂબ જ વધુ હતું. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) દ્વારા દેશભરનાં વિવિધ શહેરોમાં દરરોજ સરેરાશ AQI માપવામાં આવે છે. કેટલાંક શહેરમાં એક કરતાં વધુ મોનિટરિંગ લોકેશન હોય છે. આ તમામ લોકેશનની સરેરાશ કાઢીને CPCB દ્વારા વિવિધ શહેર મુજબ એક ચોક્કસ AQI નક્કી કરવામાં આવે છે જે દરરોજ સાંજે ૪ વાગ્યે જાહેર કરવામાં આવે છે. CPCB દ્વારા સાંજના ચાર વાગ્યા સુધી બીજા દિવસના સાંજના ચાર વાગ્યા સુધીના ૨૪ કલાકમાં સરેરાશ AQI મુજબ ગુજરાત રાજ્યમાં છેલ્લા દસ દિવસમાં દિવાળીના તહેવારોમાં ગુજરાતની હવા બની હાનિકારક સુરત શહેરનો AQI સૌથી ઊંચો રહ્યું હતું. એટલે કે, ગુજરાત રાજ્યમાં સૌથી પ્રદૂષિત હવા ધરાવતું શહેર છેલ્લા દસ દિવસ મુજબ સુરત શહેર રહ્યું હતું. સુરત શહેરનો AQI ૨૦૧થી ૩૦૦ની વચ્ચે હતો. છેલ્લા દસ દિવસ દરમ્યાન સુરત શહેરમાં જે પ્રકારની હવા રહી છે તેના સંપર્કમાં ઘણા લાંબા સમય સુધી રહેવાથી શ્વાસ લેવામાં પણ તકલીફ પડી શકે છે. કારણ કે, જ્યારે ૨૦૦થી વધુ AQI હોય ત્યારે WHO મુજબ શ્વાસ લેવામાં તકલીફ પડી શકે છે. ગુજરાત રાજ્યમાં દિવાળીના તહેવાર દરમ્યાન અને તેના કરતાં પહેલાં ગુજરાત રાજ્યની હવા ખૂબ જ પ્રદૂષિત રહી હતી. ખાસ કરીને CPCBના ૨૬ ઓક્ટોબરના રિપોર્ટ મુજબ સુરત સહિત અમદાવાદ શહેરમાં પણ સૌથી વધુ પ્રદૂષિત હવાનું પ્રમાણ હતું. અમદાવાદ શહેરમાં પણ ગત ૨૬ ઓક્ટોબરના રોજ ૨૩૧ AQI નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૬ ઓક્ટોબરના રોજ દિવાળી પહેલાંનો છેલ્લો શનિવાર હતો. ત્યારે ગુજરાતીઓ દિવાળીની તૈયારીઓ માટે ખરીદી સહિતનાં તમામ કાર્યો કરવા બજારમાં નીકળતા હોવાથી વાહનો સહિતનાં ઉપકરણોનો ઉપયોગ વધતાં પ્રદૂષણ વધ્યું હોઈ શકે છે. આ તમામ આંકડા CPCB અનુસાર સરેરાશ બાદના છે. એટલે કે, અમદાવાદ શહેરનાં નવ મોનિટરિંગ લોકેશનમાંથી કેટલાક વિસ્તારમાં સરેરાશ કરતાં વધુ હોઈ શકે છે. જેનાથી શ્વાસને લગતી તકલીફ સર્જાઈ શકે છે.

# ગુજરાતમાં શિયાળાની શરૂઆતના એંધાણ

અમદાવાદ, તા.૭ ગુજરાતના વિવિધ ભાગોમાં નવેમ્બર માસની શરૂઆત થતા જ લઘુતમ તાપમાનમાં ઘટાડો થવાથી નોંધપાત્ર ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. હજુ પણ આગામી પાંચ દિવસમાં રાજ્યમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતાઓ છે. દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ થોડું વધ્યું છે. છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ગગડ્યો છે. આજે વહેલી સવારથી હવામાં ભેજનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. રાજ્યના દક્ષિણ ભાગમાં સવારથી જ ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું થોડું પ્રમાણ વધ્યું છે. સવારમાં થોડી વધુ ઠંડક થવા લાગી છે. રાજ્યમાં બેવડી ઋતુની અસર યથાવત્ છે. હવામાન વિભાગની આગાહી મુજબ પવનની દિશા બદલાતા બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે ઠંડી અને બપોરે ગરમીનો અહેસાસ લોકોને થઈ રહ્યો છે. મહત્તમ, લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ૩ ડિગ્રી વધુ નોંધાયું છે. મોટાભાગના વિસ્તારમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨થી ૨૪ ડિગ્રી પહોંચ્યું છે. જ્યારે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી નોંધાયું છે. ગાંધીનગરમાં ૨૨ ડિગ્રી, વડોદરામાં ૨૨ ડિગ્રી તાપમાન, ભાવનગરમાં ૨૩, બનાસકાંઠામાં ૨૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજ્યમાં બેવડી ઋતુની અસર વર્તાઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસથી ગરમીના કારણે લોકો ત્રાસી ગયા હતા. દિવાળી આવી છતાં ઠંડી શરૂ થઈ ન હતી. જોકે છેલ્લા બે દિવસથી રાત્રિનો પારો ગગડયો છે. મહત્ત્વનું છે કે, ઠંડી વહેલી સવારથી શરૂ થાય છે ત્યાર બાદ કાળજાળ ઉનાળા જેવો અનુભવ થાય છે. આથી કહી શકાય કે, રાજ્યમાં બેવડી ઋતુની અસર યથાવત્ છે. ઉલ્લેખનીય છે કે, એક તરફ તાજેતરમાં જ દિવાળી તહેવારને કારણે ફટાકડાઓને લઈ રાજ્યભરમાં વધારો થયો છે ત્યારે વાતાવરણમાં ઠંડક પ્રસરી હોવાથી પ્રદૂષણના પાર્ટીકલ્સ જમીનની સ્તરથી નજીક રહેવાથી શ્વાસ લેવામાં પણ તકલીફ પડી શકે છે. તેવી સંભાવના દર્શાવાઈ રહી છે.

# AI બેંકિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રમાં ક્રાંતિ તો લાવી રહ્યું છે પરંતુ તેના ઉપર વધુ પડતો ભરોસો અને તેનો દુરૂપયોગ, નાણાંકીય સ્થિરતા અંગેના જોખમો પેદા કરી શકે છે

## બજારના પ્રતિયોગીઓ પણ જો આવી સમાન પદ્ધતિનો ઉપયોગ કરે છે તો તે સંબંધિત સ્થિરતાના જોખમો વધી શકે છે. તેમાં સાવચેતી જરૂરી છે અને તેનું નિયમન મહત્વપૂર્ણ છે

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નાણાંકીય ક્ષેત્રની રૂપરેખાને બદલી રહ્યુંર છે. ડેટાની વિશાળ ઉપલબ્ધતા સાથે કોમ્પ્યુટીંગ પાવરમાં તાજેતરની સફળતાઓએ વિવિધ ઉદ્યોગોમાં AIએ નવેસરથી રસ જગાવ્યો છે. અલબત્ત તેમાં ફાઈનાન્સ એક અગ્રણી ક્ષેત્ર છે. ખર્ચમાં ઘટાડા માટે, જોખમ વ્યવસ્થાપન અને ઉત્પાદકતામાં વૃદ્ધિની તકોને જોતાં, નાણાકીય સંસ્થાઓ તેમની બિઝનેસ પ્રણાલી માટે AIનો ઉપયોગ કરવા માટે વધુને વધુ પ્રોત્સાહન આપી રહી છે.

આ સંસ્થાઓ હાલમાં વિવિધ કામકાજ માટે AIનો ઉપયોગ કરી રહી છે, જેમાં ક્રેડિટની ઍક્સેસને વિસ્તૃત કરવા માટે ક્રેડિટ સ્કોરિંગ, ક્લાયંટ ઈન્ટરફેસને ફરીથી આકાર આપવા, સ્વચાલિત છેતરપિંડી શોધ, તણાવ પરીક્ષણ, ક્રેડિટ પોર્ટફોલિયો મોનિટરિંગ, નાણાકીય નિયમન સાથે સ્વચાલિત પાલન, રોકાણ સંબંધિત વર્તણૂકની આગાહી અને માર્ગદર્શનનો સમાવેશ થાય છે. AI પાસે કેન્દ્રીય બેંકોની દેખરેખને મજબૂત કરવાની અને તેમની નાણાકીય નીતિના આદેશમાં તેમને ટેકો આપવાની ક્ષમતા પણ છે.

જો કે, જ્યારે મોટાભાગની નાણાકીય સંસ્થાઓ નાની સંખ્યામાં ટેક્નોલોજી પ્લેયર્સ ઉપર આધાર રાખે છે ત્યારે AI ઉપર વધુ પડતી નિર્ભરતા નાણાકીય સ્થિરતા માટે જોખમ ઊભું કરી શકે છે. તેમજ ટેકનોલોજી પ્રણાલીગત જોખમના નવા સ્ત્રોતો લાવી શકે છે, જેમાં જોખમના મૂલ્યાંકનમાં વધુ એકરૂપતા અને વધુ પરસ્પર જોડાણનો સમાવેશ થાય છે.

**AI અને સેન્ટ્રલ બેંકિંગ**

વૈશ્વિક સ્તરે, કેન્દ્રીય બેંકર્સે AIને વ્યાપકપણે અપનાવ્યું છે. કેન્દ્રીય બેંકો તેના આકાર અને વિતરણને ધ્યાનમાં લીધા વિના ડેટામાં આઉટલીયર્સને ઓળખવા માટે AI આધારિત તકનીકોનો ઉપયોગ કરી રહી છે. એકવાર મોડેલ આઉટલીયર્સને ઓળખે પછી નિષ્ણાતો દ્વારા અલ્ગોરિધમ રિફાઈન કરવા માટે સમીક્ષા કરી શકાય છે. આ પ્રતિસાદ લૂપ AI આધારિત મોડલ્સની 'બ્લેક-બોક્સ' પ્રકૃતિને દૂર કરે છે. આવા મૉડલ્સનો તેના લખાણો ઉપર પ્રક્રિયા કરવાની ક્ષમતા, અર્થશાસ્ત્રીઓ અને બજારના સહભાગીઓ સાથેના ઈન્ટરવ્યુ અને લાગણીઓની સમય શ્રેણી પેદા કરવાનો એક રસપ્રદ ઉપયોગ છે. સેન્ટિમેન્ટ ઈન્ડેક્સ હવે જીડીપીને કાસ્ટ કરવા અથવા આર્થિક મંદીની આગાહી કરવા માટે એક મૂલ્યવાન સાધન બની શકે છે.

AIઆધારિત મોડલ્સનો ઉપયોગ પરંપરાગત અને બિન-પરંપરાગત ડેટા સ્ત્રોતોની વિશાળ શ્રેણીમાંથી માહિતી મેળવીને નાણાકીય નીતિના નિર્ણયોને સમર્થન આપી શકે છે. ટૂલ્સ પાછલા ભાવ વધારા, ફુગાવાની અપેક્ષાઓ, આઉટપુટ ગેપ અથવા આંતરરાષ્ટ્રીય પરિબળોને કારણે ફુગાવો કેટલો છે તેનો અભ્યાસ કરીને, ફુગાવાના ડ્રાઈવ કરનારાઓને તોડી પાડવામાં પણ મદદ કરી શકે છે. AIઆધારિત સિસ્ટમ લોકોમાંથી અસંગત વ્યવહારો શોધીને ચુકવણી પ્રણાલીઓની દેખરેખમાં સુધારો કરવાની ક્ષમતા ધરાવે છે. સાયબર હુમલાઓ અને મની-લોન્ડરિંગ જેવા મુદ્દાઓને ઉકેલવા માટે આવા વ્યવહારોની સમયસર ઓળખ નિર્ણાયક છે.

તાજેતરમાં, ભારતીય રિઝર્વ બેંક ઈનોવેશન હબ (RBIH) એ ખચ્ચર ખાતાની છેતરપિંડીનો સામનો કરવા માટે AI મોડેલ વિકસાવ્યું છે. ખચ્ચર ખાતું એક વ્યક્તિ દ્વારા બનાવવામાં આવે છે, પરંતુ બીજા દ્વારા સંચાલિત થાય છે. આ ખાતાઓનો ઉપયોગ મોટાભાગે મની લોન્ડરિંગ અને કરચોરી માટે થાય છે. ક્રેડિટ સ્કોરિંગ, નાણાકીય સમાવેશ અને છેતરપિંડીની શોધ બેંકો વ્યક્તિગત રીતે પ્રદાન કરવા માટે AIસંચાલિત ચેટબોટ્સ અને વર્ચ્યુઅલ સહાયકોનો વધુને વધુ ઉપયોગ કરી રહી હોવાથી કસ્ટમર ઈન્ટરફેસને પુનઃઆકાર આપવામાં આવી રહ્યો છે. ધિરાણ અંગેના નિર્ણયોને ઝડપી બનાવવા માટે AIનો વધુને વધુ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પરંપરાગત રીતે, ધિરાણકર્તાઓ ધિરાણના નિર્ણયો લેવા માટે ક્રેડિટ સ્કોર્સ ઉપર આધાર રાખતા હોય છે. ચુકવણી ઈતિહાસ ઉપરનો ડેટા સામાન્ય રીતે મોટાભાગના ક્રેડિટ સ્કોરિંગ મોડલ્સના પાયા તરીકે કામ કરે છે, જે મર્યાદિત માળખાગત ડેટાનો ઉપયોગ કરીને ક્રેડિટ સ્કોર બનાવવા માટે રીગ્રેસન અને આંકડાકીય વિશ્લેષણનો ઉપયોગ કરે છે. જો કે, બેંકો અને ફિનટેક વધુને વધુ અસંરચિત ડેટા પર આધાર રાખે છે, જેમાં સામાજિક મીડિયા પ્રવૃત્તિ, મોબાઈલ ફોનનો ઉપયોગ અને ટેક્સ્ટ મેસેજિંગનો સમાવેશ થાય છે જેથી ક્રેડિટપાત્રતા ઉપર વધુ ઝીણવટભર્યો દૃષ્ટિકોણ પેદા થઈ શકે.

આ ડેટા માટે AIઆધારિત અલ્ગોરિધમ્સના ઉપયોગથી ઉધાર લેનારાઓની ચૂકવણી કરવાની ઈચ્છાનું મૂલ્યાંકન કરવામાં સક્ષમ બન્યું છે. આનાથી ઋણ લેનારાઓનું ઝડપી વિભાજન થાય છે, જે



ઝડપી ક્રેડિટ નિર્ણયો તરફ દોરી જાય છે. AI અને મશીન લર્નિંગ એલ્ગોરિધમ્સનો ઉપયોગ ઓછી સેવા ધરાવતી વસ્તીને ધિરાણની વધુ ઍક્સેસ પ્રદાન કરવામાં મદદ કરી શકે છે. પરંપરાગત ક્રેડિટ સ્કોરિંગ મોડલ્સમાં, સંભવિત ઉધાર લેનાર પાસે 'સ્કોરેબલ' ગણવા માટે પૂરતી માત્રામાં ક્રેડિટ ઈતિહાસ હોવો આવશ્યક છે. જો કે, પાતળી ક્રેડિટ ફાઈલો ધરાવતા ઋણ લેનારાઓ માટે, ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રોમાં નોકરી કરતા લોકો માટે આ માપદંડોની ખાતરી કરવી મુશ્કેલ છે. આ નાણાકીય સમાવેશના ઉદ્દેશ્યોનધ્ વિરૂધ્ધ ચાલે છે અને સંભવિતપણે મોટા ગ્રાહક આધારને બાકાત રાખે છે જેમાં બેંકો ટેપ કરી શકે છે. AIઆધારિત સોલ્યુશન્સ સ્વયંસંચાલિત રિપોર્ટિંગ દ્વારા નિયમનકારી અનુપાલનને સરળ બનાવી શકે છે અને વિકસતા નિયમનકારી ધોરણોનું પાલન સુનિશ્ચિત કરી શકે છે, જેનાથી ગેરવર્તણૂક અને દંડનું જોખમ ઘટે છે. ભારતમાં બેંકો આ ઉદ્દેશ્યો માટે AI સાધનોનો વધુને વધુ ઉપયોગ કરી રહી છે. બેંકોના વાર્ષિક અહેવાલો ઉપર ટેક્સ્ટ માઈનિંગનો ઉપયોગ કરીને તાજેતરના RBI પેપર દર્શાવે છે કે, ૨૦૧૫-૧૬ની સરખામણીમાં ૨૦૨૨-૨૩માં ખાનગી ક્ષેત્રની બેંકો દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અપનાવવામાં છ ગણો વધારો થયો છે.

અન્ય ઉભરતા ઉપયોગના કિસ્સાઓ ફાઈનાન્સમાં AIની ઉભરતી એપ્લિકેશન્સમાંની એક છે રોબો-સલાહકાર, એક વર્ચ્યુઅલ નાણાકીય સલાહકાર જે ડિજિટલ પ્લેટફોર્મ ઉપર રોકાણકારોને અલ્ગોરિધમ આધારિત રોકાણ સલાહકાર સેવાઓ પ્રદાન કરે છે, તેમને કોઈ માનવ હસ્તક્ષેપ વિના પોર્ટફોલિયો પસંદગીમાં મદદ કરે છે. પરંપરાગત સંપત્તિ સંચાલકોની સરખામણીમાં રોબો-સલાહકારોને ઓછા ખર્ચાળ ગણવામાં આવે છે અને રોકાણકારોના વર્તણૂકીય પૂર્વગ્રહોને નકારી શકે છે. ભારતમાં રોબો-સલાહકાર સેવાઓનો ઉપયોગ પ્રારંભિક તબક્કે હોવા છતાં, આગામી વર્ષોમાં વપરાશમાં વધારો થવાની ધારણા છે. પૂર્વગ્રહ, જોખમો અને ઘટાડાનાં પગલાં જ્યારે નાણાકીય સેવાઓમાં AIના લાભો પુષ્કળ છે, ત્યારે ડેટાના દુરૂપયોગ અને પૂર્વગ્રહના પ્રસાર સાથે સંકળાયેલા સહવર્તી જોખમો માટે નોંધપાત્ર નીતિગત પગલાં અને નિયમનકારી નિયમોની જરૂર છે. ડેટા પૂર્વગ્રહો અથવા અચોક્કસ માહિતી ટેક્નોલોજી માટે અવિશ્વાસમાં પરિણમી શકે છે. વ્યાપક સ્તરે AIનો ઉપયોગ નાણાકીય સ્થિરતાના જોખમોને વેગ આપવાની ક્ષમતા ધરાવે છે. જો ઘણા બજાર સહભાગીઓ ક્રેડિટ સ્કોરિંગ અથવા નાણાકીય બજાર પ્રવૃત્તિઓમાં સમાન AI અને મશીન લર્નિંગ પ્રોગ્રામ્સનો ઉપયોગ કરવાનું વલણ ધરાવે છે, તો પરિણામી સહસંબંધિત જોખમ અને પશુપાલન વર્તન નાણાકીય સ્થિરતાના જોખમોને વધારી શકે છે. વૈશ્વિક સ્તરે, અધિકારક્ષેત્રો નીતિ દરમ્યાનગીરી દ્વારા આ જોખમોને પ્રતિસાદ આપી રહ્યા છે. યુરોપિયન યુનિયન (EU) AI એક્ટ, જુલાઈ ૨૦૨૪માં ઘડવામાં આવ્યો, એઆઈ સિસ્ટમ્સનું વ્યાપક, જોખમ આધારિત વર્ગીકરણ ધરાવે છે, જે ઉપયોગ-કેસ અજ્ઞેયવાદી છે. વીમા અને ક્રેડિટ અન્ડરરાઈટિંગ જેવી નાણાકીય સેવાઓમાં ઉપયોગના કેસોને કાયદા હેઠળ ઉચ્ચ જોખમવાળી સિસ્ટમ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે, જેના માટેના નિયમો ઓગસ્ટ ૨૦૨૭થી અમલમાં આવવાના છે. સિંગાપોરની મોનેટરી ઓથોરિટીએ ૨૦૧૮માં 'FEAT સિદ્ધાંતો' રજૂ કર્યા હતા. આ સિદ્ધાંતો અને મૂલ્યાંકન પદ્ધતિ AI ના જવાબદાર ઉપયોગ માટે 'નિષ્પક્ષતા, નૈતિકતા, જવાબદારી અને પારદર્શિતા' પગલાં ઉપર આધારિત છે. ભારતમાં, સેબીએ ૨૦૧૯થી તેની નોંધાયેલ સંસ્થાઓ દ્વારા AI એપ્લિકેશનના ઉપયોગની જાણ કરવી જરૂરી છે. વ્યાપક સ્તરે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટેની રાષ્ટ્રીય વ્યૂહરચના નવીનતા અને સલામતી વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. જટિલતા અને આ મોડેલો સાથે સંકળાયેલા જોખમોને જોતાં, આવા જોખમોને ઘટાડવા માટે સ્પષ્ટતા મૂલ્યાંકનની જરૂર પડી શકે છે.

# સૌરાષ્ટ્ર કક્ષા બાળ પ્રતિભા સ્પર્ધામા પોરબંદરની બોખીરા પે. સેન્ટર શાળાની વિદ્યાર્થીનીએ પ્રથમ ક્રમે મેદાન માર્યું

## પિતા પોરબંદરની પારાવાડા હાઈસ્કૂલમાં શિક્ષક હોય તે સાહિત્યકાર, કવિ, વક્તા તો કાવ્યા એ લોકગીતમાં મેદાન મારી" મોરના ઈંડા ચીતરવા ના પડે " કહેવત સાર્થક કરી






(પ્રતિનિધિ દ્વારા)

ગોસા(ઘેડ) તા. ૭

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર આયોજિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગીરી સોમનાથ દ્વારા તાજેતરમાં પ્રભાસ પાટણ જીલ્લો ગીર સોમનાથ ખાતે ૧૨ જિલ્લાની સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા બાળ પ્રતિભા શોધ-૨૦૨૪ની વિવિધ સ્પર્ધાઓનું આયોજન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મૂળ દ્વારકા અને હાલ પોરબંદરને બોખીરા પે.સેન્ટર પ્રાથમિક શાળામાં ધોરણ પાંચમાં અભ્યાસ કરતી અબોટી બ્રાહ્મણ જ્ઞાતિ સમાજની કાવ્યા મનસુખભાઈ ઠાકર એ લોકગીત વિભાગની કેટેગરીમાં પ્રથમ સ્થાને વિજેતા બની મેદાન મારતા પોરબંદર અને દ્વારકા બંને જિલ્લાનું ગૌરવ વધારતા કાવ્યા ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે. સોમનાથ જિલ્લા અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ દ્વારા તાજેતરમાં સોમનાથ ખાતે આવેલ શ્રી રામ મંદિર એડોટી રિયમ ખાતે ૧૨ જિલ્લાઓની બાળ પ્રતિભા સ્પર્ધા યોજવામાં આવી હતી. આ બાળ પ્રતિભા સ્પર્ધામાં વકૃત્વ સ્પર્ધા, નિબંધ ચિત્રકલા સર્જનાત્મક કામગીરી લગ્ન ગીત લોક વાદ્ય સંગીત એક પાત્રીય અભિનય દુહા છંદ ચો પાઈ લોકગીત ભજન સમૂહ ગીત અને લોક નૃત્ય જેવી વિવિધ કેટેગરીની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. જેમાં મૂળ દ્વારકા અને હાલ પોરબંદરની બોખીરા પે.સેન્ટર શાળા ને ધોરણ પાંચમાં અભ્યાસ કરતી કાવ્યા મનસુખભાઈ ઠાકરએ લોકગીત વિભાગમાં ક્રમે વિજેતા જાહેર ઘોષિત થતા પોરબંદર અને દ્વારકા બંને જિલ્લાઓનું ગૌરવ વધાર્યુ છે. ત્યારે બંને જિલ્લા વાસીઓએ કાવ્યા ઉપર અભિનંદનને વર્ષા વરસાવી ઉતરોતર પ્રગતિના સોપનો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી છે. સોમનાથ ખાતે વિવિધ કેટેગરીની બાળ શોધ સ્પર્ધાઓમાં પોરબંદર જિલ્લામાંથી જુદી જુદી સ્પર્ધાઓમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તે પૈકી એક માત્ર કાવ્યા ઠાકરએ લોકગીત વિભાગમાં પ્રથમ ક્રમે મેદાન મારી પોરબંદર અને દ્વારકા જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. પોરબંદરની બોખીરા પે.સેન્ટર શાળામાં ધોરણ પાંચમાં અભ્યાસ કરતી કુમારી કાવ્યાના પિતા મનસુખભાઈ ઠાકર પોરબંદરની પારાવાડા સરકારી હાઈસ્કૂલમાં મદદનીશ સાયન્સ શિક્ષક તરીકે ફરજ બજાવે છે. મનસુખભાઈ ઠાકર પણ એક સારા સાહિત્યકાર અને કવિ છે. તેમજ સારા પુસ્તકોના વાંચક પણ છે. તેઓનો પણ સાહિત્ય ક્ષેત્રે અને શિક્ષણ ક્ષેત્ર નવતર પ્રયોગ થકી શિક્ષણની ગુણવત્તા સુધારણામાં બહુમૂલ્ય ફાળો છે. તેમજ એક સારા વક્તા પણ છે. વિવિધ શાળા કોલેજમાં તેમના વ્યક્તિઓને એક સારો આવકાર સાંપળ્યો છે. જ્યારે તેમની પુત્રી કાવ્યાએ સૌરાષ્ટ્રની ૧૨ જિલ્લાઓની બાળ શોધ સ્પર્ધામાં લોકગીત વિભાગની સ્પર્ધામાં એકમાત્ર કાવ્યાએ પ્રથમ સ્થાન મેળવતા " મોરના ઈંડા ચીતરવા ન પડે " કહેવતને સાર્થક કરી બતાવેલ છે.

# ડોળાસા નજીકના માલગામ ખાતે ફોર ટ્રેક રોડની ઉંચાઈ દસ ફૂટ પણ મુસાફરોને રોડ ઉપર ચડવા કોઈ સુવિધા નહિ : બેસવાની પણ કોઈ સુવિધા નહિ




(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૭

ડોળાસા નજીકના માલગામ પાસે ફોર ટ્રેક રોડ દસ ફૂટ ઉંચો બનાવાયો છે. જેથી મુસાફરોને મુસાફરી કરવી હોય તો દસ ફૂટ ઊંચા બસ સ્ટોપ ઉપર જવા ટેકરા ઉપર ચડવું પડે છે પણ અહી કોઈ સુવિધા ન હોય માલગામ ના લોકો જીવ ન જોખમે નીચે ઉપર આવન જાવન કરે છે. કોડીનાર તાલુકાના માલગામ બસ સ્ટોપ ગામ થી દસ ફૂટ ઊંચું છે. જેથી મુસાફરોને ખાડા વાળા ટેકરા ઉપર અસલામત રીતે ચડે ઉતરે છે. અહી સુવિધાની કોઈ દરકાર લેવામાં આવી નથી પણ ટોલનું ઉઘરાણું ચાલુ કરી દીધું છે. માલગામ બસ સ્ટોપ જવા પગથિયાં બનાવવા જરૂરી છે. આ ઉપરાંત માલગામ, વેળવા અને અડવી ખાતે મુસાફરોને બેસવાની પણ કોઈ સુવિધા નથી. મુસાફરો જ્યાં સુધી વાહન ન મળે ત્યાં સુધી તડકો હોય કે ચોમાસું કે શિયાળો અહી ઊભા ઊભા જ સમય કાઢવો પડે છે. અડવી, વેળવા અને માલગામના લોકો સત્વરે બસ સ્ટેશન છાપરી લગાવવા માંગ કરી છે.

# ડોળાસા નજીકના અડવી - પાંચ પીપળવા રોડ ઉપર ગાંડા બાવળના ઝુંડ જામ્યા, વાહન ચાલકો પરેશાન : રોડની બંને બાજુ માટી કામ પણ બાકી છે



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૭

કોડીનાર તાલુકાના અડવીથી પાંચ પીપળવા રોડ ઉપર ગાંડા બાવળના ઝાડ એવા ફેલાયા છે. રોડની બંને બાજુ રોડ ઉપર આવી જતા રોડ સાંકડો બની ગયો છે. જેના કારણે વાહન ચાલકો ભારે પરેશાન થઈ રહ્યા છે. ડોળાસા નજીકના પાંચ પીપળવાથી અડવી સુધીનો ત્રણ કી.મી.નો નવો પેવર રોડ ગત ચોમાસા પૂર્વે બન્યો છે. ચોમાસા દરમ્યાન ગાંડા બાવળના ઝાડ એવા જોરાયા છે. ગીચ જંગલ બની ગયું છે. એટલું જ નહિ આ ગાંડા બાવળની ડાળીઓ રોડની બંને બાજુ એકથી દોઢ ફૂટ રોડ ઉપર ફેલાતા રોડ સાંકડો બની ગયો છે. એના કારણે ખુલ્લા વાહન ચાલકોને આ ગાંડા બાવળની ડાળીઓ ચહેરા ઉપર અથડાય છે અને આ બાવળના ઝાડ રોડ ઉપરથી તુરત હટાવવા નહિ આવે તો હજુ પણ આ ડાળીઓ રોડ ઉપર વધુ ફેલાશે અને રોડ વધુ સાંકડો થઈ જશે. જેના કારણે અકસ્માત સર્જવાનો ભય વધી જશે. આ ઉપરાંત રોડની બંને બાજુએ માટી કામ બાકી છે જેના કારણે સિમેન્ટ રોડ ઉપર છ-છ ઈંચની કટ છે. જેના કારણે પણ વાહન ચાલકોને અકસ્માતનો સતત ભય રહે છે. પાંચ પીપળવાની મોટા ભાગની સીમ પાંચ પીપળવા અડવી રોડ ઉપર આવેલી છે. ખેડૂતો, પશુ પાલક બહેનો અને ભાઈઓ, મજૂર વર્ગ અને અહીં વસતા ખેડૂતોના બાળકો જે ગામમાં શાળાએ ભણવા જાય છે અને અહી ગીચ જંગલની જેમ ગાંડા બાવળ ઝાડ હોય તેમાં જંગલી પશુઓ સાવજ, દીપડા છૂપાયેલા રહે છે. જેનો પણ લોકોને સતત ડર રહે છે. ત્રણ વરસ પહેલાં આ વિસ્તારમાં રહેતા મજૂર પરિવારના બાળકને માતાની નજર સામે ઘરના ફળિયામાંથી એક દીપડો ઉઠાવી ગયો હતો પણ આ જનેતાએ લાકડી ઉપાડી દીપડાનો પીછો કરી બાળકને દીપડાના મુખમાંથી છોડાવ્યો હતો પણ ઘણીવાર બાળકો એકલા પણ પસાર થતા હોય ડર રોજ માટે રહે છે. આ બાવળ તુરત દૂર કરી રોડની બંને હજુ બાકી રહેલું માટી કામ પણ પૂર્ણ કરવા પાંચ પીપળવા ગામના લોકોની માંગ છે.

# મુંદ્રા રો-રો(RORO) ટર્મિનલે સૌથી વધુ કાર શિપમેન્ટ નિકાસનો વિક્રમ સર્જ્યો

## દર કલાકે ૧૧૬ કારોની નિકાસ સાથે ઓટોમોબાઈલ ઉદ્યોગમાં નોંધપાત્ર યોગદાન



(પ્રતિનિધિ દ્વારા)

મુન્દ્રા તા. ૭

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન(APSEZ) સંચાલિત સેવાઓમાં સતત નવા રેકોર્ડસ સર્જાઈ રહ્યા છે. અદાણી પોર્ટ્સ મુન્દ્રા રો-રો ટર્મિનલે સૌથી વધુ કાર શિપમેન્ટ નિકાસ કરવાનો વિક્રમ સર્જ્યો છે. તાજેતરમાંપોર્ટે સ્ફ મોર્નિંગ ક્લેર જહાજનું સફળતાપૂર્વક સંચાલન કરતા૫,૪૦૫ કારની સૌથી મોટી સિંગલ વ્હીકલ નિકાસ કરી છે. દર કલાકે ૧૧૬ કારોનીનિકાસ સાથેમુન્દ્રા RORO ટર્મિનલે ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. અદાણી પોર્ટ્સ મુન્દ્રા રો-રો ટર્મિનલ ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગમાં મહત્વપૂર્ણ પ્લેયર છે. RORO સુવિધા અંતર્ગતતે ૧૦૦ થી વધુ દેશોમાં વાહનોની નિકાસ કરે છે. અદાણી પોર્ટ્સ ખાતેના શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નિષ્ણાતોની ટીમ દ્વારા જહાજની અંદર ખાસ પ્રકારના પાર્કિંગ અને સમયસર વાહન પરિવહનનીકાર્યક્ષમતા ઉડીને આંખે વળગે તેવીછે. પોર્ટ ઓપરેશન ટીમની સખત મહેનત અને સમર્પણના કારણે આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ થઈ છે. ૨૦૦૯માં સ્થાપિત મુંદ્રા રો-રોટર્મિનલ દિલ્હી NCR, રાજસ્થાન અને ગુજરાત પ્રદેશોમાં સ્થિત ઓટોમોબાઈલ કંપનીઓ માટે ગેટવે પોર્ટ તરીકે સેવા આપે છે. રાઉન્ડ-ધ-ક્લોક ટર્મિનલ દુનિયાભરનાઅનેક દેશોમાં કાર, બસ અને ટ્રકની નિકાસનું સંચાલન કરે છે. ભારતમાં અનન્યએવુ મુંદ્રા RORO ટર્મિનલઅલ્ટ્રા મોર્ડન ફ્લોટિંગ પોન્ટૂન અને લિંક સ્પાનથી સુસજ્જ છે. વળી તેમાં બફર યાર્ડની સાથે પાર્કિંગ અને વાહનો ધોવા માટે ધોવાની સુવિધા પણ છે.

મલ્ટિમોડલ કનેક્ટિવિટી સાથે મુન્દ્રા બંદર ભારતના મુખ્ય આર્થિક પ્રવેશદ્વાર સમાન છે.તેદેશના ઉત્તરીય અંતરિયાળ વિસ્તારને આયાત-નિકાસ સહિતની વિવિધ સુવિધાઓ પૂરી પાડે છે. અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું કોલસાનું સૌથી મોટું આયાત ટર્મિનલ મુંદ્રા ભારતનું સૌથી મોટું વ્યાપારી બંદર છે. તે ઝડપી કાર્ગો ઈવેક્યુએશન અને ન્યૂનતમ ટર્નઅરાઉન્ડ સમયની ખાતરી આપે છે. ગ્રાહકલક્ષી અભિગમ સાથે ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને APSEZએ સતત નવા બેન્ચમાર્ક સ્થાપ્યા છે. APSEZની ઉપલબ્ધિ ઝડપી ગતિશીલ ફેરફારોને સ્વીકારવાની અને ટકાઉ વૃદ્ધિ તરફ તેની સફર ચાલુ રાખવાની ક્ષમતાને દર્શાવે છે.

## ઓલિમ્પિકનું આયોજન કરવું એ એક સ્વપ્ન : મોદી

# ઓલિમ્પિક ૨૦૩૬ની યજમાની કરવા માટે ગુજરાતીઓ તૈયાર

## ભારતીય ઓલિમ્પિક સંઘની વર્ષ ૨૦૩૬માં રમાનાર ઓલિમ્પિક ગેમ્સને ભારતમાં આયોજિત કરવા દાવેદારી

નવી દિલ્હી, તા.૭

ઓલિમ્પિકનું આયોજન આ વર્ષે પેરિસમાં થયું હતુ. જેમાં અનેક દેશોના એથ્લીટે ભાગ લીધો હતો. આગામી ગેમ્સ લોસ એન્જિલ્સમાં વર્ષ ૨૦૦૮માં આયોજિત થશે. જ્યારે ૨૦૩૨ની મેજબાની ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેન શહેરમાં કરવામાં આવશે. ૨૦૩૬માં થાનારા ઓલિમ્પિકની મેજબાની ક્યાં શહેરને મળવાની છે. તેનો નિર્ણય હજુ લેવાનો બાકી છે. પરંતુ આ વચ્ચે ભારતીય ઓલિમ્પિક સંઘ એટલે કે, આઈઓએ વર્ષ ૨૦૨૬ની ઓલિમ્પિક રમતની મેજબાનીને લઈ આઈઓસીને એક લેટર મોકલ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમના ભાષણમાં અનેક વખત ૨૦૩૬ ઓલિમ્પિક ભારતમાં આયોજન કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી ચૂક્યા છે. પીએમ કહી ચૂક્યા છે કે, ૨૦૩૬માં ઓલિમ્પિકનું આયોજન કરવું એ એક સ્વપ્ન છે જેના માટે અમે સક્રિયપણે કામ કરી રહ્યા છીએ. તમને જણાવી દઈએ કે, આ વખતે પેરિસમાં ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ભારતીય એથ્લિટે ૧ સિલ્વર મેડલ સાથે કુલ ૬ મેડલ જીત્યા હતા. અમદાવાદમાં ૨૦૩૬ની ઓલિમ્પિકની લઈ તડામાર તૈયારીઓ પણ શરુ થઈ ચૂકી છે.

તમને જણાવી દઈએ કે, ૨૦૩૬ ઓલિમ્પિક માટે અમદાવાદ શહેર પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યું છે. ભારતે અત્યારસુધી ઓલિમ્પિકની મેજબાની કરી નથી. ભારતે માત્ર એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સની મેજબાની કરી છે.

## ૧૦ વર્ષ બાદ ટોપ-૨૦માંથી થયો બહાર

# ICC ટેસ્ટ રેન્કિંગમાં પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીને નુકસાન

દુબઈ, તા.૭

સ્ટાર ભારતીય બેટર વિરાટ કોહલીને બુધવારે આઈસીસીએ જાહેર કરેલા લેટેસ્ટ ટેસ્ટ રેન્કિંગમાં નુકસાન થયું છે. ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ખરાબ પ્રદર્શનને કારણે કોહલી બેટરોના રેન્કિંગમાં ટોપ-૨૦માંથી બહાર થયો છે.

૨૦૧૪ બાદ પ્રથમવાર આવું બન્યું છે, જ્યારે કોહલી બેટરોના રેક્કિંગમાં ટોપ-૨૦માંથી બહાર થઈ ગયો છે. કોહલીએ ન્યૂઝીલેન્ડ સામે ત્રણ મેચની ટેસ્ટ સિરીઝમાં માત્ર ૯૩ રન બનાવ્યા હતા. કોહલી હવે આઈસીસી ટેસ્ટ રેન્કિંમાં ૨૨માં સ્થાન પર છે.

ભારતીય અનુભવી બેટર વિરાટ કોહલી અને રોહિત શર્મા તાજેતરમાં ન્યૂઝીલેન્ડ સામે સમાપ્ત થયેલી સિરીઝમાં ફ્લોપ રહ્યાં હતા અને સસ્તામાં આઉટ થયા હતા. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ન્યૂઝીલેન્ડ પ્રથમ ટીમ હતી, જેણે ભારતને તેના ઘરમાં ૩-૦થી કારમો પરાજય આપ્યો હતો. ભારતીય કેપ્ટન રોહિત શર્મા પણ રન બનાવવામાં નિષ્ફળ રહ્યો હતો. તેને બે સ્થાનનું નુકસાન થયું છે અને તે ૨૬માં સ્થાને છે.

ટેસ્ટ બેટરોના રેન્કિંગમાં ટોપ પર જો રૂટ છે, તેણે પાકિસ્તાન સામે પ્રથમ ટેસ્ટમાં બેવડી સદી ફટકારી હતી. રૂટ બાદ કેન વિલિયમસન અને હેરી બ્રૂક છે. ભારતના યુવા બેટર યશસ્વી જાયસવાલને પણ એક સ્થાનનું નુકસાન થયું અને તે ચોથા સ્થાને ખસી ગયો છે. વિકેટકીપર બેટર રિષભ પંતને પાંચ સ્થાનનો ફાયદો થયો અને તે પાંચમાં સ્થાને પહોંચી ગયો છે. જ્યારે શુભમન ગિલ ૧૬માં સ્થાને છે. ભારતનો અનુભવી સ્પિનર રવિન્દ્ર જાડેજા લેટેસ્ટ રેન્કિંગમાં બે સ્થાનના ફાયદા સાથે છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. આર અશ્વિન પાંચમાં સ્થાને છે. જાડેજાએ મુંબઈ ટેસ્ટમાં ૧૦ વિકેટ લીધી હતી. વોશિંગટન સુંદર ટેસ્ટ બોલરોની રેક્કિંગમાં ૪૬માં સ્થાને પહોંચી ગયો છે. જ્યારે એજાઝ પટેલ ૨૨માં સ્થાન પર પહોંચ્યો છે. એજાઝને ૧૨ સ્થાનનો ફાયદો થયો છે.

## એક્ટ્રેસ રોમા માણેક પણ દર્શન માટે પહોંચ્યા

# ગોવિંદાની ધર્મપત્ની સુનિતા અંબાજી દર્શાનાર્થે પહોંચ્યા

અંબાજી, તા.૭

બુધવારે લાભ પાંચમ ને લઈ અંબાજીમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. એટલું જ નહિ આમ તો ભાઈ બીજના દિવસે અનેક ફિલ્મ કલાકારો અંબાજી દર્શને આવવાની એક પરંપરા જોવા મળતી હતી, પણ એ પરંપરા તૂટી જતા હવે આ વખતે લાભપાંચમથી નવી પરંપરા શરુ થાય તેવું જોવા મળી રહ્યું છે.

આજે ગુજરાતી ફિલ્મ જગતની એક્ટ્રેસ રોમા માણેક તેમજ હિન્દી ફિલ્મ જગતના મોટા ગજાના કલાકાર કહેવાતા ગોવિંદાની ધર્મપત્ની સુનિતા આજે માતાજીના દર્શાનાર્થે પહોંચ્યા હતા, ત્યાં ચાચરચોકમાં મંદિરના વહીવટદાર ધ્વરા ખેસ પહેરાવી આ બંને કલાકારો ન સન્માન કરાયું હતું. ત્યારબાદ અંબાજી મંદિરમાં માતાજીને નતમસ્તક થઈ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. જોકે અંબાજીમાં પહોંચેલા ફિલ્મ સ્ટાર ગોવિંદાની ધર્મપત્ની સુનિતાજીએ જણાવ્યું હતુ કે મારા દીકરાની ફિલ્મ શરૂ થઈ રહી છે અને તે પિક્ચર સુપર હિટ થાય તે માટે પૂજા કરવા આવી છું. સાથે જણાવ્યું હતું કે મારો દિકરો પોતાના પિતા કરતા પણ મોટો એક્ટર બને તેવી કામના કરી હતી અને તેની પિક્ચર સુપર ડુપર થશે. ત્યારે ફરી અંબાજીમાં આવી માતાજીને ધજા ચઢાવવાનો પ્રણ લીધો હતો. જોકે આ પ્રંસગે રોમા માણેકે જણાવ્યું હતું કે આજે લાભપાંચમ છે ને માતાજી તમામ ની મનોકામના પૂર્ણ કરે સૌ નું કલ્યાણ થાય તેવી અપેક્ષા સાથે રોમા માણેક અને ફિલ્મ સ્ટાર ગોવિંદા નિ ધર્મપત્ની સુનિતાજી એ માતાજી ના મંદિર ના શિખરે

## ગુજરાતની જેલમાં બંધ ગેંગસ્ટર

# લોરેન્સ બિશ્નોઈને નવાબ સતપાલ તંવરે મારી નાખવાની ધમકી આપી

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને નવાબ સતપાલ તંવરે મારી નાખવાની ધમકી આપી છે. હાલમાં નવાબ સતપાલ તંવર બે કારણોસર ચર્ચામાં છે. એક તરફ તેણે લોરેન્સ બિશ્નોઈને ૨ કલાક ૪ મિનિટમાં ખતમ કરી નાખવાની વાત ખી રહ્યો છે. તો બીજી તરફ તંવરે દાવો કર્યો છે કે લોરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈ મને ધમકીઓ આપી રહ્યો છે. હકીકતમાં નવાબ સતપાલ તંવર ભીમ સેના નામના સંગઠનનો વડા છે. તંવરે ૨૦૧૦માં આ સંગઠનની સ્થાપના કરી હતી. તેના દ્વારા તે દલિતોનો અવાજ ઉઠાવવાનો દાવો કરે છે. ભૂતપૂર્વ સૈનિકનો પુત્ર સતપાલ પોતાને ધાર્મિક અને જાતિ આધારિત ભેદભાવનો વિરોધી હોવાનો ગણાવે છે. તે ગુરુગ્રામના ખાંડસા વિસ્તારના રહેવાસી છે. તંવર વર્ષ ૨૦૧૬માં પહેલીવાર ચર્ચામાં આવ્યો હતો. જયારે તેણે હરિયાણાની પ્રખ્યાત ડાન્સર સપના ચૌધરી વિરુદ્ધ SC/ST એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો હતો. આ સિવાય ભાજપ નેતા નુપુર શર્મા વિરુદ્ધ નિવેદન આપીને પણ તે ચર્ચામાં આવ્યો હતો. ત્યારબાદ દિલ્હી પોલીસે તેની ધરપકડ પણ કરી હતી. લાંબા સમયથી ભીમ સેના પ્રમુખ નવાબ સતપાલ તંવર લોરેન્સ બિશ્નોઈ તરફથી ધમકીઓ મળવાની વાત કરી રહ્યો છે. આ વર્ષે એપ્રિલમાં તેણે લોરેન્સ બિશ્નોઈ તરફથી પોતાને ધમકીભર્યો પત્ર મળવાની વાત કરી હતી. ત્યારે તેણે પોલીસમાં ફરિયાદ કરી હતી. હાલમાં જ મુંબઈમાં બાબા સિદ્દીકીની હત્યા બાદ સતપાલ તંવરે લોરેન્સ બિશ્નોઈને માટીમાં મિલાવી દેવાની વાત ખી હતી. તેણે એક વીડિયોમાં કહ્યું હતું કે, 'લોરેન્સ બિશ્નોઈ એક ખતરનાક દેશદ્રોહી અને ગુનેગાર છે.

જો ગૃહમંત્રી પરવાનગી આપશે તો અમે ૨ કલાક અને ૪ મિનિટમાં લોરેન્સ બિશ્નોઈને માટીમાં મિલાવી દઈશું. અને આખી દુનિયામાંથી લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નામ મિટાવી દઈશું.'

હવે સતપાલ તંવરે દાવો કર્યો છે કે લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલે તેને ધમકી આપી છે. તેણે ધમકીનો ઓડિયો પણ જાહેર કર્યો છે. અને અનમોલ વિરુદ્ધ એફઆઈઆર પણ નોંધાવી છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. હવે અનમોલની કથિત ધમકી બાદ નવાબે પોતાને સિંહ ગણાવીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર લખ્યું છે કે, 'છોટા ડોન અને છોટા અનમોલ બિશ્નોઈ અત્યાર સુધી તું ઉંદરો જેવા લોકો સામે પડ્યો હતો. કારણ કે તું બાળક છો, પરંતુ હવે તે સિંહના જડબામાં આવી ગયો છે અને એ સિંહનું નામ નવાબ સતપાલ તંવર છે. આ અંગે પોલીસના પ્રવક્તાએ કહ્યું હતું કે, 'અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે ધમકી અનમોલ બિશ્નોઈના નામે કોઈ અન્ય વ્યક્તિ દ્વારા આપવામાં આવી છે. સતપાલ તંવરને કોણે ફોન કર્યો હતો તેની હાલ તપાસ કરવામાં આવી રહી છે.'

# સોમવારથી રાજકોટ જીવનનગરમાં શ્રીમદ ભાગવત સપ્તાહ યોજાશે




### જીવનનગર વિકાસ સમિતિ અને શિવશક્તિ ધૂન મંડળ આયોજીત જ્ઞાનયજ્ઞ : દરરોજ બપોરે ત્રણ થી સાડા છ કલાક સુધી કથામૃત

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૭

જીવનનગર વિકાસ સમિતિ, શિવશકિત ધૂન મંડળ, મહિલા સત્સંગ મંડળ ઉપક્રમે રૈયા રોડ, કનૈયા ચોક પાસે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞાનું સોમવાર તા.૧૧મીથી અદ્દભુત આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વ્યાસપીઠે શાસ્ત્રીજી ભાનુશંકરભાઈ મહેતા બિરાજશે. કથામાં ભા.જ.પ. ના પદાધિકારીઓ હાજરી આપશે. શિવશકિત ધૂન મંડળની યાદી મુજબ, ભાગવત સપ્તાહમાં પોથીયાત્રા ૧૧ મી સોમવાર બપોરે ૩ કલાકે પ્રારંભ થશે. સતી ચરિત્ર તા. ૧૨ મી સાંજે, નૃસિંહ પ્રાગ્ટય તા. ૧૩ મી સાંજે, વામન જન્મ, રામ જન્મ, કૃષ્ણ જન્મ મહોત્સવ તા.૧૪ મી ગુરૂવાર બપોરથી સાંજ સુધીમાં કરવામાં આવશે. ગોવર્ધન ઉત્સવ તા. ૧૫ મી શુક્રવાર, રૂક્ષ્મણી વિવાહ તા.૧૬ મી શનિવાર સાંજે અને પરિક્ષિત મોક્ષ તા.૧૭મી સાંજે સમાપન થશે. વ્યાસાસને ભાનુશંકરભાઈ મહેતાની આ ભાગવત કથા ૩૪૭ મી જીવનનગરમાં યોજાશે. મુળ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના મોટી પિંડાખાઈના વતની કથાકાર છેલ્લા ૩૨ વર્ષથી કથાનું રસપાન કરાવે છે. માનવ સેવાને અનુરૂપ અત્યાર સુધી સમુહ લગ્નમાં ૪૭૦ કન્યાઓને કન્યાદાન કરેલ છે. લોકસેવાના કાર્યમાં અગ્રેસર છે. શિવશકિત ધૂન મંડળે ભગીરથ કાર્યના મહારથી રેખાબેન વાઢેર, કુસુમબેન ચૌહાણ, પ્રફુલ્લાબેન બોરીચા, જયશ્રીબેન મોડેસરા, દક્ષાબેન પાઠક, પ્રવિણાબેન ગોંડલીયા, ભદ્રાબેન ગોહેલ, હર્ષાબેન પંડયાની દેખરેખમાં આયોજન થયું છે. ભાગવત સપ્તાહમાં પુજાબેન પ્રશાંતભાઈ વાઢેર, વીણાબેન ચૌહાણ, ચેતનાબેન મોડેસરા, યોગિતાબેન મયુરભાઈ, જલ્પાબેન બોરીચા, આરતીબેન વાઢેર, દિપાલીબેન ગોંડલીયા, મિતલબેન શ્રેયાંશભાઈ પાઠક, હિનાબેન ચૌહાણ, સોનલબેન મોડેસરા, ખ્યાતિબેન ચૌહાણ, હિનાબેન આકાશભાઈ પંડયા ઉપરાંત આસપાસના રહીશો કથા ઉત્સાહમાં ભાગ લેવાના છે. સમિતિના પ્રમુખ જયંત પંડયા, મુકેશભાઈ પોપટ, ડો. તેજસ ચોકસી, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, કમલેશ પાઠક, દિગંત પાઠક, રાજેશ બોરીચા, મિતેશ ચૌહાણ, અંકલેશ ગોહિલ, પ્રકાશ મનસુખભાઈ, કેતનભાઈ મકવાણા કાર્યકરો સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. અંતમાં જીવનનગર, જ્ઞાનજીવન, શિવપરા, તિરૂપતિનગર, અમી પાર્ક, દેશળદેવ પરા, બ્રહ્મસમાજ, રૈયા રોડના રહીશો કથામાં રસપાનનો લાભ લેવા શિવશકિત ધૂન મંડળની અપીલ છે.

# આવતીકાલે ખંભાળિયા બનશે જલારામમય : જલારામ જયંતિની ઉજવણીના વિવિધ કાર્યક્રમનું આયોજન

## રઘુવંશી યુવાઓ માટે થેલેસેમિયા કેમ્પનું સુંદર આયોજન : સલાયા, બારાડી બેરાજા, ભરાણા સહિતના ગામોમાં પણ વિવિધ આયોજનો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતી નિમિત્તે ખંભાળિયામાં આવતીકાલે શુક્રવારે અનેકવિધ ધાર્મિક તેમજ સામાજિક કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પરંપરાગત શોભાયાત્રા, મહાપ્રસાદ તેમજ રઘુવંશી તરૂણો-યુવાઓ માટે થેલેસેમિયા કેમ્પનું પણ આયોજન કરાયું છે. પૂજ્ય જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતી પ્રસંગે ખંભાળિયામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ લોહાણા મહાજન ટ્રસ્ટના ઉપક્રમે આવતીકાલે શુક્રવારે શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા સાંજે ૪ વાગ્યે અત્રે જોધપુર ગેઈટ વિસ્તારમાં આવેલા સુપ્રસિદ્ધ શ્રી જલારામ બાપાના મંદિર ખાતેથી શોભાયાત્રાની શરૂ થશે. આ શોભાયાત્રા વાજતે-ગાજતે શહેરના જુદા જુદા રાજમાર્ગો પર ફરી અને રાત્રે નવી લોહાણા મહાજન વાડી - બેઠકો રોડ ખાતે સંપન્ન થશે. જલારામ જયંતિની પૂર્વ સંધ્યાએ આજરોજ રાત્રે ૯ વાગ્યે લોહાણા મિત્ર મંડળ દ્વારા જલારામ મંદિર ખાતે જલારામ બાપાની ઝાંખીનું પણ આયોજન થયું છે. જલારામ જયંતીના પાવન પર્વે શુક્રવારે સવારે ૮ વાગે જલારામ બાપાના મંદિર ખાતે આરતી તેમજ અન્નકૂટના દર્શન, સવારે ૯:૩૦ વાગ્યે નૂતન ધ્વજારોહણ તેમજ બપોરે ૧૨:૩૦ વાગ્યે જલારામ મંદિર ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. લોહાણા મહાજન ટ્રસ્ટના ઉપક્રમે જલારામ જયંતિની ઉજવણી સાથે આવતીકાલે સાંજે ૫ થી ૯:૩૦ વાગ્યા સુધી રઘુવંશી જ્ઞાતિના ૧૦ વર્ષથી મોટી ઉંમરના છોકરાઓ તેમજ છોકરીઓ માટે થેલેસેમિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે મહાજનના ટ્રસ્ટી કમલેશભાઈ વિઠલાણીના આર્થિક સહયોગથી અહીંની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન કિરીટભાઈ મજીઠીયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો છે. જેનો લાભ લેવા જ્ઞાતિજનોને લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ રઘુવંશી જ્ઞાતિજનો માટે સમૂહ ભજન (નાત)નું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આવતીકાલે શુક્રવારે સાંજે ૬:૩૦ થી રાત્રે ૮:૩૦ વાગ્યા સુધી બહેનો માટે તેમજ રાત્રે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી ભાઈઓ માટે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું કરાયું છે. આ વચ્ચે અન્નનો બગાડ ન થાય તે માટે ખાસ તકેદારી રાખવા પણ આયોજકો દ્વારા સર્વેને અનુરોધ કરવામાં આવ્યો છે. આ તમામ આયોજનો માટે લોહાણા મહાજન ટ્રસ્ટના વડપણ હેઠળ સેવાભાવી કાર્યકરો તેમજ જ્ઞાતિની જુદી જુદી સંસ્થાઓ દ્વારા ખભેખભા મિલાવીને જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ખંભાળિયા તાલુકાના બારાડી બેરાજા ગામે આવેલા જલારામ મંદિર ખાતે પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ જલારામ જયંતિ નિમિત્તે આવતીકાલે શુક્રવારે સવારે ૧૦:૩૦ વાગ્યા શોભાયાત્રા, ૧૧:૩૦ વાગ્યે નૂતન ધ્વજારોહણ તેમજ ૧૨ વાગ્યે બટુક ભોજન અને એક વાગ્યે મહાપ્રસાદ સહિતના વિવિધ આયોજન માટે ભગવાનજી પ્રેમજીભાઈ બારાઈ પરિવાર તેમજ જ્ઞાતિના કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ખંભાળિયા તાલુકાના ભરાણા ગામે પણ છેલ્લા ૩૦ વર્ષોથી જલારામ જયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ જલારામ જયંતિ નિમિત્તે ભરાણા ગામના મંદિરે સવારે નૂતન ધ્વજારોહણ તેમજ બપોરે સમૂહ ભોજનનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ખંભાળિયા તાલુકાના સલાયા ગામે જલારામ જયંતિ નિમિત્તે જલારામ મંદિરે બપોરે ૧૨ વાગ્યે નૂતન ધ્વજારોહણ તેમજ બપોરે ૧ વાગ્યે લોહાણા મહાજન વાડી ખાતે સમસ્ત હિંદુ સમાજના સમૂહ ભોજન (મહાપ્રસાદ)નો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જે માટે સ્થાનિક વિવિધ સંસ્થાઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# વેરાવળ લોહાણા મહાજનના કારોબારી સભ્ય સાથે પત્રકારના બંન્ને પુત્રોએ માથાકુટ કરી મારી નાખવાની ધમકી આપતા ચકચાર



### સામાજીક અગ્રણીએ રોડના બદલે સાઈડમાં ફટાકડા ફોડવાનું કહેતા બંન્નેએ ઉશ્કેરાઈ જઈ ઝગડો કરવા લાગેલ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૭

વેરાવળ લોહાણા મહાજનના કારોબારી સભ્ય અને સામાજીક કાર્યકરને પત્રકારના બે પુત્રોએ જુના મનદુઃખનો ખાર રાખી જાહેરમાં ઉગ્ર બોલાચાલી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ચકચાર પ્રસરી છે. આ મામલે પોલીસે બંન્ને પુત્રો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતોનુસાર દિવાળીની રાત્રીના વેરાવળમાં બસ સ્ટેશન પાસે ગોલાવાળાને ત્યાં બેસેલા લોહાણા મહાજનના કારોબારી સભ્ય અને સામાજીક અગ્રણી અનિષ રાચ્છ અને તેના મિત્રએ નજીકમાં જાહેર રોડ ઉપર ફટાકડા ફોડતા પત્રકારના પુત્રો માધવ અને સંકેત દિપક કક્કડને સાઈડમાં ફટાકડા ફોડવાનું કહ્યુ હતુ. જેને લઈ બંન્ને ઉશ્કેરાઈ જઈ ગાળા ગાળી કરવા લાગેલ અને અહીં ફટાકડા ફોડીશું તમારાથી થાય તે કરી લ્યો. બાદમાં માધવ કક્કડએ નજીકમાં આવીને અનિષભાઈને કહેલ કે, તું મારા પપ્પા દિપક કક્કડ વિરૂધ્ધમાં કેમ ફરીયાદો કરે છે અમારા વિરૂધ્ધ ફરીયાદ કરીશ તો જ્યાં મળીશ ત્યાં જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી નાસી ગયા હતા. આ મામલે પોલીસે સામાજીક અગ્રણી અનિષ રાચ્છની ઉપરોકત ફરીયાદના આધારે માધવ અને સંકેત દિપક કક્કડ સામે બી.એન.એસ.ની કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયાના શરણેશ્વર મંદિરે શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયાના ઝવેરી બજાર વિસ્તારમાં આવેલા શ્રી શરણેશ્વર મહાદેવના મંદિર ખાતે સમૂહ શ્રીમદ ભાગવત સપ્તાહના કાર્યક્રમનો પ્રારંભ થયો છે. લાભ પાંચમના દિને તા. ૬ થી બુધવાર તારીખ ૧૩ નવેમ્બર સુધી કલ્યાણજી સત્સંગ મંડળ દ્વારા યોજાયેલી આ સમૂહ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠ પર જાણીતા કથાકાર શાસ્ત્રી શ્રી ચિરાગભાઈ શુક્લ બિરાજીને પોતાની આગવી શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે. આ પ્રસંગે આવતીકાલે શુક્રવારે સાંજે કપિલ પ્રાગટ્ય, શનિવારે સાંજે નૃસિંહ પ્રાગટ્ય, રવિવારે રામ જન્મ તેમજ કૃષ્ણ જન્મોત્સવ, સોમવારે ગોવર્ધન લીલા, મંગળવારે શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ અને બુધવારે પરીક્ષિત મોક્ષ સહિતના વિવિધ ધર્મમય કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ સમૂહ ભાગવત સપ્તાહમાં બપોરે ૩ થી સાંજે ૭ વાગ્યા સુધી કથા શ્રવણનો લાભ લેવા ધર્મ પ્રેમી જનતાને કલ્યાણજી સત્સંગ મંડળના આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સોમનાથ મહાદેવ મંદિરે ૮ નવેમ્બરે લાલકૃષ્ણ અડવાણીના જન્મદિવસે ટ્રસ્ટ તરફથી વિશેષ મહાપૂજા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૭



દેશના દિગ્ગજ-રાષ્ટ્રીય નેતા અને દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન તથા વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી લાલકૃષ્ણ અડવાણીનો ૮ નવેમ્બરે જન્મદિન હોય જેથી સોમનાથ ટ્રસ્ટ મંદિરે તેઓના નિરામય આરોગ્ય અને દીર્ઘાયુષ્ય માટે ટ્રસ્ટ દ્વારા મહામૃત્યુંજય જાપ, વિશેષ મહપૂજા ટ્રસ્ટ તરફથી યોજાય છે. સોમનાથ મંદિરના તમામ ટ્રસ્ટીઓનો જન્મદિવસ મંદિરે વિશેષ મહાપૂજા કરવાની આ પરંપરા અને ઉપક્રમ છે. અડવાણીજી તા.૨૩-૪-૧૯૯૯થી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.

# ખંભાળિયામાં મહાકાલી પૂજાના ભવ્ય કાર્યક્રમો યોજાયા-મોટી સંખ્યામાં પરપ્રાંતિય કારીગરો જોડાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭





ખંભાળિયામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી શ્રી સાર્વજનિક મહાકાલી પૂજાના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૮ થી શરૂ થયેલી મહાકાલી પૂજા આ વર્ષે ૧૭ માં વર્ષમાં પ્રવેશી હતી. આ પ્રસંગે ગત તારીખ ૩૧ થી મંગળવાર તારીખ ૫ નવેમ્બર સુધી અત્રે વૈદફળી ખાતે મહાકાલી માતાજીના ગરબા તેમજ સ્તુતિના કાર્યક્રમો યોજાયા હતા. મંગળવારે અંતિમ દિવસે માતાજીના ગરબા તેમજ મહાઆરતીનું ભવ્ય આયોજન થયું હતું.

આ સાથે ગઈકાલે બુધવારે વિસર્જનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બંગાલી સર્નોશિલ્પી કારીગરોના સંચાલન હેઠળ મહાકાલી પૂજા કમિટીના સદસ્યોના આ આયોજનમાં મોટી સંખ્યામાં બંગાલી કારીગરો તેમજ મહાકાલી માતાજીના ભક્તો જોડાયા હતા.

# વેરાવળના વિવાદિત બિલ્ડર, તેના પત્ની અને બેંક મેનેજરે સાંઠગાંઠ કરી યુવકને ૯૩ લાખનો ચુનો ચોપડયો



### હાઈકોર્ટે ફટકાર લગાવ્યા બાદ પોલીસે ત્રિપુટી સામે ગુનો નોંધ્યો : બિલ્ડરે ષડયંત્ર રચીને ખોટી સહીઓ કરીને ફરીયાદીના ખાતામાંથી ૯૩ લાખની રકમ પત્નીના ખાતામાં ટ્રાન્સફર કરેલ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૭

વેરાવળના હરણાસા ગામનો ટ્રાન્સપોર્ટર યુવકને ધંધા માટે નાણાંની જરૂરીયાત ઉભી થતા બિલ્ડર મિત્રને વાત કરતા બેંકમાંથી લોન અપાવી વિશ્વાસમાં લીધેલ હતો. બાદમાં ટ્રાન્સપોર્ટરના બેંક ખાતામાં આવેલ લોનની ૯૩ લાખની રકમ વિવાદિત બિલ્ડરે બેંક મેનજર સાથે ગોઠવણ કરી ખોટી સહીઓ કરી ખાતામાં મોબાઈલ નંબર ચેન્જ કરાવી પોતાની પત્નીના ખાતામાં ૯૩ લાખની રકમ ટ્રાન્સફર કરાવીને ચૂનો લગાવ્યો હતો. જે અંગે ટ્રાન્સપોટ્રરે અઢી માસ પુર્વે બિલ્ડર ભાવેશ ચંદુલાલ ઠકરાર તેની પત્ની અને બેંક મેનેજર સુધીર ચંદારાણા વિરૂદ્ધ ગુનો નોંધવા અરજી કરેલ જે સંદર્ભે કોઈ ઠોસ કાર્યવાહી ન થતા હાઈકોર્ટના દ્વાર ખખડાવતા ત્યાંથી આવેલ આદેશના પગલે સીટી પોલીસે ત્રિપુટી સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરતા ચકચાર પ્રસરી છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતોનુસાર વેરાવળના હરણાસાના કિરીટ નાઘેરાને એક વર્ષ પુર્વે ધંધામાં નાણાંની જરૂરીયાત ઉભી થતા તેના ભાઈના મિત્ર બિલ્ડર ભાવેશ ઠકરારને વાત કરી હતી. ત્યારે વેરાવળ પીપલ્સ બેંકમાંથી ટર્મ લોન અને સીસી લોન કિરીટભાઈને અપાવી હતી. આ બંન્ને ખાતાની ચેકબુકો ભાવેશની ઓફીસમાં હતી. આ બંન્ને લોનના ખાતામાં મંજુર થયેલ લોનના નાણાં જમા થયેલ તેનો મેસેજ કિરીટના મોબાઈલમાં આવ્યો હતો. બાદમાં ટર્મ લોન ખાતામાં રહેલ ૯૩ લાખની રકમ કિરીટની જાણ બહાર બિલ્ડરના પત્ની નેહલબેનના ખાતામાં ટ્રાન્સફર થયાનો મેસેજ આવ્યો હતો. જેને લઈ બિલ્ડર ભાવેશને વાત કરતા તેઓ થોડા સમયમાં પરત કરી દેશે તેવું જણાવેલ પરંતુ આજદીન સુધી આ રકમ પરત કરી ન હતી. આ

> વેરાવળમાં છાશવારે વિવાદમાં રહેતા અને ગેરકાયદે બાંધકામોને લઈ અનેક વાર ચર્ચામાં રહેલા આરોપી ભાવેશ ઠકરાર વિરૂદ્ધ પોલીસ કાર્યવાહી ન પગલે શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. શહેર ચર્ચાતી વિગતો મુજબ રાજકીય વગ ધરાવતા વ્હાઈટ કોલર લોકોને પ્રલોભનો આપી પોતાના બાંધકામના વ્યવસાય માં ભાગીદારો બનાવી તંત્ર પર પ્રભાવ ઉભા કરવા વૃત્તિ ધરાવતો વિવાદિત બિલ્ડર ભાવેશ ઠકરાર કાનૂની સકંજામાં બરાબર ફસાયો છે. થોડા સમય પૂર્વે આરોપી ભાવેશ ઠકરાર ને તેના ભાગીદારો સાથે હિસાબરને લઈ વિવાદો સર્જાતા અખબારોમાં લીગલ નોટિસો પણ પ્રિસિદ્ધ થઈ હતી.

ઉપરાંત કિરીટના ખાતામાં થતા વ્યવહારોના મેસેજ આવતા બંધ થઈ જતા બેંકમાં તપાસ કરતા એ ખાતામાં કિરીટના બદલે ભાવેશના નંબર રજીસ્ટર થયાનું જાણવા મળેલ હતુ. ખાતામાં મોબાઈલ નંબર બદલવા માટેની અરજીમાં કિરીટની પેઢીનો બીજો રબબર સ્ટેમ્પ બનાવી તેમાં ખોટી સહીઓ કરી હોવાનું જાણવા મળેલ હતુ. આ ઉપરાંત ભાવેશે સીસી લોનનું ખાતું પણ બોગસ સહીઓ કરી રબબર સ્ટેમ્પનો ઉપયોગ કરીને બેંક મેનેજર સુધીર ચંદારાણાની મદદગારીથી કિરીટની જાણ અને પરવાનગી વગર બંધ કરી દીધુ હતુ. આ ઉપરાંત ભાવેશએ કિરીટના સીસી લોનના ખાતાના બે ચેકોમાં ૧.૫૦ કરોડની રકમ લખી બનાવટી રબબર સ્ટેમ્પ મારી ખોટી સહીઓ કરીને અન્ય બેંકમાં રજુ કરી સિક્યોરિટી ચેકોનો દુરૂપયોગ કરી અંગે ગુનો નોંધવા ૧૬-૮-૨૪ ના રોજ અરજી કરી હતી. જેને લઈ પોલીસ ઠોસ કાર્યવાહી ન કરતી હોવાથી કિરીટભાઈએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જ્યાંથી આદેશ આવતા પોલીસે બિલ્ડર ભાવેશ ઠકરાર, પત્ની નેહલબેન ઠકરાર અને બેંક મેનેજર સુધીર ચંદારાણા સામે આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ૬૩ કિલોમીટરના અંતરમાં ત્રણ ટોલનાકા

# વેરાવળના ડોરી, વેરાવળનાક સુંદરપાર, કોડિનારના વેળવામાં એમ કુલ ૩ ટોલનાકા

### ગીરસોમનાથ જિલ્લામાંથી સોમનાથ-ભાવનગર હાઈવે પર માત્ર ૬૦ કિમીના અંતરે ત્રણ ટોલનાકા શરૂ થતાં લોકોમાં ભારે રોષ

ગીર સોમનાથ, તા.૭

ટોલનાકા પર ટોલને લઈ હંમેશા વિવાદ થતો રહ્યો છે. ફરી એકવાર નવો વિવાદ સામે આવ્યો છે. ગીરસોમનાથ જિલ્લામાંથી સોમનાથ-ભાવનગર હાઈવે પર માત્ર ૬૦ કિલોમીટરના જ અંતરે ત્રણ ટોલનાકા શરૂ થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

સરકાર પ્રજાના જ પૈસાથી નવા રોડ બનાવે છે. હાઈવેનું નિર્માણ કરે છે. તે સારી વાત છે. રોડ રસ્તા સારા હોવા જ જોઈએ. પણ સરકારી તંત્ર હાઈવેનું નિર્માણ તો કરે છે પરંતુ તે હાઈવે પર તમારે વાહન હંકારવું હોય તો ટેક્ષ આપવો પડે છે. વર્ષો સુધી ટેક્ષ ઉઘરાવવામાં આવે છે. પ્રજા ટેક્ષ પણ ભરે છે. પરંતુ ટેક્ષ ઉઘરાવવાની કોઈ લિમીટ હોવી જોઈએ. પ્રજા પાસેથી ખુલ્લી લૂંટ ન ચલાવાય. ગીર સોમનાથ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે પર ૬૩ કિલોમીટરના અંતરે જ ૩ ટોલનાકા શરૂ થતાં લોકોમાં રોષ ભભૂક્યો છે. સામાન્ય રીતે ટોલનાકુ શરૂ કરવાનો ચોક્કસ નિયમ હોય છે. અમુક કિલોમીટર પછી જ બીજુ ટોલનાકુ હોય છે. પણ અહીં નિયમો ઘોળીની પી જવાયા છે. ૬૩ કિલોમીટરના અંતરમાં ત્રણ ટોલનાકા છે. જેમાં એક વેરાવળ પાસે ડોરીમાં, બીજુ વેરાવળ નજીક સુંદરપાર અને ત્રીજુ કોડિનાર નજીક વેળવા પાસે ટોલનાકુ ખોલીને ખુલ્લેઆમ વાહનચાલકો પાસેથી ટોલની લૂંટ ચલાવવામાં આવે છે. વેરાવળ ભાવનગર હાઈવે પર વાહનચાલકોને ચાલવું જાણે મુશ્કેલ થઈ ગયું છે. ટોલ તો ઉઘરાવાય છે પરંતુ હજુ હાઈવેનું કામ પણ અધુરુ છે. કેન્દ્રીય રોડ પરિવહન મંત્રી સંસદની અંદર કહી ચુક્યા છે કે ૬૦ કિલોમીટર પછી જ બીજુ ટોલનાકુ હોવું જોઈએ. પરંતુ અહીં તો મંત્રીનું પણ માનવા ટોલ સંચાલકો તૈયાર હોય તેમ લાગતું નથી. સોમનાથથી દિવ અને ભાવનગરથી દ્વારકા જતાં પ્રવાસીઓને ટૂંકા અંતરની મુસાફરીમાં પણ તગડો ટેક્ષ આપવો પડે છે.

ટોલનાકાને કારણે સૌથી વધુ પરેશાની ટોલબુથથી માત્ર ૨૦૦ મીટરના અંતરે આવેલા ગામ લોકોને થાય છે. આ ગામના લોકોને દિવસમાં ત્રણથી ચાર વખત હાઈવે પરથી નિકળવાનું થાય છે. જેટલી વાર પસાર થાય એટલીવાર ટેક્ષ ભરવો પડે છે. જેના કારણે લોકો હેરાન થઈ ગયા છે. માસિક પાસની વ્યવસ્થા પણ શરૂ કરાઈ નથી. રોડનું કામ અધુરુ છે, અનેક જગ્યાએ ડાયવર્ઝન અપાયેલા છે અને કામ ગોકળગતિથી ચાલી રહ્યું છે જેના કારણે લોકો આક્રોષિત થયા છે.

પ્રવાસીઓ અને સ્થાનિક લોકો ટોલબુથ પર થતી ખુલ્લી લૂંટથી કંટાળ્યા છે. જે ઝડપે ટોલનાકા ઉભા કરી દેવાયા છે તેટલી ઝડપે રોડનું કામ થતું નથી. અધુરુ કામ જલદી કરવા લોકો માગણી કરી રહ્યા છે. તો ૬૩ કિલોમીટરમાં ત્રણ ટોલનાકાથી કંટાળેલા લોકો આગામી સમયમાં કોઈ મોટું આંદોલન કરે તો નવાઈ નહીં.

રામ નામ મે લીન હૈ, દેખત સબ મે રામ, તાકે પદ વંદન કરૂ, જય જય જલારામ...

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવતીકાલે સંતશિરોમણી પૂ.જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી

જૂનાગઢ તા.૭

લોહાણા રઘુવંશી સમાજના ઈષ્ટદેવ સંતશિરોમણી પૂ.જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિની આવતીકાલે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ભાવભેર ભક્તિભાવ ભેર ઉજવણી કરવામાં આવશે. સવારથી જ પૂજન-અર્ચન-આરતી-પ્રસાદ-ભોજન-શોભાયાત્રા સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. તેમજ લોહાણા રઘુવંશી પરિવારોમાં ઘરે-ઘરે પૂજય બાપાનું પૂજન-પ્રસાદ ધરાવાશે. તેમજ ઠેર-ઠેર જય જલીયાણનો નાદ ગુંજી ઉઠશે. આવતીકાલે પૂજય જલારામ બાપાની જન્મજયંતિને ઉત્સાહભેર ઉજવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને તમામ કાર્યક્રમોને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

### વીરપુરમાં પૂજ્ય સંત શિરોમણી શ્રી જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતીની ઉજવણી

સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુર જલારામ ખાતે પૂજય જલારામબાપાની આવતી ૨૨૫મી જન્મજયંતિની ભવ્યાતિભવ્ય ઉજવણી માટે તૈયારી ચાલી રહી છે. વીરપુર ધામને ધજા, પતાકા, કમાનો તેમજ રોશનીઓ લગાવી શણગાવામાં આવ્યું છે.

"જયા ટુકડો ત્યા હરી ઢુકડો" ને જીવન મંત્ર બનાવનાર જેનું આજે પણ સતત સદાવ્રત ચાલુ જ છે તે સૌરાષ્ટ્રના સંત પૂજય જલારામબાપાની આવતીકાલ તા.૦૮/૧૧/૨૪ને શુક્રવારે કારતક સુદ સાતમના રોજ ૨૨૫મી જન્મ જયંતિને ઉજવવા માટે વિરપુરમાં ભાવિકોમાં જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

યાત્રાધામ વિરપુરમાં પૂજ્ય બાપાની જન્મ જયંતિની ઉજવણી કરવા વીરપુર વેપારીઓ તેમજ અલગ અલગ મિત્ર મંડળો દ્વારા સમગ્ર વીરપુર ગામને ધજા, પતાકા ઠેરઠેર કમાનો લગાવી અને રોશનીથી ઝળહળતું કરી ગોકુળિયું ગામ બનાવવામાં આવ્યું છે. તા.૮ નવેમ્બર શુક્રવાર કારતક સુદ સાતમના દિવસે પુજયબાપાની જન્મ જયંતી ઉજવવાની તડામાર તૈયારીઓને અત્યારે સ્વયં સેવકો દ્વારા આખરીઓપ આપી દેવામાં આવ્યો છે.

બાપાની જન્મજયંતિને લઈને વીરપુર ખાતે દર્શને આવતા ભાવિકો વ્યવસ્થિત રીતે જલારામ બાપાના દર્શન કરી શકે તે માટે ત્રણસોથી વધુ સ્વયંમ સેવકો બાપાની જગ્યામાં તેમજ ધર્મશાળા અને પ્રસાદ કેન્દ્રમાં સેવા માટે ખડે પગે રહેશે. અને જન્મ જયંતિની ઉજવણીને લઈને સમગ્ર ગામજનો દ્વારા બાપાના જીવન કવનને દર્શાવતી ઝાંખીઓ સાથેની શોભાયાત્રા પણ યોજવામાં આવશે.

જગવિખ્યાત યાત્રાધામ વીરપુરમાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીને લઈને લાખો ભાવિકો વીરપુરમાં ઉમટી પડશે જેમની દર્શનથી લઈને ભોજન






પ્રસાદ સહીતની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૩૦૦થી વધુ સ્વયંસેવકો સેવાકાર્યમાં જોડાયા છે.

વધુમાં પૂજય જલારામ બાપાની જયંતીની આગલા દિવસે એટલે કે, આજે તા.૭ નવેમ્બરે રાતે આસોપાલવ પાર્ટી પ્લોટ ખાતે મહિલાઓ માટે ભવ્ય રાસ ગરબા યોજાશે તેમજ સમસ્ત ગ્રામજનો દ્વારા પૂજય બાપાની ભવ્ય શોભાયાત્રા યોજાશે જે વીરપુરના મુખ્ય ચોક મીનળવાવ ચોકથી શહેરના વિવિધ રસ્તાઓ પણ નીકળશે જેમાં વીરપુરની ગરબી મંડળની બાળાઓ રાસ ગરબા રમશે, તેમજ આ શોભાયાત્રામાં ભાવિકોને ૨૨૫ કિલો જેટલો બુંદી ગાંઠિયાનો પ્રસાદ આપવામાં આવશે.

### જૂનાગઢ લોહાણા મહાજન દ્વારા જલારામ જયંતિની વિવિધ કાર્યક્રમો દ્વારા થશે ઉજવણી

કારતક સુદ સાતમ જલારામ જયંતી એટલે રઘુવંશી પરિવારને બીજી દિવાળી, જૂનાગઢ લોહાણા મહાજન દ્વારા આવતીકાલ તા.૮ નવેમ્બરના શુક્રવારે ૨૨૫મી જલારામ જન્મ જયંતી પ્રસંગે સામાજિક સેવાકીય કાર્યક્રમ, જ્ઞાતિ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂના માર્ગદર્શન હેઠળ યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં ૮ નવેમ્બરના શુક્રવારે માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે જલારામ બાપાની ઝૂંપડી સન્મુખ ૨૨૫ દીવડાની આરતી થશે. ત્યારબાદ શાશ્વત ભૂદેવોનું પૂજન કરી ભોજન પ્રસાદ પીરસવામાં આવશે અને ત્યારબાદ રઘુવંશી પરિવારો માટે સમૂહ જ્ઞાતિ ભોજન પ્રસાદ(નાત)નું આયોજન કરવામાં આવ્યું છે. સવારથી બપોર સુધી યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે ગૌસેવા, બીમાર ગાયો પશુ-પક્ષીઓની સેવા કરતી સંસ્થાઓ અને ગૌશાળાને ઘાસચારા દવા અને ચણ માટે ચેક અર્પણ કરવામાં આવશે. મેડિકલ કાર્યક્રમ અંતર્ગત સવારે ૧૧થી બપોરે ૨:૩૦ વાગ્યા સુધી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં રક્તદાતાઓ આરામથી રક્તદાન કરી શકે તે માટે એર કન્ડિશન બસની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ જૂનાગઢની મંગલમ ઈન વિદ્ર લેબોરેટરી દ્વારા થેલેસેમિયા પરીક્ષણ અને આરબીએસ(રેન્ડમ બલ્ડ સુગર)ની પણ વિનામૂલ્યે તપાસ કરવામાં આવશે. ૮ નવેમ્બર શુક્રવારે યોજાનાર સમૂહ મહાપ્રસાદ ભોજન કાર્યક્રમમાં 'જય જલારામનો નાદ ગુંજી ઉઠશે' કાર્યક્રમની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જલારામ જયંતી નિમિત્તે યોજાનાર કાર્યક્રમમાં જ્ઞાતિજનોને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂએ જણાવ્યું છે. જલારામ જયંતીના દિવસે યોજાનાર કાર્યક્રમમાં તમામ રઘુવંશી પરિવારોએ સહભાગી થવા અને જલારામ જયંતીના દિવસે વેપારી ભાઈઓએ ધંધા રોજગાર બંધ રાખી પ્રસંગમાં જોડાવા લોહાણા મહાજન પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂએ અનુરોધ કર્યો છે.

### હવેલી ગલી જલારામ મંદિરે અન્નકૂટ દર્શન

જલારામ જયંતીના દિવસે હવેલી ગલી ખાતે આવેલ જલારામ બાપા અને માતૃશ્રી વીરબાઈમાં મંદિર ખાતે દિવંગત સેવાભાવી ટ્રસ્ટ ચીમનલાલ મથુરાદાસ રૂપારેલીયા-ગં.સ્વ રેખાબેન ચીમનલાલ રૂપારેલીયા પરિવાર(ચંદન કેટરર્સ) તરફથી સવારે ૮ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

### જલારામ જયંતિ શોભાયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા બપોરે જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રાનું આયોજન

જલારામ જયંતી નિમિત્તે જલારામ જયંતિ મહોત્સવ શોભાયાત્રા સમિતિ દ્વારા ૮ નવેમ્બરના શુક્રવારે બપોરે ૪ વાગ્યે પોસ્ટ ઓફિસ રોડ ઉપર નવનિર્મિત થઈ રહેલા જલારામ બાપા તથા માતૃશ્રી વીરબાઈ માના મંદિરેથી ભવ્ય શોભા યાત્રા પ્રસ્થાન થશે. જે આઝાદ ચોક, એમજી રોડ, કાળવા ચોક, જયશ્રી રોડ, જલારામ સોસાયટી રોયલ પાર્ક ખાતે પૂર્ણ થશે.

### જૂનાગઢના જલારામ ભકિધામ ખાતે જલારામ જયંતિની શાનદાર ઉજવણી થશે


પૂજય જલારાબાપાની ૨૨૫મી જન્મ જયંતિ ૨૦૮૧ના કારતક શુદ ૭ તા.૮-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ ઉજવણી કરવા શ્રી જલારામ પરિવાર ટ્રસ્ટ દ્વારા વહેલી સવારથી મોડી રાત્રિ સુધી ધાર્મિક, આધ્યાત્યમિક, સામાજિક, સાંસ્કૃતિક, સમાજસેવા કલ્યાણલક્ષી, જ્ઞાતિ સંગઠન એવા અનેકવિધ કાર્યફમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારના મંગલા આરતી, અર્ચન-પૂજન બાદ પ્રથમ ધ્વજારોહણ, મેડીકલ કેમ્પ, નવા પ્રોજેકટ સોલાર રૂટ ટોપ, ભોજનશાળાના મેદાનનો ડોમ અને લીફટનું દાતા ડો. પી.એન. આહયા હસ્તે લોકાર્પણ અને તકતી અનાવરણવિધિ, બપોરના રાજભોગ ધરાશે અને રાજભોગ આરતી બાદ દ્વિતિય ધ્વજા રોહણ, અન્નકુટ દર્શન, મહિલા મંડળોના સંત કિર્તન, સાંજે ૨૨૫ દિવડા સાથે દેદિપ્યમાન સંધ્યા આરતી અને આરતી શણગાર સ્પર્ધા, સમગ્ર લોહાણા સમાજ અને અન્ય જલારામભકતો માટે સમૂહભોજન, મદેમાનોનું સ્વાગત અને દાતાઓનું સન્માન, આવા અલૌકિક પ્રસંગે પધારવા સર્વે ધર્મપ્રેમી ભાઈ-બહેનોને જલારામ પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રો. પી. બી. ઉનડકટ આમંત્રણ પાઠવે છે.


જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં પણ સોસાયટી, એપાર્ટમેન્ટ વગેરે સ્થળોએ પણ ઠેર-ઠેર પૂજય જલારામ બાપાનું પૂજન, આરતી, પ્રસાદના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે અને આ ઉપરાંત જૂનાગઢ શહેર ઉપરાંત જીલ્લાના બિલખા, કેશોદ, માણાવદર, વિસાવદર, ભેસાણ, શાપુર, વંથલી, માળીયા, બાંટવા સહિતના અનેક શહેરો અને ગામોમાં પણ પૂજય જલારામ બાપાની જન્મજયંતિની ભાવભેર અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. પૂજન, અર્ચન, આરતી, સમુહપ્રસાદ, ભોજન અને શોભાયાત્રાના કાર્યક્રમો યોજવામાં આવશે.

**પૂજન-અર્ચન-આરતી-પ્રસાદ-ભોજન અને શોભાયાત્રા સહિતના ઠેર-ઠેર કાર્યક્રમો : જય જલીયાણનો નાદ સર્વત્ર ગુંજી ઉઠશે**

# રેલ્વેમાં પાયલોટની નોકરી અપાવવાની લાલચ આપનાર નકલી આર્મી કેપ્ટન પોલીસના હાથે







## જૂનાગઢ, કેશોદ, માંગરોળના પાંચ વ્યક્તિઓ સાથે છેતરપિંડી કરી : પોલીસ તપાસનો ધમધમાટ

(ક્રાઈમ રિપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ, કેશોદ, માંગરોળ વિગેરે વિસ્તારમાં કેટલીક વ્યક્તિઓ સાથે છેતરપિંડી થઈ હોવાનું બહાર આવેલ છે. જેમાં આર્મીના કેપ્ટન હોવાનું જણાવી રેલ્વેમાં પાયલોટની નોકરી અપાવી દેવાની લાલચ આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવી હોવાનું બહાર આવેલ છે. જે અતંર્ગત જૂનાગઢ પોલીસે એક નકલી આર્મી કેપ્ટનની ઓળખ આપી ૬ લોકોને ખંખેરનાર એક શખસને દબોચી લીધો છે. પોલીસે આર્મીના કેપ્ટનની ખોટી ઓળખ આપનારા શખસ પાસેથી આર્મીની વરદી, નકલી નેમપ્લેટ, બોગસ આઈકાર્ડ કબજે કર્યા છે. આરોપીએ આર્મીના કેપ્ટન તરીકેની ખોટી ઓળખ આપી ૬ શખસને નોકરી અપાવવાની લાલચ આપી ૧૦ લાખથી વધુની છેતરપિંડી કરી હોવાનું બહાર આવતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢમાં રહેતો અને સ્પોર્ટ્સ સાથે સંકળાયેલો યુવક દિવ્યેશ ભૂતિયા થોડા સમય પહેલાં જલંધરમાં આયોજિત સાઈકલ સ્પર્ધામાં ભાગ લેવા માટે ટ્રેનમાં જઈ રહ્યો હતો ત્યારે ટ્રેનમાં આર્મીના ડ્રેસમાં સજ્જ પ્રવીણ સોલંકી સાથે મુલાકાત થઈ હતી. જે-તે સમયે પ્રવીણ સોલંકીએ પોતે આર્મીમાં કેપ્ટન હોવાની અને જમ્મુ-કાશ્મીરમાં ફરજ બજાવતો હોવાની ઓળખાણ આપી હતી. પ્રવીણ સોલંકીએ પોતાની પાસે રહેલી આર્મીની નકલી પે સ્લિપ, નેશનલ સિક્યોરિટી એજન્સીનું બોગસ આઈકાર્ડ અને આર્મીના યુનિફોર્મ સાથેના ફોટોગ્રાફ બતાવી વિશ્વાસમાં લીધો હતો. ત્યાર બાદ પોતાની દિલ્હીમાં ઓળખાણ હોવાનું કહી દિવ્યેશને સ્પોર્ટ્સ ક્વોટામાં રેલવેમાં લોકો પાયલોટ તરીકે નોકરી અપાવવાની લાલચ આપી હતી, જેના બદલામાં ૬ લાખ રૂપિયાની માગણી કરી હતી, પરંતુ દિવ્યેશના પરિવાર દ્વારા ૩ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. દિવ્યેશને રેલવે વિભાગમાં નોકરી અપાવી દેવાનો વિશ્વાસ આપી ૩ લાખ રૂપિયા લીધા બાદ પ્રવીણ સોલંકીએ નોકરી અપાવી ન હતી. લાંબા સમય બાદ પણ દિવ્યેશ ભૂતિયાને નોકરી કે પૈસા પરત ન મળતાં પોતે છેતરાયો હોવાનો અહેસાસ થયો હતો અને આ મામલે પ્રવીણ સોલંકી સામે જૂનાગઢમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. દિવ્યેશ ભૂતિયાની ફરિયાદ થયા બાદ પોલીસે તપાસ કરતાં દિવ્યેશની માફક અન્ય પાંચ લોકો પણ પ્રવીણની વાતોમાં આવી જઈ છેતરાયા હોવાનું સામે આવ્યું છે. પ્રવીણ સોલંકીએ દિવ્યેશની માફક પાંચ લોકોને નોકરી અપાવી દેવાની લાલચ આપી સાત લાખથી વધુની રકમ પડાવી લીધી હોવાનો ખુલાસો થયો છે. ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાએ જણાવ્યું હતું કે ઘણો લાંબો સમય વીત્યા બાદ ફરિયાદી દિવ્યેશ ભૂતિયાને જાણ થઈ હતી કે આ નકલી આર્મીમેન દ્વારા તેની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. એ સમયે આરોપી પ્રવીણ સોલંકીએ ફરિયાદીને આર્મી ડ્રેસના ફોટા મોકલી કહ્યું હતું કે જો તે પોલીસમાં ફરિયાદ કરશે તો તેને મુશ્કેલી પડશે, પરંતુ સમય વીતતા ફરિયાદીને નોકરી ન મળતાં અને પોતાનાં નાણાં ગુમાવ્યાંની જાણ થતાં ફરિયાદીએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો. એને લઈ નકલી આર્મીબેન વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારે જૂનાગઢ બી ડિવિઝન પોલીસ દ્વારા નકલી આર્મીમેન તરીકે પોતાની ઓળખ આપનાર અને આર્મી કેન્ટીન કાર્ડ, પગાર સ્લિપ, આર્મી યુનિફોર્મ, મોબાઈલ સાથે અલગ અલગ નકલી કાર્ડ સાથે પ્રવીણ સોલંકીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક દરમિયાન આ નકલી આર્મીમેને જૂનાગઢ, કેશોદ અને માંગરોળના પાંચ વ્યક્તિને નોકરી અપાવવાની લાલચ આપી ૭ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. ત્યારે ફરિયાદી દિવ્યેશ ભૂતિયા સહિત પાંચ લોકો સાથે છેતરપિંડી કરી અત્યારસુધીમાં દસ લાખથી વધુની છેતરપિંડી કરી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ત્યારે લોકોને અપીલ કરવામાં આવે છે કે આ નકલી આર્મીમેન પ્રવીણ સોલંકી દ્વારા હજુ પણ કોઈ વધુ લોકો સાથે જો છેતરપિંડી આચરી હોય તો આવા લોકો જૂનાગઢ એ ડિવિઝનનો સંપર્ક કરી આ વ્યક્તિ વિરુદ્ધ પોતાની ફરિયાદ નોંધાવવા જણાવ્યું છે.

# વંથલી : ગળાફાંસો ખાઈ પરણીતાનો આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢ જીલ્લાના વંથલી તાલુકાના કણઝાધાર નજીક બનેલા એક બનાવમાં એક પરણીતાએ ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર ભૂમિબેન મુકેશભાઈ ઉર્ફે ઉકાભાઈ પરમાર(ઉ.વ.૨૩)(રહે.કણઝાધાર તા.વંથલી)ને તેમના દિકરા શિવરાજ(ઉ.વ.૨)ને સારી રીતે સારસંભાળ રાખવાનું કહેતા ભૂમિબેનને લાગી આવતા તેમણે પોતાની મેળે પોતાના ઘરે ઝુંમર રાખવાના હુંકમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે મૃતકના પતિ મુકેશભાઈ ભૂપતભાઈએ પોલીસને જાણ કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોડીનારમા મોટર રીવાઇડિંગની બંધ દુકાનમાંથી અજગર પકડાયો

કોડીનાર તા.૭ :

રોણાજ રોડ ઉપર આવેલ મોટર રીવાઈડિંગની દુકાન માં ગત રાત્રિ ના મહાકાય અજગર ઘૂસી જતા પસાર થતા રાહદારીઓ ને ધ્યાને આવતા દુકાન માલિક ને જાણ કરતા દુકાન માલિકે વનવિભાગ ને જાણ કરતા જામવાળા વન વિભાગ ફોરેસ્ટર એમ.આર રાઠોડ ટીનાભાઈ અને અલીભાઈ સહિત ની રેસ્કયુ ટીમ તાત્કાલિક પહોંચી હતી અને દુકાન અંદર ઘૂસેલા અજગર નું રેસ્કયું હાથ ધરાયું હતું અજગર ને દુકાન અંદર થી બહાર કાઢી પાંજરે પુરાયો હતો. અજગર ની જાણ થતા જોવા માટે પહોચ્યા હતા.

વન વિભાગ દ્વારા અજગર ને જામવાળા એનિમલ કેર સેન્ટર લઈ જવાયો જ્યા તેને ફરી જંગલ મા મૂક્ત કરવામાં આવશે.

# જૂનાગઢમાં ૬૬ કેવી ફાટક પાસે હુમલો જાનથી મારી નાખવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢમાં ૬૬ કેવી ફાટક નજીક બનેલા એક બનાવમાં સામાન્ય બોલાચાલીમાં માર મારી ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે આપેલી વિગત અનુસાર ફરિયાદી શૈલેષભાઈ ધીરૂભાઈ સોલંકી(ઉ.વ.૨૨) રહે.૬૬ કેવી, અર્જુન પાર્ક, હનુમાન મંદિર પાસે, જૂનાગઢ વાળાએ આ કામના આરોપી કિસલો ખાંટ, આર્યન ઠેબા રહે.બંને સાબલપુર વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીને આરોપીઓએ કહેલ કે તને મહેતાનગર બાજુ જવાની ના પાડેલ છે તો તે બાજુ કેમ જા છો ? તેમ કહી આરોપી નં.૧ કિસલાએ પાઈપથી તથા આર્યન ઠેબાએ ધોકા વડે માર મારી પછાડી દઈ શરીરે નાની-મોટી ઈજાઓ કરી તેમજ ફરિયાદ કરીશ તો તને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના હેડકોન્સ્ટેબલ આર.એમ. ગરચર ચલાવી રહ્યા છે.


**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**



**શ્રી ગ્રામ પંચાયત - નાંદરખા**

**હાર્દિક નૂતન વર્ષાભિનંદન**

**આપણા નાંદરખા ગામનાં તમામ ગ્રામજનો ખેડૂત ભાઈઓ ખેત મજુરો તેમજ વ્હાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો એવમ્ આપણા ગામના બહાર શહેરોમાં વસવાટ કરતા તમામ મિત્ર મંડળ શુભેચ્છકો, સ્નેહીજનો, આપ સર્વેને આવતું નવું વર્ષ વિ.સ. ૨૦૮૧ સુખ શાંતિ અને સમૃધ્ધિમય નીવડે તેવી ઈશ્વરને પ્રાર્થના....**

**:: શુભેચ્છક ::**

સરપંચશ્રી
કે.ડી. લાડાણી

ઉપરસરપંચશ્રી
પ્રવિણભાઈ વાંસજાળીયા

ગ્રા.પં. સદસ્યશ્રીઓ

મંજુલાબેન અદોદરીયા
લાભુબેન દુદકીયા
અમીનાબેન સેતા
રમણીકભાઈ ભુત
ઈલાબેન ચનિયારા
મહેશભાઈ મુછડીયા
રમાબેન ભુત

- આપણા ગામને સ્વચ્છ, સુંદર ચોખ્ખુ રાખીએ.
- જન્મ-મરણ તેમજ લગ્નની નોંધણી અવશ્ય કરાવીએ.
- ગ્રામ પંચાયતનાં કરવેરા નિયમિત ભરપાઈ કરી ગામના વિકાસને આગળ ધપાવીએ.
- પ્લાસ્ટીક હટાવી વૃક્ષો વાવીને પર્યાવરણ બચાવીએ.
- ગામના વિકાસમાં સહભાગી બનીએ સૌ સાથે હળી મળીને રહીએ.